કુમાર

વર્ષ ૩૬ · અંક ૫ · મે · ૧૯૫૯ · તંત્રી બચુભાઈ રાવત

સળંગ અંક ૪૨૫

આવતી કાલનાં નાગરિકોમાં જ્ઞાન-સંસ્કારને ઘડતું માસિક · સંસ્થાપક રવિશંકર રાવળ





કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

વાચકો લખે છે...

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★એપ્રિલ અંક: 'દુરીઅન'ને અનેનાસ સાથે સરખાવવું અયોગ્ય છે. એ તો નક્કીપણે ફણસ જ છે–બરમીઝ ફણસ. સિયામ આદિ દેશમાં પણ થાય છે. ફણસ જેવું જ ફણસ, ને માંહી ચાંપાં જેવાં ચાંપાં. તેમાં ગોટલી જેવી ગોટલી,–જરા મોટી ફક્ત વિશિષ્ટતા એ કે (મગજ યા ધારી પર ઘી હોય છે તેમ) એ ચાંપાની છાલ પર મલાઈ જેવો જ, અતિમિષ્ટ થર હોય છે. ખૂબ ગળ્યો લાગે છે: શર્કરાયુક્ત મલાઈ.

એની દુર્ગંધ તમે લખી તેવી નથી, નરક જેવી છે.ને તેથી તેને સ્ટીમરકે વિમાનમાંસાથે લેવાની મનાઈ છે. પરદેશ મોકલાય જ નહિ. કિંમતના પ્રમાણમાં ખાદ્યમાલ અતિ અલ્પ.

, એ ઘણું ગરમ ફળ છે. એની ઉપર 'મંગુસ્તાન' (ફળ) ખાવું જ પડે; ન ખાય તો ગરમ પડે. દુરીઅન ખાઈ તે પર દારૂ પીનારા તુરત મરી ગયાના દાખલા સાંભળ્યા છે. બર્મામાં કેવળ દુરીઅન ખાવાની ઉજાણી પણ થાય છે જ્યારે લોકો ૨૫-૫૦ ફળનો ઘાણ કાઢી નાખે છે.

નીલગિરિમાં ભલે એને ઉગાડી શક્યા, ઇતરત્ર–રાંદેર આદિ ગામોમાં તથા બીજે એને ઉગાડવાનો યત્ન નિષ્ફળ ગયો છે.

બૅંકોકમાં તા. ૧–૧૦–૫૬ને રોજ મેં લગભગ અધમણિયું દુરીઅન જોયું હતું. કિંમત ૮૦ ટીક્લ–લગભગ ૨૧ રૂપિયા! મોસમમાં–જુલાઇથી સપ્ટેમ્બર–જ આવે છે. બર્મામાં ખૂબ થાય છે ને ઢગલે ઢગલા વેચાય છે.

(સૂરત) —નટવરલાલ માળવી

દુરીઅન વૈદકીય રીતે ઘણું જ ઉપયોગી ફળ છે. તે ખાવાથી પુરુષાતનશક્તિહીન માણસને પુરુષાતન મળે છે. દુરીઅન ખાધા બાદ તરત જ મુગલિસ્તાન નામનું ફળ ખાવું પડે છે. તે ઘણું ઠંડું છે અને દુરીઅનની ગરમીનું મારણ છે. એક દુરીઅન બરોબર ચાર મુગલિસ્તાન ખાવાં પડે છે: એકલું દુરીઅન ખાવાથી શરીરમાં ગરમી ફૂટી નીકળે છે. મુગલિસ્તાન એ કોઠાના જેવું ફળ છે.

દુરીઅન પાક્યા બાદ બેથી ત્રણ જ દિવસ રહે છે. પછી ફાટી જાય છે ને ખૂબ દુર્ગંધ મારે છે. બાદ તેને ફેંકી જ દેવામાં આવે છે.

(પોરબંદર) —હરિલાલ કે. રાવળ

૪૨૩મા અંકમાં ચંદ્રવદન મહેતાની 'દાંડીયાત્રા' સાથે કનુ દેસાઈનું સૂચક ચિત્ર, દાંડી કૂચનાં સ્થળો બતાવતો નકશો, ૭૯ સત્યાગ્રહીઓનો ગ્રૂપ-ફોટો, કૂચના પ્રારંભની તસ્વીર, આખરીનામાનો પત્ર લખતા ગાંધીજી આદિ અત્યંત ઉપયોગી ઉપકારક સામગ્રી પૂરી પાડી છે.

આ અંગે એક સૂચન: જે ૭૯ સૈનિકોને પૂજ્ય બાપુજીએ દાંડીકૂચ માટે પોતે ચૂંટ્યા હતા, તેમનાં શુભ નામ જાણવાની ઉત્કંઠા હરકોઇને થાય એ સ્વાભાવિક છે. આપ એકાદ અંકમાં એ નામાવલિ છાપશો તો આભારી થઇશ. ઉપરાંત, શક્ય હોય તો જે અંગ્રેજ યુવાન મારફતે પૂજ્ય મહાત્માજીએ તા. ૨૭ માર્ચ ૧૯૩૦નો પત્ર વાઈસરૉય સાહેબને પહોંચાડચો હતો તેમનો–રૅાજીનૉલ્ડ રેનૉલ્ડ્ઝનો ફોટો પણ છપાએલો જોઇ આનંદ થશે.

એપ્રિલ અંકમાં 'દુર્ગારામ મહેતાજી'માં ૧૨૯મે પાને, વચલી કૉલમમાં, દુર્ગારામ ને ગોવિંદરામના સંવાદમાં દુર્ગારામ "અઢીસોનું દસ આના" વગેરે જવાબ આપે છે તેમાં વ્યાજની ગણતરીમાં ભૂલ હોય એમ લાગે છે. નેવું આનાને બદલે નેવું રૂપિયાનું વ્યાજ કાઢી તે બાદ કરતો હોય એમ લાગે છે.

(બગવાડા) —નગીનભાઈ પારેખ

એપ્રિલ અંકમાં 'આધુનિક શિલ્પ' વિષે 'વાચકો લખે છે' તે વાંચ્યું. આધુનિક શિલ્પમાં ચહેરો કે સ્પષ્ટ આકૃતિ વિના રેખાઓનું જ લાસ્ય બતાવાય છે તેમાં તો કૈંકે ય સમજ પડે છે, એટલું જ નહિ પણ કુદરતમાં વળાંક આકર્ષક છે એમ પુરવાર કરવાની સાથે ગતિ કે લયનું યે તે ભાન કરાવે છે. પરંતુ 'આધુનિક ચિત્રકલા'માં તો માત્ર ચિત્રકાર પોતે જ સમજી શકે એવું રેખા ને રંગનું કામ હોય છે—જાણે બાળકોએ સમજ્યા વિના તાણેલા લીટા ને લપેડા! પ્રેક્ષકને તેમાંથી કશું મળતું નથી.

આજના જ એક ઊગતા જાણીતા કલાકારને મેં પૂછ્યુ હતું ત્યારે તેમણે કહ્યું હતું કે 'આધુનિક કલા'માં કલાને બગાડવામાં જ આવે છે એમ હું તો સ્પષ્ટ કહું જ છું.

આ ઉપરાંત કવિતામાં પણ જો 'વાક્યમ્ રસાત્મકમ્ કાવ્યમ્' એ સૂત્ર સાચું હોય તો જેમાં મુદ્દલ રસ જ ન હોય તેવાં શુષ્ક, માંગલ્યની કે પ્રાસાદિકતાની કશી જ અસર વિનાનાં કથનોને કવિતા કહેવાય ખરી? એવાં કાવ્યોના સર્જકોની પ્રતિભા વિષે કશું કહેવાનું નથી, માત્ર સર્જનનું જ મૂલ્યાંકન–પ્રકાર પૂરતું વિચારવાની જરૂર નથી લાગતી? નાવીન્ય જોઇએ, અપૂર્વતા જોઈએ, એ કબૂલ; પણ તે નીરસ કે બીભત્સ, જુગુપ્સાપ્રેરક જ શા માટે? જોકે સંસ્કૃતમાં બીભત્સને પણ 'એક' રસ કહ્યો છે એટલે કાવ્યમાં એનો સમાવેશ થાય ખરો! બીભત્સ એટલે ભૂંડું—અશ્લીલ નહિ. પણ મૂત્ર–શોણિત વગેરેવાળું ગંદું–ગોબરું. આ વિષે કોઈ પ્રકાશ પાડશે? આપને શું લાગે છે? કવિ ગાલિબને હકીમ આગાજાને કહેલું કે:

અગર અપના કહા તુમ,
આપ હી સમઝે તો ક્યા સમઝે.
મજા કહનેકા જબ હૈ, એક કહે,
ઔર દૂસરા સમઝે.

કલા ને કાવ્યમાં ભાવકને કૈંક મળવું ન જોઇએ?

(ભદ્રેશી) —દિનકર વૈદ્ય: મીન પિયાસી

'કુમાર'માં આવતાં ચરિત્રચિત્રણો ઘણાં જ રસદાયક છે. શું ચરિત્રચિત્રણો ફક્ત પરદેશીઓનાં જ આપી શકાય? આપણા ભારતીય લેખકો, કવિઓ, નેતાઓ, ખેલાડીઓ તથા ઘણી અગત્યની વ્યક્તિઓનાં ચરિત્રચિત્રણો નથી દોરી શકાતાં?

'કુમાર' સાહિત્યના, કલાના તથા આધુનિક કામના લગભગ બધા વિષયો પર લેખો આપે છે, છતાં એક વિષય તો સાવ અળગો જ રહે છે: 'રાજકીય સમાલોચના'.

(કમ્પાલા) —સૂર્યકાન્ત સોનેજી

[* ભારતીય ચરિત્ર-ચિત્રણો જેવી ઘણી ચિત્રમાળાઓ અમારા તરફથી તૈયાર કરવાનું મન છે. પણ...એ ફરિયાદ કરવામાં માલ નથી. ઉચિત કક્ષાની એવી માળા 'નિયમિત' અમને આપવાનું કોઇ ચિત્રકાર બંધુ સ્વીકારે તો અમારું જાહેર આમંત્રણ છે. પુરસ્કાર સાથે.

રાજકીય પક્ષો આપણા દેશમાં જે રીતે ચાલે છે તેની વિતંડામાં ઊતરવા કરતાં જ્ઞાનસંસ્કાર-પોષક સાહિત્ય આપવું જ ઇષ્ટ છે.]


એક વખત 'કુમાર'માં વરસાદની આગાહી કરતી લોકોક્તિ વાંચેલી. તેમાં કઈ ઋતુમાં કેટલો વરસાદ પડશે તેની આગાહી છે. પરંતુ અમુક ચોક્કસ સમયે કેટલો વરસાદ આવશે, તે તેનાં ચિહ્ન ઉપરથી બતાવતી સીધા અર્થવાળી લોકોક્તિ નીચે પ્રમાણે પ્રચલિત છે:

પૂરવ પલાળે પાઘડી, પશ્ચિમ તોડે પાળ;
ઉત્તરે સરવર ભરાય, દક્ષિણ છાંટા ચાર.

(અમદાવાદ) —જિતેન્દ્ર શાહ

માર્ચ અંકમાં ઇન્દિરા ગાંધીનો પરિચય આપતા લેખનું શીર્ષક 'રાષ્ટ્રાધ્યક્ષા' આપ્યું છે, એ શું યોગ્ય જણાય છે? ઇન્દિરા ગાંધી કૉંગ્રેસ પક્ષનાં પ્રમુખ છે, રાષ્ટ્રનાં નહિ.

(નડિયાદ) —રમેશભાઈ પટેલ



આશાતંતુનો કેદી

કલાકાર · સ્વ. કાન્તિલાલ દવે

(શ્રી જિતેન્દ્ર મહેતાના સંગ્રહમાં)

થોડા માસ પર અવસાન પામેલા નડિયાદના એક (મુકાબલે) અજ્ઞાત પણ (ભાવનાદૃષ્ટિએ) સાચા કલાકાર શ્રી કાન્તિલાલ દવે (જેમનો પરિચય આ અંકમાં 'કલાવાર્તા'માં આપ્યો છે) બાહ્ય જીવનનાં ચિત્રો કરતાં જીવનનાં મંથનો, રહસ્યો, માનસિક વ્યાપારો આદિ વ્યક્ત કરવા મથતા. તેમની એવી કૃતિઓ પૈકીની એક શ્રેષ્ઠ કૃતિ આજથી ૨૧ વર્ષ પર 'કુમાર'માં પ્રકટ થએલી તે એમને અંજલિ આપતાં અહીં ફરી પ્રકટ કરીએ છીએ. ચિત્રનું અભિધાન જ તેનો ભાવ સ્પષ્ટ કરી દે છે.



ગ્રીષ્મસૌન્દર્ય

કલાકાર · સોમાલાલ શાહ

એકેએક ઋતુને પોતાનું આગવું સૌન્દર્ય હોય છે, પણ આપણી દૃષ્ટિ તેને અભિમુખ ન હોવાથી આપણે તે માણી શકતા નથી. ઉષઃકાળનું, સંધ્યાનું, ચાંદની રાતનું કે તારાંકિત અંધારિયાનું સૌન્દર્ય સાહિત્યમાં નિરૂપાયું હોઈ આપણે તેને અભિમુખ થયા છીએ; એ જ રીતે મધ્યાહ્નમાં પણ કાવ્ય હોય છે, અને તે ય બળતા ઉનાળાના બપોરમાં પણ માણી શકાય છે. થોડાં વરસો પર કાકાસાહેબ કાલેલકરે 'કુમાર'માં એક લેખ લખીને તેની પ્રતીતિ કરાવી હતી. આ ચિત્રમાં ધરિત્રીના હૃદયના ધબકાર જેવી ઊંચીનીચી ભોંય પર, પર્ણહીન ઝાંખરાં જેવાં ઝાડોની વચ્ચે થઇને વહેતી ગાળીમાં, બકરાંગાડરુના વાઘને હાંકી જતા ભરવાડ દંપતીનું રૂના પોલ જેવું નાનકડું દૃશ્ય ચૈત્રી મધ્યાહ્નના સોને રસેલી ટેકરીઓની ગોદમાં કેવું આહ્લાદક લાગે છે તેનો રસ પીને કલાકારે તેની કટોરી આપણા માટે ધરી છે.

પચાસ પછી—

સુન્દરમ્

· મિશ્ર ·

પચાસ: પૃથ્વી તણી પાદયાત્રા
પૂરી હવે તો કરવી ઘટે ન શું?
ને ભૂમિને સ્વર્ગતણી સ્વર્ણિમાનાં
સ્વપ્નો વિષે શું મૂકવી ઘટે ના?

આ નાચી આંખે જગને નિહાળવું
પૂરું હવે શું ન જવું થઈ ખરે?
ને દેહની બદ્ધ દીવાલ ભીતરે
શું પ્રાણ ના વ્યાકુલ થાય છે, રે!

આ આટલાં વર્ષ વિષે ધરા અને
ધરા તણાં માનવ ના પિછાણ્યાં?
ને જિન્દગીનાં જલની અનેકરાઃ
લીલા હવે બાકી રહી શું જાણવી?

મનુષ્યની મ્હોબ્બત માણવાનું
પૂરું હજી પર્વ નથી થયું શું?
ને બુદ્ધિનાં આ શ્રમણોની ભાળ શું
અશેષ લાધી ગઈ ના હવે ય?

માયા તણી મોહક ચમૂઓ હા,
હજી ય એવી જ રહી શું તર્પક?
ને ચિત્તની ચંચલતા પરે શું
હજી ય બેઠી નહિ શાંતિની શિલા?

આ પથ્થરોમાં પ્રભુ પેખવાની
વિમૂઢતાનો હજી અંત ના બન્યો?
કે સંશયોની મધુરી સુરાવલિ
બ્હેકાવનો જીવ મટ્યો ન શું શઠ?

આ નાર–આ ક્ષાર: સુબુદ્ધિ એટલી
લાધી હજી શું ન? ધરાની ધૂળને
માથા વિષે શેં ભરવા તણી ક્રિયા
બાલ્યે કરી, તે કરવી હજી ય શું?

•

હે આત્મ મારા!
આવો હવે પાંખના પ્રાર્થના કરો,
ને પાંખ પે એ પ્રભુની સવારી હો,
આ જિન્દગી વાહન ઈશનું હો,—
પ્રાર્થી રહો, ઝંખી રહો, પળેપળ.

ધરા તણી ધૂળ, સદાય પૂજ્ય એ,
એ ધૂલિથી સૌ નિપજંત આંહીં,—
આ પુષ્પ, આ સૌરભ, આ રસો સૌ,
આ અંગ, આ રક્ત, મનુષ્યદેહ આ.

કિન્તુ ધરાના સહુ સપ્ત રંગ એ
વિસ્તાર છે એક જ સૂર્ય-રશ્મિના:
છે સૂર્ય તો આ ધરતી અહીં રહી,
છે ઈશ તો આંહિં મનુષ્ય આ રહ્યો.

આ કોલસો જેમ યથાર્થ હીરક,
મનુષ્ય આ તેમ યથાર્થ ઈશ છે:
એનો અણુ વિસ્ફુટ કોઈ જો કરે,
નિતાન્ત તો બ્રહ્મ ત્યહીંથી નિર્ઝરે.

શતં અહો જીવીશું સ્વર્ણના શરદ્,
ન કાકની જેમ સદા બલિ ચહી;
ના, હંસની જેમ સમૂર્ધ્વ વાધતાં,
વ્યોમોતણાં ભીતર ભેદી લાવશું.

મનુષ્યને આ કરશું ત્રિનેત્ર હા,
ને ચિત્તને દેશું પરાચિતિ કો;
એના પગે પાંખ પ્રકાશની હશે,
મનુષ્ય આ ગર્ભ-હિરણ્ય થૈ જશે.

ને ઊર્ધ્વ મૂલેથી ઝૂલંત વિશ્વના
અશ્વત્થના પર્ણ-પુટે સૂતેલા
બાલપ્રભુ સૃષ્ટિ નવીન સર્જશે.
બીજાં પચાસે—પ્રલયાન્તની પછી
આ પૃથ્વી આખી પલટાઈ હા જશે.

•

પ્રાર્થી રહું અંતર મૂકતામાં,
ને દેવ, હું એક જ શબ્દ ઝંખું—
મારી અને આ ધરતી સમસ્તના
આ આરજૂને ઊચરો 'તથાસ્તુ'.

ઘર કર્યું બાકી!

આ બેતમા
ને બેવફા
ધરતી તજીને ચાંદમાં જો
આપણે તો
ઘર કર્યું સાકી!
ને હવે શું સાંભળું છું?
બેરહમ
ને બેશરમ
લોકો જવા તૈયાર ત્યાં યે!
કહે હવે
તારે અને મારે
રહ્યું છે
ઘર કયું બાકી?

જતીન્દ્ર આચાર્ય

જહાંગીર-શા'જહાં

પ્હેલાં પધાર્યા'તા જહાંગીર
ને પછીથી શા'જહાં
ફેર તેથી એટલો બેમાં રહ્યો:
એકની આગળ જહાં
ને અન્યની પાછળ જહાં!

રતિલાલ 'અનિલ'

સ્મશાનમાં

· પૃથ્વી ·

અહીં ભડભડે ચિતા; સમય-અગ્નિ-જિહ્વા થકી
સુતીક્ષ્ણ અણીદાર દંષ્ટ્ર થકી ભક્ષ્ય જે કૈં બચ્યું
ચિતાગ્નિ અત્ર ચાટતો કૃશ શરીર તે ઝાળથી:
વૃકોદર સમાન મૃત્યુસિંહ ઉદરે સૌ પચ્યું.
નિહાળી રહું હિંસ્ર કો પશુ શું મૃત્યુનું ભક્ષ્યપે
નિરાંત થકી બેસી ભીતિ વણ ભક્ષ્ય વાગોળતું.
શિખા અનલકેરી–વાળ–નિજ ઊર્ધ્વ ફંગોળતું,
તિખારદશનો સુપીત ચળકે, લિયે લક્ષ્ય પે
જરી નજર ફેરવી તરસી રે અમો ડાઘુને.
કશું મરણ? જોઉં આ વહી જતી નદી, દૂરથી
અવ્યક્ત થકી ઊપજી મળતી દૂર કો સિંધુને
અવ્યક્ત; બસ મધ્યમાં પ્રગટ વ્હે જતી પૂરથી.
વિચારી રહું: ચેતનાપ્રવહ નિત્ય વેલાકુલ,
નિહાળી રહું ત્યાં ફૂટ્યા ભસમભોમ શષ્પાંકુર!

ઉશનસ્

પૂછી બેઠા!

તમારી વાતમાં અમને સરસ અણસાર મળતો'તો,
અધીરા કૈં થયા એવા કે બસ સૂરત પૂછી બેઠા!
અરે તસવીર દોરાતી જતી'તી એક સુંદર ત્યાં,
નકામા વ્હાલથી તસવીરની રેખા ભૂંસી બેઠા!

રતિલાલ 'અનિલ'

તેડું

· ગાન ·

માઘમાં મેં મોકલ્યાં તેડાં, "આવો તો ગોરી!
ફાગુનમાં રમિયે ગુલાલે!"
"ચૈતર ચડશે રે અમે આવીશું, રાજ, તારે
ધૂળિયે તે રંગ કોણ મ્હાલે!"

"આવો તો રંગ નવો કાલવિયે સંગસંગ,
છલકાવી નેણની પિયાલી;"
"વેણુ કેરી રેશમની જાળમાં ધરે ન પાય
આ તો છે પંખણી નિરાળી."

"આવો તો આભ મહીં ઊડિયે બે આપણે, ને
ચંદરનો લૂછીએ રે ડાઘ;"
"નાનેરી જિંદગીના ઝાઝેરી ઝંખનાનો
મારે ગાવો ન કોઈ રાગ."

"આવો કે અંમથી ઉકેલી ના જાય, તમે
પાડી'તી ગાંઠ જે રૂમાલે."
"આવું બોલે તો મને ગમતું રે, વ્હાલથી
આવ્યા વિના તે કેમ ચાલે?"

હરીન્દ્ર દવે

જુઠ્ઠું

કાઢી પુરાણું તવ શસ્ત્ર જુઠ્ઠું
કહે તો દીધું: 'ચાહું નહીં તમોને.'
રે કિન્તુ—
કશે છુપાવ્યું જયમ કોઈ બાલ
લવી ઊઠીને નિજને જણાવી દે
નિર્દોષભાવે અણીને પ્રસંગે,
રે તેમ મારું ઉર જે તમોએ
છુપાવિયું, તે તમ નેત્ર પાલવ
ખસેડી થોડો, ઊઠતું વદી અવ
'જુઠ્ઠું … જુઠ્ઠું'.

ભાનુપ્રસાદ ત્રિવેદી

હડતાલ

· પરંપરિત ઝૂલણા ·

હોલવાઈ ગયાં હોય પેટાવિયાં
કોડિયાં(હારમાં)
તેવી આ દુકાનો જણાયે;
અંધકારે વર્યાં, શેષ પતંગિયાં
(આથડે આભમાં)
તેવા કૈંક લોકો ભમે છે.

રઘુવીર ચૌધરી

... સમાજ સુધારણા દ્વારા

ગુજરાતના એક ગૌરવગુરુ બનેલા, ભારતના ગણનાપાત્ર પત્રકાર અને પ્રતિનિધિ

[ભીખીબાઈ રડે છે.]

પપ્પા : દીકરાં મારાં, કેટલું રડસે? બહુ રડી, તું બહુ રડી; પન મને હવે વાત તો કર.

ભીખીબાઇ: શું વાત કરું મારા પીદર! મા વિનાની દીકરી છું.

પપ્પા : માય ને બાપ બંનેમાં જે ગને તે હું તારો પીદર હયાત બેઠો છું. મારાથી બનસે એટલું તારે વેરે જરૂર કરસ, આજે મારી પાસે જે કંઈ પૂંજી છે તે, દીકરાં, તારી જ સમજજે. પન મને માંડીને વાત તો કહે.

ભીખીબાઈ: ઓ...ઓ...ખુદા...

પપ્પા : રડ નહિ દીકરા, રડ નહિ. નાનલો બાબો ઉંઘાયચ તે જાગી જસે. બીચારો!

ભીખી૦ : બીચારો! ખરેખર, મારી પાસે જે કંઇ રાંકનું રતન હોય તો આ એક ફરજંદ.

પપ્પા : દીકરી ભીખી, તું સું બોલેચ?

ભીખીબાઇ : પપ્પા, મારું નસીબ જ ફૂટેલું! તમે તો હોંસ કરી સારે ઘેર પરણાવી, પણ...

પપ્પા : ઓ ખુદા! બિચારા ધનજીશાહ–ધનજીભાઈ–ધનજીભાઇ પટેલ! ભીખાં–મારી દીકરી ભીખાં! પન એકાએક શું થઈ ગીયું. એવન તો ગાયકવાડ સરકારમા...

ભીખીબાઇ : નોકરીએ તો ઠીક સુખી હતા. દફતરમાં ભલે કારકુન હતા, પન સુખનો રોટલો લાવી ખવાડતા હતા. સરકારમાં એમને માટે સારી લાગણી પણ હતી.

પપ્પા : પછી?

ભીખી૦ : એક દિવસ એ દફતરમાંથી ઘર પધાર્યા અને તાવમાં પટકાયા.

પપ્પા : ઓ ખુદા!

ભીખીબાઈ: મેં બહુ ચાકરી કરી, પણ પરવરદિગારે મારા પર રહેમ નજર નહિ કરી.

પપ્પા : ઓ...ઓ...

ભીખી : અને એ સીધાવી ગયા! ઓ... મારા ધનજી–મારા ભાયગજી... મારા ભરથાર!

પપ્પા: ભીખી! જેવી પરવરદિગારની મરજી. મારી નજર સામે મારી દીકરી પર આ બોજ?! આવ, આવ મારી બેટી. ઓહ! મારા મસ્તક પર આભ કેમ નથી તૂટી પડતું! ઓ ખુદા, મેં નેકીથી જિંદગી ગુજારી છ; મેં કોઇનું બૂરું—

ભીખી૦ : મારા ધનજી પણ એવા જ નેક કામના કરવાવાળા ઇમાનદાર આદમી હતા.

પપ્પા : ને છતાં આય બોજ!—આ મારી ભીખઈ, મારી કમનસીબ બેટી.

ભીખી : આ એક આટલો બેટ્ટી બુચો મૂકી ગયા. આટલા પાંચ વરસના ફરજંદ સામે પણ કુદરતે નહિ જેયું. ઓ...ખુદા ઓહ...

પપ્પા : સિતારાની ચાલની કોઇને ખબર પડતી નથી. કુદરતની મરજી વિરુદ્ધ આદમી કદી થઈ શકતો નથી. ઓ મારી રાંક બેટી, ધીરજ રાખ, તારા પીદર પર ભરસો રાખ. મારા ઘેરમાં તને આશરો છે. આય ઘર તારું જ સમજીને રહે. તું છે તો હું છું.

ભીખી૦ : મારા પિતા, મારા પિદર, હું તમને જરા બી ભાર રૂપ નહિ પડું.

પપ્પા : એવું ના બોલ, દીકરી; તારા મનમાં જરા બી ઓછું નહિ આણ. આય ઘર તારું જ છે. તારી ફરજ હવે આ નાનલા બે'રામને ઉછેરવાની છે. ધનજીભાઈ પટેલ તો ગીયા, પણ આ તારા પર ફરજ નાખીને ગીયા. એમની નેમ તું હાંસલ કર, દીકરાનું જતન કર, એ ખાનદાનનું નામ રાખે એવી રીતે તું એનો ઉછેર કર.

ભીખી : પપ્પા! એવું એવું યાદ આવે છે!

પપ્પા : દુ:ખનું ઓસડ દા'ડા દીકરાં. એ ગમખ્ખાર બનાવ કયારે બન્યો?

ભીખી૦ : આજ વીસ દિવસ થયા પીદર.

પપ્પા : તે તુ આટલા વખતમાં વડોદરાથી અહીં સૂરત કઈ રીતે પૂગી?

ભીખી : પગે ચાલીને'સ્તો, બીજું શું કરું?

પપ્પા : દીકરા કાગજ લખીએ ને?

ભીખી : કાગળ વળી કેટલો વહેલો પહોંચતે? એ પણ ટપ્પીઆ સાથે જ મોકલવો પડતે.

પપ્પા : તે તુ બધો રસ્તો ચાલીને આવી?

ભીખી : તો શું કરું, પપ્પા. સિગરામ કે ગાલ્લી કરું તો પૈસા કેટલા બધા બેસે? આ એક પોટલું અને બુચો—

પપ્પા : અરેરે, તેં ભલી હિંમત કરી! હજી ગઈ સાલ તો રસ્તે મારામારી, તોફાન, લૂંટફાટ ચાલુ હતાં—

ભીખી : હારે પપ્પા. ૧૮૫૭ની સાલ તો આપણાથી કદી બી નહિ ભુલાશે. કહે છે કે આખા હિન્દુસ્તાનમાં બળવો ફાટી નીકળ્યો હતો. વડોદરામાં રોજ બ રોજ જાતજાતની અફવાઓ આવ્યા જ કરતી હતી.

પપ્પા : કંઈ લોક કપાઇ મૂઆ. દેશી તેમજ અંગ્રેજી બને લશ્કરે સારો માર ખાધો. કહેચ કે આપરી બાજુ એટલું બધું નહિ હતું, પન ઉત્તર તરફ તો...

ભીખી : શું ઉત્તર!—પપ્પાજી, કહે છે કે તાત્યા તોપી વડોદરા પાસેથી જ નીકળી પેલી ગમ નર્મદા પાર ઊતરી આ તરફ આવ્યા હતો. નાનલો બહેરામ ત્યારે પૂરા ચાર વરસનો.

પપ્પા : હા રે! જેની '૧૮૫૩માં એનો જન્મ, તું '૫૩ની આખરે સુરતથી વડોદરે ગઈ. બુચાને મેં ત્યાર બાદ આજે જ જેયો.

ભીખી : હમને તો એવી ચિંતા થાય કે શું થશે! ઘર બાહાર જરા પણ રમવા મોકલાય નહિ. ગામગપાટા, અફવા અને લડાઈના ભણકારા ચાલુ આવ્યા જ કરે. એ દફતરમાંથી આવે ત્યારે રોજ કંઇ ને કંઈ બાતમી લાવ્યા જ હોય. બિચારા બેહસ્તી...(ડૂસકું).

પપ્પા : જે, પાછી? ! દીકરી મારી, શાંત થા. ખુદાનો પાડ માન કે તું સહીસલામત આવી.

ભીખી : પૈસા નહિ, અને બુચો નાનલો. બીક તો એવી લાગે! એના જનમની સાલમાં જ વડોદરામાં ગુલામીનો ધંધો નાબૂદ કરવાને બ્રિટિશ સરકારે ગાયકવાડ રાજ્યને ફરજ પાડી. પણ મૂઆ છાનામાના બચ્ચાંને પકડી જનારા રસ્તે કયાંક અફળાઇ જાય, એની તો મને એવી ધાસ્તી લાગ્યા કરતી! આ ખુદા!

પપ્પા : તે તું કયે રસ્તે આવી?

ભીખી : ભરૂચ થઇ, નદી હોડીમાં પાર કરી. તાપી પણ એમ જ ઓળંગી. શું કરું? મીયાંગામ આગળ કેટલાક લોકોના ટોળા રસ્તા પર કંઈ ઊંચા ઊંચા લોખંડના થાભલા દાટતા હતા.

પપ્પા : તારના થાભલા. સુરતથી વડોદરા, ને પછી અમદાવાદ, આગગાડીના પાટા સાથે સરકાર તારના થાંભલા બી નાખેં ચ. પછી તો લોકોને આવનજાવનની સારી સગવડ થસે. હાં–તે?...

ભીખી : મને પહેલાં તો બીક લાગી, કે ફસાયા. પણ એમની બાજુમાં, ગુલામીનો કાયદો નાબુદ થયો એની ખુશાલીમાં કેટલાક લોકો ઉજાણી કરતા હતા.

પપ્પા : રોજના પાચેક માઈલ ચાલતી હતી!

ભીખી : કોઈ દિવસ પાંચ, તો કદી સાત કે દસ બી કરી નાખીએ. જેવી મરમશાળા. બીજું કરું પણ શું? રસ્તો એકલો, ખાવાનું પકાવતા રહેવું, ને નાનલા બહેરામની સંભાળ.

પપ્પા : અરેરે! તેં તો આ જેનવર જેખમદારીનું ભારે કામ કીધું. વડોદરાથી આવા ડગામગમાં ચાલતા સૂરત આવવું? ઓ ખુદા!

ભીખી : રસ્તો ઠેકાણા વગરનો. કેટલોક સારો, કેટલોક ખેતરાંમાંથી. કયાંક સથવારો મળી જાય તો સારું, નહિ તો એમજ–એકલાં.

પપ્પા : બુચાને દૂધ–

ભીખી : દૂધ? મળ્યુ તો ઠીક. બાકી દૂધ કયાંથી લાઉ! કદીક તો પાણીના બી વાખા પડે

બહેરામજી મલબારી

રેડિયો નાટિકા
ચન્દ્રવદન
મહેતા



એવા સંજોગો પણ વેઠયા. કોઈ કૂવા આગળ-થી ભરી લઉં; પણ તે પાછું મારે જ ઊંચકવાનું.

પપ્પા : અને મારો બચુકલો બે'રામ?—સૂઇ જા, સૂઇ જા દીકરા—સૂઇ રહે. બિચારો થાકીને લોથ થઈ ગીયો હોસે.

ભીખી : એને ચલાવાય પણ નહિ.

પપ્પા : ને પાંચ વરસનું બચ્ચું, ચાલે તો બી કેટલું?એમ કહેની તે કંઇ માંદો નહિ પડીઓ!

ભીખી : એમ તો ચાલ્યા કરે. પણ મેં તો પરવર દિગાર પર આધાર રાખી મજલ કાપ્યા કરી. અરે રે! મારા પર ખુદાનો આ શો કોપ?

પપ્પા : ધીરજ રાખવી, દીકરાં. દુ:ખમાં ધીરજ રાખવી. ચલ ઊઠ, બીજી વડોદરાની વાતો પછી કરીસું. પહેલાં જરા ઠામ ઠેકાણે પડ. આય ઘર તારું જ સમજજે. ને નાનલા બહેરામની કાલજી કરજે. હવે તારી એક જ ફરજ સમજી સંસારનો નવો સફો ખોલજે.

ભીખી : સંસાર તો મારો સળગી ગયો; પપ્પા બધું બળીને ખાખ થઈ ગયું.

પપ્પા : પણ આય એક ધનજીભાઈ પટેલનું ફરજંદ—મારો બચુકલો બિલ્લી—બહેરામ! એ કેવો ચહેરેમોહરે મને સારો લાગે ચ! મોનું જ કહેચ કે મોટો થસે ને ભારી નામ કાઢસે. ખરેખર, કિરતારના રાહ ઓર જ છે!

[ગુજરાતી ભજન : ૪૫ સેકન્ડ...]

ભીખી : એ કોણ ગાય છે, પપ્પા?

પપ્પા : પરોસમાં એક બાવો રે'ચ જાત-જાતના ખયાલ કલગી અને તોરા બનાવેચ બી, અને ગાયચ બી.

ભીખી:નાનપણમાં ખયાલ કલગી તો અહીં સૂરતમાં બહુ સાંભળી હતી. હજી પણ ખયાલ કલગીની મજલિસો થાય છે કે?

પપ્પા : દીકરા, સૂરત શહેરમાંથી ખયાલ કલગી તો કદી બી ઓછાં થશે નહિ. કિરતાર-નાં ગુનગાન ગાવાની એ પણ એક રીત છે. [ભજનચાલુ મોટેથી : ૪૫ સેકન્ડ; પછી એમા વાવાઝોડા-તોફાનની ઇફેક્ટસ,યા બિથોવનની સિમ્ફોની ટાઇપનું તોફાનનું સંગીત. ૩૦-૪૫ સેકન્ડ-એના વધતા જતા ટેમ્પોમાંથી...]

અવાજો : આગ લાગી! આગ...આગ...! દોડો...નાસો...બચાવો...

[કોલાહલ;બે ત્રણ સેકન્ડ તદ્દન શાંતિ; પછી-]

ભીખી : હું જ નેસ પગલાંની! હું જ નેસ પગલાંની, ખરું ને પપ્પા? કેમ બોલતા નથી? પપ્પા! પપ્પા! બોલોની, એમ ટગર ટગર શું જોયા કરો છો? પપ્પા! મારા પપ્પા!

પપ્પા:ત્યાંઊગતાસૂરજનીબંદગીકરતો'તો.

ભીખી : ઓ! મેં મૂઇએ એમાં બી ખલેલ-

પપ્પા : ના દીકરા, હવે ખલેલ કરવા જેવું કશું રહ્યું નથી. પરવરદિગારને કહેતો હતો કે હવે કંઈ લેવાનું બાકી છે? જો હોય તો મને...

ભીખી : એવું કેમ બોલો છો, પપ્પા?

પપ્પા : દુ:ખિયારી દીકરી! ગઈ કાલે સાંજે વિધવા થઈ ઘર આવી; મારા મનમાં કે જિંદ-ગીની આખરે મારી પાસે જે કંઈ ઘરબાર મૂડી મિલ્કત છે તે દીકરીને હસ્તક સોંપું. તો તે જ રાતે આગે કાલો કેર વર્તાવી, ઘરને રાખમાં લેટી દીધું! ઓ ખુદા!

ભીખી : પપ્પા હું જ કમનસીબ, નેસ પગ-લાંની છું. ઘડપણમાં તમને સુખ આપવાને બદલે દુ:ખના ડુંગર તમારે બારણે લાવી છું.

પપ્પા : બારણું હવે રહ્યું છે કાહ—મારી દીકરી? જે હતું તે સઘલું કુદરતના કોપે બા-લીને ખાખ કીધું! ઓ...ઓ...મારા ઘર! મારા મનમાં કે પણેથી કિમતી આચરિયાંની પેટી કાઢું. પણ તેયે રાતના નહિ કાઢી સકચો.

ભીખી : તમે પેલા થોડા દરદાગીનાની વાત કરતા હતા ને—

પપ્પા : તે ગલ્લો બી ખાખ થઈ ગયો લાગે ચ—હમનાં જ હું એમાં નજર કરીને આયો.

ભીખી : ઓહ—ઓ! ફરી વાર,—પૂરો એક રાતનો પણ આશરો લીધા વિના, હું અને પપ્પા પાછા રસ્તા પર...

પપ્પા : એનું જ નામ કુદરત, બેટી! દુ:ખ આવે છ ત્યારે પૂછીને નથી આવતાં; આવે છ ત્યારે એખલાં નથી આવતાં. બલીને રાખ થ-એલા એ મારા ઘર! ઓ ખુદા! દુખીઆરી દીકરીને અમારો આપવાનો એક આખરી મનસૂબો પણ તેં પાર પાડવા નહિ દીધો? જ-લીને રાખ થયું મારું ઘર, જલીને ખાખ થઈ મારી જિંદગી. ઓ પરવરદિગાર (ડૂસકાં).

ભીખી : પપ્પા! પપ્પા, તમે ના રડો, હવે રડવાથી શું? કોણ જાણે, હજી પણ બીજી શું યે આફતો આવવાની હશે!

પપ્પા : હવે વરી બીજી સી આફત આવ-વાની બાકી છે? દીકરી ભીખઈ, તારો ભવ બગરચો. મારુ ઘેરબાર ફના થઇ ગીયું. ધન-દોલત બધી નાસ પામી. ઓ ખુદા, હવે આથી બીજી સી આફત આવવાની હતી?

અવાજ ભગત : કરજુગમાં દુ:ખીનો બેલી દુ:ખી છે. ભાઈ જે નાશવંત હતું તેનો નાશ થઇ ગયો.

પપ્પા : કોણ ભગત? મને માફ કરો, મારાં ઘરબાર સાથે તમારુ ઘેર બી બળી ગીયું!

ભગત : મારું તમારું શું? આપણાં સૌનાં

(મે ૧૯૫૯

સાથે રાખ થઇ ગયાં! હોય, જેવી કિરતારની મરજી. ભલું થયું તે ભાંગી જંજાળ! ચાલો મારી સાથે.

પપ્પા: ક્યાં?

ભગત: શહેરની ધરમશાળામાં. આખી રાત તમે નાના બાળકને ઓટલા પર બેસાડી રાખ્યો છે, એનો તો વિચાર કરો! બિચારો, પણે ચૂપચાપ બેઠો છે.

ભીખી: હું એને, ત્યાં શાંતિથી બેસી રહેવાનું કહીને જ આવી છું. અહીં આવીને બિચારો ડઘાઇ ગયો છે.

ભગત: જરા બી ડઘાઈ ગયો નથી. હમણાં જ મેં એની સાથે વાતચીત કરી. એની આંખોમાં નૂર છે, બુદ્ધિ સતેજ છે. વસ્તુ માત્ર તો નાશવંત છે, એનો નાશ થયાં કરશે; પણ નાશવંત નથી એવી જે બુદ્ધિ છે, કીર્તિ છે, તે એ અઢળક કમાશે.

ભીખી: ભગતજી!

ભગત: મને પગે લાગવાની જરૂર નથી, બેટા! ઈશ્વરની કળા ગહન છે. હજી એને માથે થોડી કાળી વાદળીઓ ઝઝૂમે છે. એ દૂર થતાં–

પપ્પા: હજી પણ કોઈ નવી આફત? ભગતજી—સું કહો છ! ઓહ-ઓ...

ભગત: એ દૂર થઈ જતાં આ ફરજંદ દેશભરમાં પોતાનું નામ કાઢશે, અક્ષય કીર્તિ પામશે. ચાલો, રાખ થઇ ગએલી ઇમારતો સામે આમ ટગર ટગર જોયા કરવાથી શું વળશે? પવન એને હમણાં ઉરાડી દેશે, ચાલો.

ભીખી: બેહ્રી, એ બેહ્રી! આમ આવ તો.

પપ્પા: આવ દીકરા, ધીમેથી ધીમે—હં.

ભીખી: ભગતજીને પગે લાગો.

ભગત: (ગાય છે) વાહવાહ રે સાહબજી

તુંને કયસા ખેલ બનાયાજી,
હે...તૂને અજબ રચ્યો સંસાર
તારી માયા! અપરંપાર.
કરનારાનો તું કરતાર,
તારી હાક બજે;
તેરી હાક બજે.
વાહવાહ રે સાહબજી,
તૂને અચરજ આજ બતાયાજી.
તૂંને કયસા ખેલ બનાયાજી. [સંગીત]

•

બહેરામ: (દોહરા)

દર્પણમાં મુખ દેખતાં, તરુણી ન થાકી જાય;
તેમ લલિત કવિતા થકી, નહિ મુજ હૈયું સમાય.
અંબાપ કે પ્રત્યક્ષ તું, હો પાસે કે દૂર;
તુજ આશિષ બહેરામને નિર્મળ દેજે નૂર.

ભીખી: દીકરા, આ દોહરા તો સરસ છે.

બહેરામ: મમ્મી. ધીમેધીમે પછી હું મોટી કવિતા પણ લખીશ.

ભીખી: ઓ વારી જાઉં મારા પનોતા પુત્ર પર! જરૂર લખજે બેટા. અને દુનિયામાં મોટું નામ કાઢજે. તું આ ક્યાંથી શીખી લાવ્યો?

બહેરામ: મમ્મા, હમણાં હમણાં પેલા ખયાલ કલગીવાળાના જલસા થાય છે, ત્યાં જાઉં છું. ત્યાંથી ઘણું જાણવા-શીખવા મળે છે.

ભીખી: હા પણ સાથે નિશાળનું ભણવાનું પણ ધ્યાનમાં રાખજે, હોં.

બહેરામ: લેસન તો મેં ક્યારનું કરી લીધું છે. પેલા રેવરંડ ટેલર સાહેબ છે, તે મને ગુજરાતી વ્યાકરણ તો એટલી સારી રીતે શિખવાડે છે, કે તરત જ મને આવડી જાય છે. એવણને મેં મારી થોડીક કવિતા પણ બતાવી.

ભીખી: તેં તારી કવિતા એમને બતાવી?

બહેરામ: તો? સાહેબ બહુ ખુશ થઈ ગયા. બહુ મજેના માણસ છે, મમ્મા, આ રેવરંડ ટેલર ગુજરાતી તો એટલું સારું જાણે છે! પોતે બહુ જ્ઞાની અને વ્યાકરણશાસ્ત્રી છે.

ભીખી: તે તું એવા બાહોશ માણસ પાસે જઈ એમનો કિંમતી વખત બગાડે છે, બેટા?

બહેરામ: ના, મા, ના; એ તો મને ચાહીને કહે કે મારી પાસે આવતો રહેજે. મને થોડું થોડું નકલ કરવાનું કામ પણ આપવાના છે. મારા ગુજરાતી ભાષાના જ્ઞાન માટે એમને સારો અભિપ્રાય બેઠો લાગે છે.

ભીખી: ખોદા તારું ભલું કરે.

બહેરામ: એ માયાળુ સાહેબે મને ભણાવવાનું પણ કહ્યું છે.

ભીખી: દીકરા મારા, જેમજેમ ભણશે તેમતેમ તને વધારે આવડશે. બાલપણમાં તો તેં દુઃખ જ જોયું છે, હું તને કાંઈ સુખ આપી નહિ શકી, પણ...

બહેરામ: ના મમ્મા, એવું ન બોલો. તમે તો મારું કંઇક મુસીબતો વેઠીને જતન કર્યું છે. મને કહો તો ખરા, વડોદરા કેવું હતું! તું ચાલીચાલીને મને કોચકીને સૂરત લઈ આવી; તે જ રાતે મોટા પપ્પાનું ઘરબાર ધનદોલત બધું બળીને ખાખ થઈ ગયું...

ભીખી: દીકરા, એ ગઇગુજરી ભૂલી જા; તું હવે ફક્ત તારા અભ્યાસમાં કાળજી રાખ. એ તુ શું શોધ્યા કરે છે?

બહેરામ: આ રહી-ક્યારનોશોધતોહતો. એક નવી લખેલી કવિતા. હંત સાંભળ: એનું એ મથાળુ છે. 'હાલરડું'

ભીખી: હાલરડું!

બહેરામ: એમાં 'ઝલો ઝલોને રૂપાળા મારા લાડીલા', એ લીટીથી શરૂઆત છે; ને 'માતા જશોદા ઝુલાવે પુત્ર પારણે' એ ઢાળ છે. કડાપણની ઘંટડી બનાવી, અને જ્ઞાનનો ઘડાવ્યો ઘૂઘરો; આંખે વિવેકનું કાજળ, સત્ય સત્ત્વનું માતા દૂધ ધવડાવે-એવીએવી ઉપમાઓ છે.

ભીખી: મારો વ્હાલો બેટો! મારો શાહજાદો! મારો નબીરો! મારો કુળદીપ!!

બહેરામ: એ પહેલાં આ લે, સાંભળ—
ધન ધન ગરવી ગુજરાત, માતુશ્રી મોરી રે.
નિરખી વદનકમળ રળિયાત, ગાઉં બલિહારી રે,

મહેરવાનજી: એ સું કોતક કરો છ મૂઆં. ચેરાં સું કારાચ?–માદીકરો સેનાં ટાહલાં કરોચ?

મમ્મી: કંઇ નહિ, એ તો બહેરામે થોડી કવિતા લખી છે તે...

મહેરવાનજી: સું? કવિતા? સાની કવિતા? કંઈ બેજું ઠેકાને છે કે? દીકરો તદ્દન ચસકેલો દીસેચ! લે, કઈ કામધંધો નહિ તે વરી કવિતાનાં ચેટક કરવા બેઠા!? ખબરદાર, જો આજથી પેલા મૂઆ કલગીતેરાવાલાને તાં લવારા સાંભલવા ગીયાચ તો—સું સમજ્યો?

બહેરામ: જી.

મહેરવાનજી: અને બધાં કાગજો આમ લાવ. એને હમનાં ને હમનાં બાલી નાખ!

બહેરામ: જી.

મહેરવાનજી: તે લાવની! મને હાથમાં આપની!–એમ સામ્બે સું જોયા કરેચ!

બહેરામ: જી.

મહેરવાનજી: લાવો, એમ નહિ આપસે, લે દીકરા–એમ આપસે! (કુચ્ચા ઉરાડે છે)

ભીખી: ઓય ખુદા! (રડે છે)

મહેરવાનજી: વરી સું થીયું? તું સેની પોક મૂકવા બેઠી?

ભીખી: મહેરવાનજી! મારા પિદર દુઃખીયારા થઈ ગુજરી ગયા!

મહેરવાનજી: જાનું છ.

ભીખી: મારા પહેલી વારના ભરથાર ધનશાહનું–આ એક મુજ રાંકનું રતન બહેરામ.

મહેરવાનજી: જાનું છ.

ભીખી: એના ભણતર અને અભ્યાસ માટે મેં તમારી સાથે નવું ઘર માંડ્યું.

મહેરવાનજી: જાનું છ; તેં આ તારા દીકરા બહેરામ માટે મારું ઘર કીધું.

ભીખી: પરણી.

મહેરવાનજી: હા પરણી!

ભીખી: કે છોકરાને હું કંઈ શિક્ષણ આપી શકું.

મહેરવાનજી: તે શું તું આ મહેરવાનજી નાનાભાઈ મલબારીના કુલ ખાનદાન ઉપર ઉપકાર કરેચ?

ભીખી: જી નહિ મહેરવાનજી. તમે મારા ધણી છો. તમને પરણી છું. તમને સુખી કરવા

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૫ ઉપર)

અફેર

એક એકાંત ડબ્બાનાં એક રાતનાં સહપ્રવાસીઓની દૃષ્ટિએ

ચન્દ્રકાન્ત બક્ષી



'તમારું નામ શું?'

'મિ. શાહ... અનિલ શાહ.' મેં કહ્યું.

'હું તો તમને મિ. દીવાન ધારતી હતી.' સામે બેઠેલી આધુનિક મિજાજની છોકરીએ કહ્યું.

હું હસ્યો: 'મિ. દીવાન કદાચ આવશે જ નહિ. અથવા કદાચ ખડગપુર કે ટાટાથી ચડશે. જોઈએ. રાત્રે ન આવે તો સારું!'

૪૨ ડાઉનના ફર્સ્ટ ક્લાસના ડબ્બામાં અમે ત્રણ જણ હતાં—હું, મારી સામેની ઉપલી બર્થમાં મિ. ફિરોઝ મર્ચન્ટ, અને નીચલી બર્થમાં મિસ નીવા આચાર્ય. બહાર ફર્સ્ટ ક્લાસ રીઝર્વેશનની તકતી બધાંનાં નામો બતાવતી હતી. બધા પ્રવાસીઓ હાવડાથી મુંબાઈના હતા.

મેં ધીરેથી સ્પષ્ટતા કરી, 'મારી બર્થ ઉપર છે. હું મિ. દીવાનની બર્થ પર બેઠો છું.' થોડી વાર બધા ચૂપ રહ્યાં. બારીઓનાં કાચનાં શટર બંધ હતાં અને હજી હાવડાનો વિસ્તાર છોડ્યો ન હતો. થોડીથોડી વારે ડબ્બાની સામેથી એકાદ સ્થિર ઊભેલું ગરમ એંજિન પસાર થઈ જતું અને રાતના અંધકારમાં મળી જતા કાચની કાળાશ પર એકાએક એંજિનનો પ્રકાશ ચમકતો અને ઓગળી જતો. ડબ્બામાં પુષ્કળ અજવાળું હતું અને પંખાઓ બંધ હતા અને ફેબ્રુઆરીની ઠંડક હતી.

રાત વધતી ગઇ. ખડગપુર ગયું. ધીરેધીરે ટાટા આવ્યું. લેડીઝ હાફકોટ અને સ્ટોલ લપેટેલી બેએક ઍંગ્લો ઇંડિયન છોકરીઓ બંધ ડબ્બામાં નજર નાખીને પસાર થઇ ગઇ. ગાડી પ્લૅટફોર્મમાં ધૂસતી વખતે થએલી ચહલપહલ ધીમી પડી ગઈ હતી અને ફક્ત રેલ્વેના યુનિફૉર્મ પહેરેલા કર્મચારીઓ આંટા મારતા દેખાતા હતા. ધીરેધીરે ગાર્ડની સીટી વાગી. ટ્રેન ઊપડી. પ્લૅટફોર્મની બહાર નીકળ્યા બાદ પાછળ ટાટાની ફૅક્ટરીની બ્લાસ્ટ ફર્નેસનો સળગતો પ્રકાશ કાળા આકાશમાં દેખાતો હતો. બાજુની લાઇનો પર પડેલા ગુડ્ઝના ડબ્બાઓની પાછળ એ ડૂબતો પ્રકાશ અદૃશ્ય થઇ ગયો અને મિ. દીવાનની બર્થ ખાલી હતી.

'તમારા મિ. દીવાન તો આવ્યા નહિ!' નીવા આચાર્યે કહ્યું.

'હવે આવશે પણ નહિ.' મેં કહ્યું.

રાત અંધારી હતી અને ગાડીએ ઝડપ વધારી હોય એમ બહારના ખખડાટથી લાગતું હતું. મિ. મર્ચન્ટની આંખો ઘેરાઇ ગઈ હતી અને અમને સૂતી વખતે નાઈટ લાઇટ જલાવવાનું સૂચન આપીને એ સૂઇ ગયા.

મેં 'કૉમોડ'માં જઇને કપડાં બદલ્યાં ને આવીને નીચલી બર્થ પર બેસી ગયો. નીવા આચાર્ય 'ટ્રુ રોમાન્સ'નો ખડગપુર સ્ટેશનેથી ખરીદેલો અંક વાંચતી હતી. મિ. મર્ચન્ટ દિવાલ તરફ મોં કરીને સૂતા હતા.

'તમને ઊંઘ નથી આવતી?' મેં પૂછ્યું.

'મને?' એણે સામયિકમાંથી માથું ઊંચું કરીને જોયું: 'આ વાર્તા પૂરી કરીશ એટલે આવી જશે.'

એણે વાર્તા પૂરી કરી નાખી,—કદાચ અધૂરી જ મૂકી દીધી, અને એક બગાસું ખાધું: 'ચાલો, હું કપડા બદલી આવું' કહીને એણે બિસ્તરમાંથી એક પ્રિન્ટેડ વૉયલની સાડી કાઢી અને 'કૉમોડ'માં ચાલી ગઈ.

આ છોકરી એકલી મુંબઈ જઈ રહી હતી અને એના સામાનમાં સૂટકેસ અને એક બિસ્તર હતાં. એક ટિફિન કેરીઅરમાં થોડો ખાવાનો સામાન હશે એમ મેં અનુમાન કર્યું. એ પૈસાદાર લાગતી હતી, આધુનિક તો હતી જ. એના વાળ 'બૉબ્ડ' કરાવેલા હતા, ઊંચી હીલની કાળી સ્વેડની ચપ્પલ હતી ને ડાબા કાંડા પર રિસ્ટ વૉચ સિવાય આખા શરીર પર કોઈ જ આભૂષણ હતું નહિ. એના સ્વચ્છ ચહેરામાં અને પાતળા શરીરમાં કંઈક...આંખ ન ખસેડી શકાય એવું આકર્ષણ હતું.

ગાડી ઊભી રહી ગઇ. મેં બારીમાંથી જોયું. એક વેરાન પ્લૅટફૉર્મ હતું અને દૂર-દૂર થોડા છોકરાઓ નાની ટોપલીઓમાં કંઇક વેચી રહ્યા હતા. મેં દૂરના એક ગૅસલાઈટના કાચ પર લાલ અક્ષરે હિંદીમાં લખેલું નામ વાંચવાની કોશિશ કરી, પણ વંચાયું નહિ. એકાએક એંજિને ગરમ વરાળ છોડી અને એકધારા સતત અવાજમાં એક કૂતરાનો તૂટક તૂટક ભસવાનો અવાજ સંભળાવા માંડ્યો. કોઇ ક્રૉસિંગ હતું અથવા...મને સમજાયું નહિ. અને મેં બારી બંધ કરી નાંખી. 'કૉમોડ'ના દરવાજાની સ્ટૉપર અંદરથી ખુલવાનો અવાજ આવ્યો અને મને બહારની સ્ટૉપર ખુલતી દેખાઈ. નીવા આચાર્યે બહાર નીકળતાં જ પૂછ્યું, 'કેમ ગાડી ઊભી રહી ગઈ?' એના ડાબા હાથ પર કાઢી નાખેલી સાડી હતી.

'ક્રૉસિંગ લાગે છે...' એણે મારી પાસે આવીને શટર ઊંચું કરીને બહાર જોયું. બહાર હવા ઠંડી હતી અને એના ફિક્કા પડી ગએલા મેકઅપ અને 'કૉમોડ'માં જઇને ઓળેલા વાળમાંથી ધીમી ખુશ્બૂ આવતી હતી.

એંજિનમાંથી છૂટતી વરાળ એકદમ બંધ થઈ ગઇ અને વાતાવરણમાં શૂન્યાવકાશ છવાઈ જાય એમ શાંતિ છવાઈ ગઈ.

'બહુ ઠંડી લાગે છે!' નીવા આચાર્યે બારી પાસેથી ખસીને, અદબ વાળીને મોઢું હલાવતાં કહ્યું.

'આપણે હજી કલકત્તાથી બહુ દૂર નથી. અહીં ગરમી પણ બહુ પડે છે અને ઠંડી પણ.' મેં બારી બંધ કરતાં કહ્યું.

'મુંબાઈમાં તો અત્યારે હવા બહુ સરસ હશે.'

અમે બન્ને સામસામી બર્થ પર બેસી ગયાં. મેં ઉપલી બર્થ પરના મારા બિસ્તરમાંથી રજાઈ કાઢી લીધી અને ઓઢીને, પગ લંબાવીને બેસી ગયો. નીવા આચાર્ય પાસે ઓઢવાનું બહુ ન હતું, એક પાતળો રગ હતો. એણે પણ ઓઢીને લંબાવ્યું અને મેં ઊઠીને બત્તીઓ બંધ કરીને ડબ્બાની ઝાંખી બ્લ્યુ નાઇટ લાઈટ જલાવી. થોડી વાર એકદમ અંધકાર જેવું લાગ્યું, પછી ધીરેધીરે અમને એકબીજાના ચહેરા અને ડબ્બાની વસ્તુઓ ઝાંખા પ્રકાશમાં સ્પષ્ટ દેખાવા માંડી. ઉપરથી મિ. મર્ચન્ટનો હલકો હલકો શ્વાસોચ્છ્વાસ સંભળાતો હતો. મેં બર્થ પર

શરીર લંબાવીને સૂવાનો પ્રયત્ન કર્યો આંખો બંધ કરી. મને લાગ્યું કે બ્લ્યુ લાઈટ પણ જાણે મારી ઊંઘમાં વિક્ષેપ પાડતી હતી ને એક જવાન, અપરિણીત, આધુનિક છોકરી ફર્સ્ટ ક્લાસના નીલ અંધકારમાં પડખાં બદલતી હતી એ હકીકત ચિત્ર-વિચિત્ર વિચારો પેદા કરાવતી હતી— પ્રયત્ન વિના. મેં આંખો ખોલી : બારીમાં તારા ઝબકતા હતા.

'તમને ઊંઘ નથી આવતી?' હવે એણે પૂછ્યું.

મેં પડખું ફેરવ્યું. નીવા આચાર્યનું મોઢું મારી તરફ હતું ને એણે ગળા સુધી ઓઢેલું હતું. એનો ગોરો ચહેરો મને સાફ દેખાતો હતો.

'ના,... પણ આવી જશે.'

'મને પણ ઊંઘ નથી આવતી.' એણે આગળ ચલાવ્યું : 'ઉપરવાળા બાવાજી બહુ સુખી માણસ લાગે છે. જુઓને, કેવા ઘસઘસાટ ઊંઘે છે!'

હું હસ્યો. મને આગળ બોલવું સૂઝ્યું નહિ.

'તમે મુંબાઈમાં જ રહો છો?' એણે પૂછ્યું.

'ના, હું રહું છું કલકત્તામાં. મુંબાઇ કોઇકોઈ વાર જવું પડે છે.'

'મુંબાઇ—અને જવું પડે છે? મુંબાઈ તો દોડી આવવાનું મન થઈ જાય એવું છે!'

'હા, આ વખતે તો દોડી જવાનું મન થઈ ગયું છે.'

'કેમ?'

'મારી પત્ની ત્યાં છે.'

નીવા આચાર્યના સવાલો એક ક્ષણ અટકી ગયા—ને ફરી ચાલુ થઈ ગયા. 'શું નામ છે તમારી પત્નીનું?'

'શ્રીલેખા.'

'નામ તો બહુ સંસ્કૃતમય છે.' એણે કહ્યું.

'ના, તમારા જેટલું સંસ્કૃતમય નથી!'

'હા, મારું નામ તો મને બહુ જ ગમે છે. કૉલેજમાં પણ બધા મારા નામ પર ખુશ હતા.'

'બધા એટલે...? પ્રોફેસરો?'

'નહિ રે; છોકરાઓ.' મને મનમાં હસવું આવ્યું. રાત ગુજારવા માટે મને સારું રમકડું મળી ગયું હતું!

'તમે કઈ કૉલેજમાં હતાં?'

'વિલ્સનમાં.'

'અત્યારે પણ કૉલેજમાં જ છો?'

'ના.'

'ત્યારે... સર્વિસ કરતાં હશો.' એ જરા અચકાઈ: 'ના.' એણે કહ્યું.

હું પણ અચકાઇ ગયો. થોડી વાર સુધી મને ચૂપ જોઇને એણે પ્રશ્ન કર્યો, 'કેમ ચૂપ થઈ ગયા?'

'હું વિચારતો હતો કે એક સ્ત્રી ભણતી નથી, નોકરી કરતી નથી ને પરણી નથી. તો એ કરે છે શું?' મેં જાણીજોઈને 'સ્ત્રી' શબ્દ વાપરતાં પૂછ્યું.

'છોકરો શોધું છું.' એણે બિલકુલ સ્વાભાવિકતાથી કહ્યું.

હું જોઇ રહ્યો. આ છોકરી વિચિત્ર મિજાજની હતી, અને સાફ-સાફ બોલનારી હતી. મને એની વાતમાં રસ આવવા માંડ્યો.

'તમે પણ કોઇ સ્વપ્નકુમારની શોધમાં લાગો છો?' મેં હસતા કહ્યું.

'સ્વપ્નકુમાર? મજાનું નામ છે. પણ મારી જિંદગીમાંથી તો સ્વપ્ન-કુમારો આવીને પસાર થઈ ગયા છે.'

સ્વપ્નકુમારો! હું ચમક્યો. નવી સ્પ્રિંગફીલ્ડ રાઈફલ જોઇને જેમ પઠાણને ઘોડો ખેંચવાનું મન થઇ જાય એમ મને આની વાત કઢાવવાનું મન થઈ ગયું. 'જુઓ મિસ આચાર્ય,' મેં સંભાળથી કહેવા માંડ્યું : 'હું પોતે તો બહુ લવ-બવમાં માનતો નથી. પચ્ચીસ વર્ષ સુધી એક છોકરીને લવ કરીને છવ્વીસમે વર્ષે બીજીને પરણીને પણ માણસ સુખી થઇ શકે. પ્રયત્ન જોઈએ સુખી થવાનો!'

'તમે જિંદગીમાં કોઇ દિવસ કોઈની સાથે પ્રેમ કર્યો છે?... આઇ મીન, તમને કોઈની સાથે કંઈ 'અફેર' થઇ છે?'

'ના!'

'મેં તો ઘણી affairs જોઇ છે. હું સમજું છું પ્રેમ શી ચીજ છે. જ્યાં સુધી તમારી જિંદગીમાં કોઇ અફેર નથી આવી ત્યાં સુધી તમે પ્રેમને નહિ સમજી શકો.'

હું ચૂપ થઇ ગયો. હું એક લગભગ અજાણ છોકરીના જીવનમાં પ્રવેશ કરી રહ્યો હતો. ફેબ્રુઆરીની ઠંડી હતી, બ્લૂ લાઈટ હતું, એકાંત હતું અને ભૂતકાળને ઢંઢોળવાનું મન થઇ જાય એવી રાત હતી. પંદર વર્ષની છોકરીને ચહેરા પરનો ખીલ દબાવીને ખેંચી કાઢવાની અદમ્ય વૃત્તિ થઈ આવે એમ એને એની વાત કહેવાની વૃત્તિ થઈ આવી. એ ઊંધી પડી અને ધીરેથી એનું માથું તકિયા પર પડી ગયું. એણે એના ટૂંકા વાળ ડાબા હાથથી પકડીને તકીઆ પર ફેંક્યા—મને એનો ચહેરો ખૂબ જ સાફ દેખાતો હતો.

'હું માનું છું કે...' નીવા આચાર્યે સ્વસ્થતાથી કહ્યું. 'દરેક માણસે પરણતાં પહેલા એના પાત્રને બરાબર સમજી લેવું જોઇએ. હું પણ સમજવાનો પ્રયોગ કરી રહી છું—ઘણા સમયથી.' એણે તરત અટકીને પૂછ્યું. 'તમને ઊંઘ આવે છે?'

'ના, ના. મને તો તમારી વાત સાંભળવામાં રસ આવે છે'.

'અચ્છા. ચાલો, હું તમને થોડી વાત કરું... પહેલાં અમે વાલકેશ્વર પર રહેતાં હતાં ત્યારે અમારી બાજુના ફ્લૅટમાં એક કુટુંબ રહેતું હતું. અમારે અને એમને બહુ સારો સંબંધ હતો. અમે એકબીજાને ઘેર જતાં આવતાં, એ લોકો અમારો ટેલીફોન વાપરતા, સાથે ફરવા અથવા પિકનિક પર જતાં. એમનો એક છોકરો 'કૉમર્સ'માં હતો ને મારે એની સાથે બહુ બનતું. અમને સાથે જોઈને કોઈને પણ કંઈ આશ્ચર્ય થતું નહિ. મારી મમ્મી તો હસતી કે નીવાએ એનો છોકરો પસંદ કરી રાખ્યો છે એટલે એને શોધવાની તકલીફ નહિ.

'પછી શું થયું... એકાએક મારા કુટુમ્બવાળાઓએ અમારું મળવાનું બંધ કરી નાખ્યું. અમારી મુલાકાતો બંધ થઈ એટલે જ, હું ધારું છું, અમને એકબીજા માટે પ્રેમ થયો, ને અમે ખાસ પ્રયત્નપૂર્વક મળવા માંડ્યાં. બધા પ્રેમીઓની જેમ અમે પણ વાયદો કરતા—પરણી નાંખવાનો. લગભગ રોજ સાંજે અમે નક્કી કરેલી જગ્યાએ મળતાં.

'તમે માનશો નહિ. ખૂબ વર્ષો આ ચાલ્યું. બહુ મજા કરી. ફરવાનું, પિક્ચરો, હોટેલો... તમને એનો ખ્યાલ નહિ આવે. જિંદગીમાં એ સૌથી મજાના વર્ષો હોય છે—લગ્ન પહેલાંના, જ્યારે તમારે કોઇ પણ જાતના બંધન વિના મજા કરી લેવાની! અને હું માનું છું કે જ્યા સુધી તમને કોઇ અનુભવો ન થાય ત્યાં સુધી તમે પ્રેમને સમજી પણ શું શકવાના? તમે પરણેલા માણસ છો—આ બધી વાતોમાં માનો છો?'

હું બોલ્યો નહિ અને હસી પણ શક્યો નહિ.

'બધી વસ્તુઓ માનવાની જ જરૂર નથી. અચ્છા, પછી... આપણે શું વાત કરતા હતા?' એ એકદમ ભૂલી ગઇ.

'લગ્ન પહેલાનાં વર્ષોની મજા... બંધન વિનાની...'

'હા હાં; અમે બહુ મજા કરી. હું વિલ્સનમાં હતી. એક દિવસ મમ્મીએ મને કહ્યું કે અમદાવાદથી એક છોકરો મને જોવા આવવાનો હતો. મને કોઇમાં રસ હતો જ નહિ એટલે મમ્મીએ ડરાવ-દબાવથી કામ લેવું શરૂ કર્યું. મારી કૉલેજ છોડાવી દીધી. હું બહુ રડી...'

'એક વાત પૂછું?'

'શું?'

'તમારી મમ્મીનો વિરોધ શા માટે હતો?'

'વિરોધનું કારણ એક જ. એ અમારી નાતનો ન હતો!'

હું હસી પડ્યો. 'તમારા જેવાં પ્રગતિશીલ—'

'મારાં મા-બાપ પ્રગતિશીલ નથી. અને મારા પપ્પા તો અમારી નાતના લીડર છે, એટલે વધારે રૂઢિચુસ્ત છે. એમનું દિમાગ સડી ગયું છે!'

મારા શબ્દો મારા મોઢામાં જ અટકી ગયા.

'એક દિવસ અમદાવાદનો એક છોકરો આવ્યો ને મમ્મીએ મને એની સાથે ફરવા જવાની ફરજ પાડી. એ પૈસાદાર હતો, 'લૉ'નો અભ્યાસ કરતો હતો અને ખરેખર હોશિયાર હતો. અમે ચાર-પાંચ દિવસ સાથે ફર્યા, પિક્ચરો જોયાં. મને એ ટૅક્સીમાં રોજ ઘર સુધી મૂકી જતો. મમ્મી પૂછતાં અને હું કંઇ જ જવાબ આપતી નહિ. એટલે મમ્મા મને વારંવાર એની સાથે મોકલતાં.' 'પછી?'

'એ અમદાવાદ ચાલ્યો ગયો.'

'તમને ગમ્યો નહિ?'

'મને ગમ્યો—એક છોકરા તરીકે. પણ એ પાંચ દિવસ સુધી એની સાથે મેં કંઈ જ વાત કરી નહિ.' 'શું કહો...?'

'હા; એ બિચ્ચારો મને ટૅક્સીમાં ઘર સુધી મૂકવા આવતો અને હું બારણું બંધ કરીને પાછું જોયા વિના જ ઉપર ચડી જતી. એના જેવા સરસ છોકરાને પણ 'ઈનફીરિયૉરિટી કૉમ્પ્લેક્સ' થઈ ગયો. પણ મારો આશય જુદો હતો. મારે તો એને પરણવું જ ન હતું ત્યાં વાત કરવાની જરૂર જ શી?'

'બરાબર.'... હું જોઈ જ રહ્યો!

'પછી એનો કાગળ આવ્યો—અમદાવાદથી. એને ખબર પડી ગઇ હતી કે હું કોઈની સાથે લવ કરતી હતી!' નીવા હસી: 'કોઈના સાથે વાત કર્યા વિના પાંચ દિવસ ફરવું... એ અનુભવ પણ કરવા જેવો છે.'

'કરવો પડશે.' મેં કહ્યું.

એકાએક યાદ આવ્યું હોય એમ એ બોલી ઊઠી: 'પછી... જે છોકરા સાથે હું લવ કરતી ને, એ ય પરણી ગયો—એક ઑડિટરની છોકરીને.'

નીવા આચાર્ય લગભગ બેઠી થઇ ગઈ હતી. એણે સાડી શરીર પર લપેટતાં કહેવા માંડ્યું, 'તે પછી અમે મળ્યાં નથી!'

ગાડી ચાલી રહી હતી અને એની ખટાખટ, બંધ બારીઓ હોવા છતાં, રાતની શાંતિમાં સ્પષ્ટ સંભળાતી હતી. મેં પગ ઊંચા કરીને મારું ઓઢવાનું પગની નીચે દબાવ્યું અને ટૂંટિયાં વાળેલા પગમાં મેં નવી હૂંફ અનુભવી. મિ. મર્ચન્ટે ઉપર ધીરેથી પડખું ફેરવ્યું અને એમનો લગભગ અટકી ગએલો શ્વાસોચ્છ્વાસનો અવાજ નવેસરથી ચાલુ થયો—ફૅક્ટરીની નવી શિફ્ટની જેમ. 'અત્યારે એ ક્યાં છે?'

'મુંબાઇમાં જ. સસરાની ઑડિટ ફર્મમાં કામ કરે છે. સાતસો એક રૂપિયા માંડ કમાય છે.'

અમે બંને ચૂપ થઇ ગયાં. મને આશ્ચર્ય થયું કે નીવા એની અસફળતાની વાતો કરતી હતી છતાં એના અવાજમાં ગ્લાનિ કે વેદના ન હતી.

'તમને એ અફેરનું દુઃખ હશે.' મેં કહ્યું.

'દુઃખ?' એ હસી. 'મારી ઘણી અફેરોમાંની એ એક છે,—મુખ્ય અફેર સમજોને. મને તો મારી અફેરોથી ભરેલી જિંદગીનો બહુ ગર્વ છે, અને આનંદ પણ. લોકો કદાચ પચાસ વર્ષમાં જોતા નથી એ મેં આ દસ વર્ષોમાં જોઈ લીધું છે...'

મેં વાત બદલી, 'અને તમને પરણવાની ઈચ્છા થતી નથી?'

'થાય છે, પણ બીજાઓની જેમ પરણી નાખવું નથી. આખી જિંદગી કદાચ છોકરો ન મળે તો પણ મને વાંધો નથી, અને કદાચ મારી જિંદગીમાંથી સો છોકરાઓ પસાર થઈ જાય તો પણ મને શરમ નથી. પણ હું જેને પરણીશ એને પૂરો ચકાસીને, અનુભવીને પરણીશ. અત્યારે જ એક છોકરાની સગાઈ આવી છે, અને મમ્મી બહુ દબાણ કરે છે; પણ હું જેને ઓળખતી નથી, જાણતી નથી, એવાને પરણીને હું નવી મુસીબતો વહોરવા માગતી નથી. અને એક મુદ્દાની વાત કહું: મારા જીવનનું ધ્યેય સુખી જિંદગી નથી. મારી જિંદગી રંગીન હોવી જોઇએ. અને જેના જીવનમાં કોઈ અફેર જ્યાં સુધી થઈ નથી ત્યાં સુધી એને એ રંગીનીનો ખયાલ નહિ આવે.'

'તમારા વિચારોમાં સહમત થયા વિના મને...માન છે.'

'હું માનની ઈચ્છા નથી રાખતી. હું અદેખાઈની ઇચ્છા રાખુ છું. કોઇને મારે માટે અદેખાઈ થાય ત્યારે મને આનંદ થાય છે...તમને મારી વાત સાંભળીને અદેખાઈ નથી થતી કે જિંદગીનાં-જવાનીનાં ઘણાં વર્ષો ગુજરી ગયાં પણ કંઈ જોયું નહિ, કંઈ અનુભવ્યું નહિ, કોરા રહી ગયા? અદેખાઇ તો નહિ પણ વસવસો તો જરૂર થતો હશે.'

હું ચૂપ થઈ ગયો. નીવા આચાર્યના અરધા ખુલ્લા શરીર પર મારી આંખો ફરી ગઈ. આ છોકરીમાં હિમ્મત હતી, સ્વતંત્રતા હતી, વિચારોમાં કંઇક લાપરવાહી હતી, ને એના સવાલો ઘા કરી જતા હતા. હું એની સામે સ્થિરતાથી જોઈ રહ્યો, અને પછી મેં આંખો ફેરવી લીધી.

'શું વિચારો છો? તમારી કોઈ જૂની અફેર યાદ કરતા હશો...?'

'ના, હું કંઈ જ વિચારતો નથી.'

'તો ચાલો હવે તમારી વાત કરો. મારી વાત સાંભળી લીધી; હવે તમારે કહેવી પડશે.' 'શું?'

'તમારી કોઈ પણ અફેર.'

હું હસ્યો, 'મારે?—મારે અફેર છે જ નથી.'

'ગભરાઓ નહિ, હું મુંબાઇ જઈને તમારી મિસિસને નહિ કહી દઉં; ચાલો કહેવા માંડો.'

'જુઓ, મારી જિંદગી જોઇને કોઇને અદેખાઈ થાય એવી ઈચ્છા હું રાખતો નથી. અને મેં તમને પહેલા જ કહ્યુંને, એમ, મારી કોઈની સાથે કંઇ જ અફેર થઈ નથી.'

'કેટલાં વર્ષ થયા તમને?' 'પાંત્રીસ.'

'પાંત્રીસ?! એ ચમકી ગઈ. 'તમે લાગો તો છો પચીસ જેવા! અને આટલાં વર્ષોમાં તમને કોઇની સાથે કંઈ પ્રસંગ બન્યો ન હોય એ હું માની જ શકતી નથી.'

મેં થોડો વિચાર કર્યો અને કહ્યું: 'અચ્છા, તમે બરાબર કહો છો; મારી જિંદગીમાં પણ એક નાની અફેર બની ગઈ છે-તમારા જેવી રંગીન નથી. એ પણ વાત સાંભળવાની કદાચ તમને મઝા આવશે.'

'બોલો.'

'ઘણાં વર્ષો થઇ ગયાં—અગિયાર. હું ફરવા માટે મુંબાઇ ગએલો, એક અઠવાડિયા માટે. એક દિવસ મારો એક દોસ્ત મને એક છોકરી જોવા લઈ ગયો—મને એના વિષે એણે એક વાર કાગળમાં લખ્યું હતું. અમે એક સાંજે એ છોકરીને ઘેર જવા નીકળ્યા. એ વખતે જ મેં એને કહી દીધું કે હું આને પરણી જઇશ. મારા દોસ્તે પૂછ્યું, જોયા પહેલાં જ? મેં કહ્યું, હા. મેં એને જોઈ. બે દિવસ પછી અમારું સગપણ થયું. બે મહિના બાદ મુંબાઇ જઇને મેં સિવિલ મૅરેજ કરી લીધું. પરણ્યા બાદ દરેક સ્ત્રી અને પુરુષને બચ્ચાની ઈચ્છા હોય છે એમ અમને પણ ઈચ્છા હતી. શ્રીલેખાની ઇચ્છા હતી પહેલી ડીલીવરી મુંબાઇ કરવાની. એ મુંબાઈ ગઈ. અમારા લગ્નની પહેલી સંવત્સરી વખતે જ એનો પ્રસવનો સમય પણ આવી ગયો હતો. મને એક દિવસ પત્ર મળ્યો કે એ પડી ગઈ છે... અને બે દિવસ બાદ એને એક મરેલો બાબો જન્મ્યો. એ બચી ગઈ. (અનુસંધાન પૃ. ૧૯૮મે)























ટિકિટસંગ્રહ

નેપાળની ૯ નવી ટિકિટો

ગયા અંકમાં નેપાળે પોતાની પ્રથમ ચૂંટણી પ્રસંગે કાઢેલી ટિકિટ છાપી હતી. તેના અનુસંધાનમાં એ દેશે ગઈ ૧૪મી એપ્રિલથી પોતાને ત્યાં યુનિવર્સલ પોસ્ટલ યૂનિયન(વિશ્વ ટપાલ સંઘ)નું સપ્તાહ ઊજવ્યું તે નિમિત્તે બીજી નવ ટિકિટો બહાર પાડી છે તે, ગઈ વખતની માફક, શ્રી કમલ દીક્ષિતે ત્યાંથી મોકલી છે તે આ સામે આપી છે. નીચલે ડાબે છેડે તેને માટેની ખાસ રદ્દીકરણ-છાપની આકૃતિ પણ આપી છે. એ નવ પૈકી ચારમાં નેપાળની શિલ્પસ્થાપત્યસમૃદ્ધિની (પહેલી હાર) અને ચાર ત્યાંની નિસર્ગસમૃદ્ધિની (બીજી હાર) ઉપરાંત એક ત્યાંના મહારાજાની છબિવાળી છે. બધી ટિકિટો મૂળ કરતાં દોઢી-બમણી કરીને આપી છે જેથી તેના પરની આકૃતિઓનો સ્પષ્ટ ખયાલ આવે. પહેલી હાર-મથાળેથી: (૧) પાંચમી સદીમાં રાજા માનદેવે કોતરાવેલા શિલાસ્તંભ પર વિષ્ણુની સુંદર મૂર્તિ; (૨) છઠ્ઠી સદીના રાજા અંશુવર્મનના 'કૈલાસકૂટ ભવન'મહેલનાં ખંડિયેરોમાંથી મળી આવેલું કાલીય-દમનનું શિલ્પ; (૩) સત્તરમી સદીની સુવિકસિત વાસ્તુકલાના નમૂનારૂપ ભક્તપુરનું સુવર્ણદ્વાર; (૪) મધ્યકાલીન કલાપ્રેમી રાજા ભૂપતીન્દ્રમલ્લે ભક્તપુરની પ્રાચીન નગરીમાં બંધાવેલું ન્યાત પોલનું આ મંદિર સત્તરમી સદીની નેપાલી સ્થાપત્યકલાનો સજીવ નમૂનો છે. બીજી હાર: (૧) પ્રાકૃતિક સૌન્દર્યના ભંડારરૂપ નેપાલની હિમાચ્છાદિત પર્વતમાલા તથા હિમપ્રપાતનું એક દૃશ્ય; (૨) નેપાળના પ્રતીકરૂપ કસ્તૂરીમૃગ-નેપાળી હિમાલયનું જીવંત પુષ્પ; (૩) સંસારભરનાં જંગલી પશુઓમાં સૌથી અસામાન્ય અને વિચિત્ર પ્રાણી ગેંડો-જે હવે દિન પર દિન વિરલ બનતો જાય છે. બંદૂકથી અભેદ્ય તેનું ચામડું અને તેનું શીંગડું તેની ખાસ વિશિષ્ટતાઓ છે; (૪) મેઘધનુષથી પણ અદકી રંગભભક ધરાવતું નેપાળનું 'ડાંફે' નામનું ફીઝન્ટ પંખી-જે જુદાજુદા નવ રંગ ધરાવે છે! સૌન્દર્યતૃષિત આંખને તૃપ્ત કરતી તે નેપાળની અનોખી પ્રાકૃતિક દેન છે; (છેડે) નેપાળના પ્રજાપ્રિય રાજવી મહેન્દ્ર વીરવિક્રમશાહ દેવ-નેપાળી પોશાકમાં-જે એક સુયોગ્ય શાસક, આયોજક તથા સેનાની હોવા ઉપરાંત કલાપ્રેમી અને કવિ પણ છે.


અમેરિકાની નવી ટિકિટ

આજથી પચાસ વર્ષ પહેલાં ઈ. ૧૯૦૯ની ૬ઠ્ઠી એપ્રિલે અમેરિકન શોધ સફરી રોબર્ટ પીઅરી સૌપ્રથમ ઉત્તર ધ્રુવે પહોંચ્યા, અને તે પછી લગભગ પચ્ચાસ વર્ષે ૧૯૫૮ના ઑગસ્ટમાં અમેરિકન સબમરીન નૉટિલસ સૌપ્રથમ ઉત્તર ધ્રુવની નીચે થઈને સાગર પાર કરી ગઈ, એ બંને ઉજ્જ્વલ પ્રસંગોને એકીસાથે સ્મરણાંકિત કરતી ટિકિટ, અમેરિકાએ ગઈ છઠ્ઠી એપ્રિલે પીઅરીના જન્મસ્થળેથી બહાર પાડી છે. તેમાં પૃથ્વીની અર્ધગોળ આકૃતિના ઉપલા સફેદ અર્ધ ભાગમાં ભૂમિ પરના સફરના સાધન સ્લેજ (કૂતરાથી ખેંચાતી બરફગાડી)નું ચિત્ર છે; ને નીચેના ઘેરા ભાગમાં સમુદ્રતળમાં સફર કરતી સબમરીનની આકૃતિ છે.



તિબેટ આજની એ સમસ્યાનાં ઇતિહાસ–ભૂગોળ–જીવન

લેખક–ફોટોકલાકાર **નવનીત પારેખ**



તિબેટના પાટનગર લ્હાસામાં, એક ઊંચી ટેકરી પર આવેલો, દલાઈ લામાનો આ અતિ પ્રાચીન અને વિશાળ મહાલય 'પોટ્ટાલા' આજથી ત્રણસો વરસ પર પાંચમા દલાઈ લામાના સમયમા સમરાવીને આજની સ્થિતિએ તૈયાર થયા બાદ તેમાં નહિવત સુધારા જ થયા છે. એમા એક હજારથી પણ વધારે ઓરડા અને સેંકડો નાના મંદિરો છે. તેની અગાશીમાં ભૂતપૂર્વ દલાઈ લામાઓના: સોને મઢેલા સ્તૂપો છે. એ પોટ્ટાલાની તળેટીમાં જ લ્હાસા વિસ્તરેલું છે.

ભારતની ઉત્તરે આવેલો તિબેટ, પાકિસ્તાન બાદ કરતાં આપણો મોટામા મોટો પડોશી છે. ભારત-નેપાળ-ભૂતાન સાથે તિબેટની સરહદ ૧૩૦૦ માઈલ કરતાં પણ વધુ લંબાએલી છે; પરંતુ મહાકાય હિમાલયનાં ઉત્તુંગ, હિમાચ્છાદિત શિખરોની અભેદ્ય દીવાલે આપણને આપણા આ પડોશીથી આટલા નજદીક છતાં અળગા જ રાખ્યા છે. હિંદુઓના પરમ પવિત્ર મનાતાં યાત્રાધામ કૈલાસ માનસરોવર તિબેટમાં જ છે, અને ભગવાન બુદ્ધના ધર્મચક્રપરિવર્તન પછી બૌદ્ધધર્મ અંગીકાર કરેલો આ પ્રદેશ સાહિત્ય કલા અને સાંસ્કૃતિક પરંપરામાં ભારતના તંતુનું જ અનુસંધાન ધરાવે છે.

દરિયાની સપાટીથી સરેરાશ ચૌદ હજાર ફૂટની ઊંચાઇએ આવેલા આ વિશાળ સપાટ ઉચ્ચ-પ્રદેશ(Plateau)ને જગતનું છાપરું કહે છે. અહીં હિમાલયની જેમ ઊંચી પર્વતમાળાઓ કે ઊંડી ખીણો નથી. અહીં પહોંચ્યા પછી તો એમ જ લાગે કે આપણે કોઈ વિશાળ મેદાનમા ઘૂમી રહ્યા છીએ. છતાં અહીંની આબોહવા સ્વાભાવિકરીતે જ ખૂબ ઠંડી છે. શિયાળામા તો એટલો બધો બરફ પડે છે કે પહાડો, મકાનો કે ખીણો બધાં ઉપર કેટલાય ફૂટ જાડા બરફના થર જામી જાય છે. કારમી ઠંડીને લીધે અહીં મોટા ઝાડ તો શું પણ નાના છોડ કે વનસ્પતિ પણ મળવી મુશ્કેલ. ખેતી પણ જવલ્લે જ થાય છે ને તે પણ ઉનાળામા જ. ભારતના ફળદ્રુપ મેદાનોને પોષનારી મોટામાં મોટી નદીઓ તિબેટમાથી નીકળતી હોવા છતાં તિબેટ પોતે તો એક સૂકો, ઉજ્જડ ને નિર્જન વેરાનપ્રદેશ જ રહી જાય છે. આખા વર્ષમા બધો મળીને માંડ દસથી બાર ઇંચ વરસાદ અહીં પડે છે.



જેની પ્રદક્ષિણા એ ભારતના ઉગ્ર તપસ્વીઓનું જીવનધ્યેય હોય છે એ ભારતીયોનું પરમ પવિત્ર કૈલાસ શિખર (૨૨૦૨૮ ફૂટ) અને તિબેટના કપરા માર્ગ પરનું ઉપયોગી પ્રવાસ-પ્રાણી યાક (ચમરી ગાય)

નિસર્ગની આ નિષ્ઠુરતાને કારણે પશ્ચિમ તિબેટનો વાસી તો બીચારો ઘેટાંબકરા લઈને ઘાસચારાની શોધમાં ભટકતો એક ભરવાડ જ રહ્યો છે. તેના ઊનમાંથી તેઓનાં કપડા બને, તેના ચામડાનો ડગલો તેમને ઠંડીમા રક્ષણ આપે, માલ-સામાન પણ આ ઘેટાંબકરાં જ ઉપાડે, ને ખોરાક માટે પણ તેનું જ માંસ. બળતણ પણ તેના તથા યાકના છાણમાથી મળી રહે. આ ઉપરાંત, ડુમા નામના એક નાનકડા છોડના ડાળી-પાદડાં તો લીલેલીલા પણ બળે છે.

ઘેટાબકરા ઉપરાંત યાક પણ તેમનું સાચું જીવનસાથી છે. મામૂલી ઘાસ ને કાંટાળા છોડવા ઉપર પોતાનો નિર્વાહ કરી લેતું યાક ભારે સામાન લઇ જવા-લાવવા માટે બહુ ઉપયોગી છે. તેના પુચ્છના વાળના ગુચ્છાના ચામર બનતાં હોવાથી આપણે તેને ચંવર (ચમરી) ગાય પણ કહીએ છીએ. એ વાળમાથી વણેલા કાપડના કાળા ડગલા ઉપરાત તિબેટીઓ મજબૂત જોડા, દોરડા અને તેના ચામડામાંથી નદી ઓળંગવા માટે હોડકાં પણ બનાવે છે! ખેતી થઇ શકે ત્યાં હળ ખેંચવા પણ યાકનો જ ઉપયોગ થાય છે ને તેનું માંસ પણ તેઓ ખાય છે.

તેમનો ત્રીજો જીવનસાથી એ કૂતરો. એ વરુ કે ચિત્તાથી તેમનાં ઘેટાંબકરાંનું રક્ષણ કરે છે. ને તેની વિકરાળતા એવી કે કોઈ અજાણ્યો માણસ તો તિબેટીના તંબૂ કે ઘર પાસે ફરકી શકતો નથી.


તંબૂ એ તિબેટીઓનું ફરતું ઘર છે. તેમાં માથે મધ્યમાં એક કાણું હોય છે જે વાટે અંદરનો ધુમાડો બધો બહાર નીકળી જઇ શકે છે. અંદર આ કાણાની નીચે જ અગ્નિ પેટાવ્યો હોય છે, તે આખો દિવસ તાપણા તરીકે તથા રસોઈ માટે કામ આવે છે. એક ખૂણામા તેમનાં દેવદેવીઓની અનેક નાનકડી મૂર્તિઓ બાજઠ પર ગોઠવી તેમની વચ્ચે બુદ્ધની પિત્તળની એકાદ મૂર્તિ પણ મૂકી હોય છે. તેમના સામે નાના વાસણોમા માખણ ભરી સંખ્યાબંધ દીવા પ્રકટાવેલા હોય છે. બાજુ-



ભટકુ જાતિનું તિબેટી કુટુંબ: બહાર કાઢેલી જીભ આવકારસૂચક છે.



તિબેટીઓનો પવિત્રતમ મણિમંત્ર 'ૐમણિ પદ્મ હૂં',—જેનો સતત જાપ અતિ પવિત્ર ધર્મકૃત્ય મનાય છે, ને જે પથ્થરો, દીવાલો, કાપડ, બાજઠ, ધજા, ખડક, યાક કે ઘેટાનાં શીંગડાં—બધે જ લખેલો જોવા મળે છે. એ જાપ એકસામટો લાખો વાર થઈ જાય તે માટે લાંબા પાતળા કાગળો પર હજારો વખત તે લખીને ત્રાંબાની એક ગોળ ડબ્બીમાં મૂકી એ ડબ્બીને ગોળ ફેરવે, એટલે એ ચક્રના દરેક ફેરે અંદરના કાગળ પર લખેલા મંત્રના જાપ એકસામટા કર્યાનું પુણ્ય મળે છે. એ ચક્રને કોર્લો કહે છે.



જેને ફેરવવાથી કરોડો-અબજો વખત એ મંત્રનો જાપ કર્યાનું પુણ્ય મળે છે તે, લાખ્ખો મંત્રો લખેલા કાગળોવાળી તિબેટી ગોમ્પા(મઠ)માંની કોઠીઓ

માં નાના બાજઠ પર તેમના પુરાણ 'કંજુર'નાં કેટલાંક પાનાં પર મણકા જડેલી તાંબાની તાસક હોય છે. એક ખૂણામાં ચા, મીઠું વગેરે માલ ભરેલી ચામડાની કોથળીઓની થપ્પી પડી હોય છે.

વનરાજિવિહીન તિબેટમાં લોકો મુખ્યત્વે માંસાહારી જ છે. માંસ ઉપરાંત જ્યાં કંઇક ખેતી થાય છે ત્યાંથી તથા ભારતમાંથી મેળવેલા ઘઉં-જવના સત્તુ અને ચા, તથા યાકનું દૂધ ને દહીં પણ વાપરે છે. માખણ મુખ્યત્વે ચામાં ભેળવવા ને મંદિરોમાં દીવા કરવા માટે જ વપરાય છે.

ચા પીવાનું તો અહીં એક વ્યસન જ છે. દિવસના સાઠ-સિત્તેર પ્યાલા ચા તેઓ પીએ છે! આ ચામાં પણ ખાંડને બદલે મીઠું અને દૂધને બદલે માખણ નાખેલું હોય છે. લાકડાના નાના વાટકાઓમાં કાઢીને તેઓ આ ચા પીએ છે. સારી સ્થિતિના તિબેટીઓના વાટકાઓમાં અંદરની બાજુએ રૂપાનું પતરું જડેલું હોય છે.

કુદરત તથા આબોહવાની ક્રૂરતાને લીધે તેમનો પોષાક પણ બહુ કઢંગો ને બિહામણો લાગે છે. ઉનાળામાં પણ તેઓ ઘેટાના ચામડાનો ડગલો ચડાવી રાખે. પુરુષો ઘેટાના ઊનનો પાયજામો અને સ્ત્રીઓ ઊનનો ઘેરવાળો લાંબો ડગલો પહેરે છે. સ્ત્રી પુરુષ બંને ડગલા પર કેડે એક રંગીન કમરબંધ બાંધે છે અને લાંબા, ઢીંચણ સુધી પહોંચતા જોડા પહેરે છે. પૂર્વ તિબેટના લોકો વધારે સમૃદ્ધ ને પૈસાવાળા હોઇ તેમની રહેણીકરણી વધુ સ્વચ્છ ને સુઘડ હોય છે. લ્હાસા તરફની સ્ત્રીઓ નાજુક અને રૂપગર્વિતા હોય છે. ઉનાળાના તાપથી બચવા તેઓ નાની ચીનાઈ છત્રીઓ પણ રાખે છે. શિયાળાની સખત ઠંડીમાં ચામડીનું રક્ષણ કરવા ગરીબ વર્ગની સ્ત્રીઓ ને છોકરીઓ મોઢા પર મેશ ચોપડે છે! બાકી તિબેટની બધી સ્ત્રીઓ ગળામાં વિવિધ પ્રકારની માળાઓ પહેરે છે. બાધા આખડીમાં ખૂબ શ્રદ્ધા રાખતા તિબેટીઓ ગળામાં તાવીજો લટકાવે છે જેમાં કોઈ મંત્ર કે કોઇ મોટા તાવીજમાં બુદ્ધની કે એવી મૂર્તિ હોય છે.

તિબેટીની દિનચર્યામાં 'સ્નાન'ને કંઇ સ્થાન જ નથી! તેમના પોશાક પણ અસ્વચ્છ ને દુર્ગંધ મારતા હોય છે. કપડા પણ ધુએ નહિ. આથી તેમા તથા તેમના તંબુઓમા અસંખ્ય ચાંચડ ને જૂઓ હોય છે.


લોકો મુખ્યત્વે મંગોલ જાતિના હોઈ પુરુષોને દાઢી-મૂછ ઊગતાં નથી. સ્ત્રી-પુરુષ બંને માથા પર વાળને ગૂંથીને તેની લાંબી સેર રાખે છે. વળી, સ્ત્રી-પુરુષના પોશાક પણ બહુ મળતા હોઇ ઘણી વાર તો તે સ્ત્રી છે કે પુરુષ તેની ખબર પણ ન પડે!

તેમનું સામાજિક બંધારણ પણ કડક નહિ. લગ્ન સંબંધમાં તેઓ મન ફાવે તેમ વર્તી શકે. સ્ત્રીઓ પુરુષ-સમોવડી. તે પોતાની વ્યક્તિગત મિલકત પણ રાખી શકે ને પતિ સાથે ન ફાવે તો છૂટાછેડા પણ લઈ શકે. મોટે ભાગે સંયુક્ત કુટુંબમા બધા ભાઇઓ વચ્ચે એક જ પત્ની હોય. મોટો ભાઈ પરણી લાવે તે બધા ભાઈની પત્ની. પણ તેમનાં બાળકો થાય તે બધાં મોટાભાઈનાં ગણાય.

સમાજમાં પુરુષ વર્ગનો લગભગ ચોથો ભાગ તો બૌદ્ધ સાધુઓનો જ છે. આ સાધુઓ—ખાસ કરીને લાલ પંથના સાધુઓ તો પરણીને છૂટેચોક ગૃહસ્થજીવન પણ ગાળે છે. ઉપરાંત, વિધવા સ્ત્રીઓ છૂટથી ફરી વાર પરણે છે અથવા વિધિસર લગ્ન કર્યા વિના પણ સંબંધ રાખે છે. આવા સંબંધને 'નિયોગ' કહે છે. નિયોગથી જન્મેલા બાળકો તે સ્ત્રીના જ ગણાય છે અને સમાજમા તેમનો દરજ્જો જરા યે ઊતરતો નથી.

તિબેટીઓના હાવભાવ વિચિત્ર હોય છે. આગંતુકને આવકારવા તેઓ પોતાની જીભ બહાર કાઢે છે! બાળકો પૈસા માગવા હાથની મુઠ્ઠી વાળી અંગૂઠો બતાવે છે!

તિબેટી ભાષાનું સાહિત્ય વિપુલ છે, પણ તેમાં મુખ્યત્વે ધાર્મિક



ગ્રંથો છે. સંસ્કૃત ને પાલી ભાષાની તેના પર સંગીન અસર છે. તેમની લિપિ પણ મૂળ સંસ્કૃત લિપિ પરથી આવેલી છે. યવનકાળ દરમ્યાન ભારતમાંના નાશ પામેલા ઘણા બૌદ્ધ ધર્મગ્રંથો તિબેટમાંથી મળી આવ્યા છે. તે માટે તેઓ હાથબનાવટના ટકાઉ કાગળો વાપરે છે. તેના પર છાપવા માટે આખા પાનાના શબ્દો એક બીબા ઉપર સુંદર અક્ષરે કોતરી કાઢે છે. આવું છાપકામ લ્હાસા પાસેની મોટી ગોમ્પાઓમાં વિશેષ થાય છે.

ભારતમાં આવી વસેલા તિબેટી લોકો 'ભંપા' કહેવાય છે. ભારતીય યાત્રીઓને તેઓ લામા-ગુરુ કહે છે બહારના જગતથી અલિપ્ત રહેલા આ દેશમાં પણ ગાંધીજીનું નામ જાણીતું છે ને બધાને તે પૂજનીય છે.

ભૌગોલિક પરિસ્થિતિને લીધે તિબેટનો બહારના જગત સાથેનો

નીચે : તિબેટમાં એટલો બધો બરફ પડે છે કે નીચલા ચિત્રમાં કાળાં ધાબાં જેવાં દેખાય છે તેવાં નાના છોડ કે વનસ્પતિ પણ ભાગ્યે જ મળે. આ ઉજ્જડ દશાનું કારણ એ છે કે બંગાળાના ઉપસાગરમાંથી વાતા ભીના ચોમાસુ પવનને અટકાવીને તેની બધી ભીનાશ તથા વરસાદ હિમાલય હિંદુસ્તાન માટે નીચે ખેંચી લે છે, એટલે હિમાલય ઓળંગી-ને તિબેટ જતો પવન સાવ શુષ્ક થઇ ગએલો હોય છે. શિયાળામાં તો ત્યાં હવા એટલી બધી સૂકી થઈ જાય છે કે ઝાડનાં પાદડા સુકાઇ જઈ તેના ભૂકો થઇ જાય છે ને લાકડામાં તડ પડે છે. પાછળ દેખાય છે તે તિબેટમાં કૈલાસથી પણ ઊંચો (૨૫૩૫૫ ફૂટ) ગુર્લાં-માંધાતા પર્વત છે.



નીચે : ૮મી સદીની શરૂમાં કાશ્મીરની ઇશાને આવેલો લદ્દાખ પ્રાંત કાશ્મીર-નરેશ લલિતાદિત્યે જીતી લીધેલો, તે પાછળથી પશ્ચિમ તિબેટ-માં ભળી ગએલો. ઈ. ૧૮૪૦માં કાશ્મીરના સેનાપતિ જોરાવરસિંહે, સંખ્યામાં ઓછા પણ શિસ્તબદ્ધ સુસજ્જ સૈનિકો વડે તિબેટનોના મોટા દળને હરાવી એ ફરી જીતી લીધો. સ્વભાવે જ વહેમી તિબેટીઓએ જોરાવરસિંહમાં કોઈ દેવી શક્તિ જોઈ, અને પછીના યુદ્ધમાં જોરાવર-સિંહ મરાયા તોપણ તેમની વીરતાની પ્રશંસા કરી, તે સ્થળે એક ચોર-તેન (સ્તૂપ) ઊભો કર્યો (ઉપરનું ચિત્ર). આજે પણ એ જોરાવરસિંહની વીરતાની અને તિબેટનોની નિખાલસતાની યાદ આપતો ઊભો છે.





કારમી ઠંડી અને સતત હિમપાતમાંથી બચવા ઘણી વાર પહાડોની ગુહાઓમાં વાસ બનાવી તિબેટીઓ રહે છે. એવું ગુહાગામ 'ગુરુંગ'

બધો વ્યવહાર ભારત મારફત જ થાય છે. લ્હાસા સાથે સંકળાએલો ભારતથી ગ્યાંત્સે સુધીનો ટપાલવહેવાર ભારત સરકાર જ ચલાવે છે.

રાજધાની લ્હાસા ઉપરાંત તિબેટમાં શિગત્સે, ગ્યાંત્સે, યાતુંગ, વગેરે મોટાં ગામો છે, જ્યારે પશ્ચિમ તિબેટમાં ગરતોક, ચુલિંગ, તકલાકોટ વગેરે મોટાં ગામ છે. ભારતથી લ્હાસા જવા માટે દાર્જિલિંગ નજીક કાલિમ્પોંગથી સિકિમ રાજ્યના ગંગતોક શહેરથી જવું પડે છે.

લ્હાસાની વસતિ લગભગ ૨૫,૦૦૦ની છે, પણ શહેરની ભાગોળે જ આવેલા ત્રણ વિશાળ બૌદ્ધ વિહારોમાં વસતા સાધુઓને ઉમેરતાં તે સંખ્યા લગભગ પચાસ હજારની થાય છે. અને લ્હાસા તિબેટી લોકોના સમ્રાટ અને સર્વોપરી ધર્મગુરુ દલાઇ લામાનું નિવાસસ્થાન હોઈ ઉત્સવ કે પર્વ પર દર વર્ષે લાખો તિબેટીઓ અહીં યાત્રાએ આવે છે.

ખેતીવિહોણા તિબેટમાં નાના પરચૂરણ ગૃહ ઉદ્યોગોમાં મુખ્ય તો ઊનમાંથી કાંતવાનો, ગૂંથવાનો અને વણવાનો ઉદ્યોગ પ્રચલિત છે. પહેરવાનાં કપડાં ઉપરાંત, તેઓ ઊનના ખૂબ ઘટ્ટ ને ટકાઉ ધાબળા બનાવે છે જે 'ચુટકા' કહેવાય છે.

પશ્ચિમ તિબેટનો ભારત સાથેનો બધો વ્યવહાર સરહદ પર રહેતા ભોટિયા વેપારીઓ જ ચલાવે છે. વસંતાગમન થતાં તેઓ પોતાના સેંકડો ઘેટાં-બકરાંની વણજારો સાથે તિબેટ જવા નીકળી પડે છે. ઘેટાંની પીઠ ઉપર બંને બાજુ ચામડાની મજબૂત કોથળીઓ લટકાવી તેઓ ભારતથી ઘઉં, જવ, ચોખા, સત્તુ, ગોળ, કાપડ, ચા, વાસણો, દીવાસળી, માણબત્તી ને જીવનની બીજી અનેકવિધ જરૂરિયાતો તિબેટ લઈ જાય છે.

તકલાકોટ ગામ પાસે નદીની ભેખડ ઉપરની સપાટ જમીન ઉપર આ ભોટીઆ વેપારીઓ એક મંડી અથવા બજાર ત્રણ મહિના ચલાવે છે. નેપાલના વેપારીઓ ગુરુંગ નામના ગુહાગ્રામ પાસે, મીલમ જોહારના વેપારીઓ કૈલાસની પશ્ચિમે આવેલા જ્ઞાનીમા પાસે, દારમા પટ્ટીના વેપારીઓ છક્રામાં અને જોશીમઠ પાસેના વેપારીઓ નાબ્રા ગામે મંડી ભરે છે. સામાન્યતઃ જુલાઈથી સપ્ટેમ્બર સુધી ચાલતી આ મંડીઓમાં લાખો રૂપિયાના માલની લેવડદેવડ થાય છે.

ભારતીય ચીજોના બદલામાં ભોટીઆ વેપારીઓ તિબેટીઓ પાસેથી ઊન, ઊનના ધાબળા, ઘેટાં બકરાં, સિંધવ, ટંકણખાર, ચામડાં, કસ્તૂરી તથા યાકની પૂછડી ચવર (ચામર) ખરીદે છે. તિબેટના ચલણી નાણાંમાં મુખ્યત્વે ચાંદીના ટંકા, ચુગો ને સાંગ પ્રચલિત છે. હિંદી રૂપિયા પણ તેઓ સ્વીકારે છે. આપણા રૂપિયા બરાબર તેઓના ચાર ટંકા થાય છે.

તિબેટી પંચાંગ ઉપર ભારતીય પ્રણાલિકાની અસર છે. સાઠસાઠ વર્ષનાં ચક્રથી તેઓ કાલગણના કરે છે. સાઠ વર્ષમાં વળી બાર બાર વર્ષના પાંચ વિભાગો છે, જેના નામ પંચમહાભૂતનાં નામો પરથી છે, જ્યારે બાર વર્ષોનાં નામ ઘોડો, હાથી વગેરે પ્રાણીઓનાં નામ પરથી છે. તિબેટી વૈદક બહુ ઊંડું છે અને તેના પર આયુર્વેદની અસર સ્પષ્ટ છે.

સંપૂર્ણ ધાર્મિક પ્રથાઓથી ચાલતા તિબેટ જેવો દેશ જગતમાં બીજે ભાગ્યે જ હશે. તેના સર્વસત્તાધીશ દલાઈ લામાનું શાસન આઠ લાખ ચોરસ માઈલથી પણ વધુ વિસ્તારવાળા તિબેટમાં ચાલે છે. ભગવાન બુદ્ધના સાક્ષાત્ અવતાર ગણાતા દલાઈ લામા કોઈ સમ્રાટ કરતાં પણ વધુ સત્તા ભોગવે છે અને બધી જ બાબતોમાં તેમની આજ્ઞા આખરી ગણાય છે. દલાઇ લામાના ઉત્તરાધિકારીને શોધવાની પણ અનોખી રીત છે, જેને વિષે કુમાર(અંક ૩૯૬)માં અગાઉ આવી ગયું છે. બુદ્ધનો અવતાર મનાતા દલાઈ લામા પરણતા તો નથી જ, પણ સ્ત્રીઓ સાથે કશો વ્યવહાર પણ રાખતા નથી. મદિરા પણ તેમને નિષિદ્ધ છે, જોકે માંસાહાર તો અનિવાર્ય છે.

દલાઈ લામાની બાળક અવસ્થામાં જ શોધ કરાતી હોઇ તેઓ પુખ્ત ઉંમરના થાય ત્યાં સુધી રાજ્યતંત્ર માટે એક 'રીજંટ' નિમાય છે. ચીનના સામ્યવાદી આક્રમણની ભીતિને લીધે હાલના દલાઇ લામાને ૧૬ વર્ષની વયે જ બધી સત્તાઓ સુપરત કરવામાં આવી હતી.

દલાઈ લામાના હાથ નીચે ત્રણ પ્રધાનમંડળો રાજ્યની બધી વ્યવસ્થા સંભાળે છે. તિબેટની લોકસભાને 'થોન્ગ દુ' કહે છે. મુખ્ય પ્રાંતોમાં વ્યવસ્થા માટે સૂબાઓ (ગરપન) નીમેલા હોય છે. તિબેટમાં લગભગ ૬૦ જિલ્લાઓ છે, જેને 'ઝોંગ' કહે છે અને તેના અધિકારીને 'ઝોંગપન' કહે છે.

દલાઈ લામા જેવી જ ઊંચી કક્ષાના બીજા લામા તે તાશી લામા (પંચન લામા). તે અમિતાભ-બુદ્ધનો અવતાર ગણાય છે. દલાઈ લામા લૌકિક તેમ જ પારલૌકિક બંને વિષયોમાં સર્વોપરિ છે, જ્યારે પંચન લામા ફક્ત ધાર્મિક તેમ જ પારલૌકિક વિષયોમાં જ રસ લે છે. દુન્યવી કે રાજકીય બાબતમાં તેમને કોઈ અધિકાર નથી. તેઓ શિગત્સે પાસે તાશી-લુમ્પોમા રહે છે. પંચન લામાના મૃત્યુ પછી તેમના 'અવતાર'ની પણ શોધ કરવામાં આવે છે.

તિબેટમાં મંદિરોને ગોમ્પા કહે છે. ગોમ્પા મંદિર ને મઠનો સમન્વય છે. એના એક ભાગમાં દેવદેવીઓનાં મંદિર હોય છે ને બીજા ભાગમાં સાધુઓ વસે છે. ત્યાં વિદ્યાર્થીઓને શિક્ષણ અને યાત્રીઓને ઉતારો પણ મળે છે. દેવદેવીઓની મૂર્તિઓ ધાતુ ઉપરાંત સત્તુ તથા માખણની પણ હોય છે. તેમની સામે માખણના અસંખ્ય દીવાઓ બળતા હોય છે. ચારે બાજુએ દીવાલો ઉપર ચાર પાંચ ફૂટ લાંબા અને બે-ત્રણ ફૂટ પહોળા કાપડ ઉપર વિશિષ્ટ પ્રકારના રંગોથી ચીતરેલા 'થંકા' નામના ચિત્રપટો લટકાવ્યા હોય છે. તેના રક્ષણ સારુ તેના પર એક ઝીણું કાપડ પણ ઢાંકે છે. થંકાઓ ઉપર બહુધા બુદ્ધ, કાલભૈરવ કે બીજાં દેવદેવીઓના ચિત્રો કે કોઈ પૌરાણિક પ્રસંગ આલેખ્યા હોય છે. આ સુંદર અને મોહક ચિત્રો પર અજંતાની અસર સ્પષ્ટ જણાય છે.

ગોમ્પાઓમાં અનેક પ્રકારનાં વાદ્યો પણ રાખે છે, જે ધર્મવિધિઓ તેમ જ ઉત્સવ સમયે વગાડાય છે. એમાં નાના પ્રકારની શરણાઇઓ, વાંસળી, વિવિધ આકારના ઢોલ, મૃદંગ ને ડમરુ તથા પિત્તળના દુંદુભિ હોય છે. શંખનો પણ ઉપયોગ થાય છે. ઘણીખરી ગોમ્પાઓ પહાડ કે ટેકરી પર જ હોય છે. બીજાં મકાનો ઘણાંખરાં સફેદ ધોળેલાં હોય છે, પણ ગોમ્પાઓને લાલ કે ભગવા પટ્ટા મારેલા હોય છે. (અનુ૦ પૃ.૧૯૫મે)

માનવ વાનરમાંથી ઊતરી આવ્યો છે
વિધિલખ્યા લેખ જે મિથ્યા નથી થવાના, તો પછી–

૧. ઉત્ક્રાન્તિવાદ


પ્રશ્ન : સાંભળ્યું છે કે વિજ્ઞાનના ક્ષેત્રમાં ૧૯૫૯નું વર્ષ ચાર્લ્સ ડાર્વિનના સમુત્ક્રાંતિવાદના શતાબ્દી વર્ષ તરીકે ઉજવાશે. આ સમુત્ક્રાંતિવાદ શું છે અને તેણે આટલો બધો ઉહાપોહ શા માટે મચાવ્યો હતો?

ઉત્તર : સમુત્ક્રાંતિવાદ એ એક મહાન વૈજ્ઞાનિક સિદ્ધાંત છે ને તેણે છેલ્લાં ૧૦૦ વર્ષમાં માત્ર વિજ્ઞાનના જ નહિ પણ ધર્મ, ફિલસૂફી, રાજકારણ, સમાજશાસ્ત્ર આદિ ક્ષેત્રો પર પણ ઘણી ઊંડી અસર કરી છે.

કુદરતમાં બધી વસ્તુઓનો વિકાસ થાય છે એ વિચાર ઘણો જૂનો છે. હેરાકલીટસ, એમ્પીડોકલ્સ અને ઍરિસ્ટોટલ જેવા ગ્રીક ફિલસૂફો માનતા કે કુદરતમાં સજીવ વસ્તુઓનો વિકાસ થતો જ રહે છે અને અપૂર્ણ આકારો ધીરેધીરે સંપૂર્ણતાએ પહોંચે છે. ૧૮મી સદીમાં લેમાર્કે એવો તર્ક રજૂ કર્યો કે સજીવ વસ્તુઓમાં વંશપરંપરા કોઈ અવયવોનો ઉપયોગ ન થાય તો વખત જતાં તે અવયવોનો લય થાય છે, ને જે અવયવો વપરાતા રહે છે તેમનો વિકાસ થતો જાય છે. દા. ત. જિરાફના પૂર્વજો ઊંચી ઊંચી ડાળીએથી પાંદડાં ખાવા માટે ડોક લંબાવતા હોવાથી વખત જતાં તેમની ડોક લાંબી થઈ. પ્રાણીઓના શરીર પર વખત જતાં વાતાવરણની પણ અસર થાય છે એ આ સિદ્ધાંતમાં રહેલું સૂચન ૧૮મી સદીમાં ઘણા સામાજિક સુધારાઓની પ્રેરણારૂપ બન્યું. ડાર્વિને પોતાનો સિદ્ધાંત રજૂ કર્યો તે પહેલાંથી આ તર્ક પ્રચલિત હતો.

ડાર્વિનનો જન્મ ૧૮૦૯માં થયો હતો. નિશાળ અને કૉલેજનું શિક્ષણ પૂરું કરી તેણે સંશોધન માટે ખાસ વપરાતા એક અંગ્રેજી વહાણમાં પાંચ વર્ષ સુધી દક્ષિણ અમેરિકાના પ્રદેશમાં સંશોધન સફર કરી. આ દરમિયાન તેણે વિવિધ પશુ-પક્ષીઓ અને જળચરોનું બારીક અવલોકન કર્યું ને પાછા ફર્યા બાદ પોતાના વિચારોની નોંધ કરવા માંડી.

૧૭૯૮માં માલથુસ નામના એક અર્થશાસ્ત્રીએ વસતિ પર એક નિબંધ લખેલો. તેમા તેણે એવું વિધાન રજૂ કર્યું હતું કે માનવજાત હમેશાં પોતાની વસતિ ખોરાકના ઉત્પાદન કરતાં ઘણી વધારે ઝડપથી વધારે છે અને દુકાળ, રોગચાળો, યુદ્ધ એ બધા વધતી વસતિ પર અંકુશ રાખે છે તથા નબળાંઓનો નાશ કરે છે. ૧૮૩૮માં ડાર્વિને આ નિબંધ વાંચ્યો અને તેને તરત ધ્યાનમાં આવ્યું કે પૃથ્વી પર બધે જીવનકલહ (Struggle for existance) ચાલુ છે ને આમાં જે વધારે બળવાન હોય તે જીવે છે—Survival of the fittest. સજીવ સૃષ્ટિમાં જ્યાં કોઈ એક જીવજાતિની સંખ્યા મોટી હોય અને જીવનનિર્વાહ તથા જીવનસાથી માટે સ્પર્ધા થતી હોય તેમાં જીતવા માટે જે ગુણો જોઇએ તે ગુણો તે જાતિમાં કેળવાય; અને જેમનામાં આ ગુણો ન હોય તેમનો નાશ થાય. અમુક જાતિને અસ્તિત્વની આ લડાઇમાં, જાતિજાતિમાં રહેલી ભિન્નતાનાં અમુક લક્ષણો મદદરૂપ થઈ પડે. દા. ત. માણસની બુદ્ધિ અને બળ, સિંહના પંજા અને દાંત, બળદનાં શીંગડાં, ઝાડના કાંટા વગેરે. ઝડપથી દોડનાર હરણ અને ઝડપથી ઊડનાર પંખી શિકારીઓથી બચી શકે. વનસ્પતિ-સૃષ્ટિમાં પણ જે પાણીની અછત કે અતિ વર્ષા, ગરમી કે ઠંડી વગેરેનો સામનો કરી શકે એવી વનસ્પતિ તે તે પ્રદેશમાં ઊગે, બીજી નાશ પામે. આ જીવનકલહમાં અનુકૂલ ફેરફારોનું સંરક્ષણ થાય અને પ્રતિકૂલ ફેરફારોનો વિનાશ થાય; અને આવી રીતે નવી જાતિઓ ઉત્પન્ન થતી જાય. વીસ વર્ષના સતત પરિશ્રમ, અવલોકનો, પ્રયોગો તથા અથાગ વાચન બાદ ૨૪મી નવેમ્બર ૧૮૫૮માં ડાર્વિને પોતાના આ સર્વ વિચારો રજૂ કરતું પુસ્તક 'Origin of the Species' (જાતિઓની ઉત્પત્તિ) બહાર પાડ્યું.



ચાર્લ્સ ડાર્વિન

? માનવીની ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ?

હા, તે પણ કહું. પૃથ્વીની ઉંમર આશરે બે અબજ વર્ષની ગણાય છે. તેના ઉપર સજીવ વસ્તુઓ તો લગભગ ૬૦-૭૦ કરોડ વર્ષથી જ અસ્તિત્વમાં હોવાનું અનુમાન છે. એ સજીવ વસ્તુઓ પહેલવહેલી કેવી રીતે નિર્માણ થઈ તે તો કહી શકાય એમ નથી, પણ એમ મનાય છે કે સૂક્ષ્મ સજીવ કોષોથી તેની શરૂઆત થઈ હશે. કરોડો વર્ષો દરમિયાન તેમના આકારો બદલાતા ગયા અને ક્રમશઃ સૂક્ષ્મ જંતુઓ, માથા વગરના તણખલા જેવા કીડાઓ, માછલીઓ, ત્યાર બાદ મગર જેવાં પ્રાણીઓ ને પછી ચોપગાં, વાળવાળાં, ગરમ લોહીવાળાં પ્રાણીઓ થયાં. આને થયાં લગભગ ૧૫ કરોડ વર્ષ. પછી ઉત્ક્રાંતિના પ્રભાવે તેમનું વાનરોમાં અને તેમાંથી એક કરોડ વર્ષ પહેલાં માનવીમાં પરિવર્તન થયું. આ આદ્ય માનવી ઉત્ક્રાંતિની અનેક કક્ષાઓમાંથી પસાર થઈ ને અંતે આજથી લગભગ ૧૦ લાખ વર્ષ પહેલાં આજનો માનવી અસ્તિત્વમાં આવ્યો. પૃથ્વીમાં જે જે સ્થળેથી આ પુરાતન માનવીઓના અવશેષો મળ્યા છે તેના નામો તેમને આપવામાં આવ્યાં છે. દા. ત. 'જાવામૅન' 'નીઆન્ડરથાલ મૅન' વગેરે.

માનવીની ઉત્ક્રાંતિ દરમિયાન તેના મગજનો વિકાસ થયો અને તેની મદદથી તે બહુ ઝડપથી આગળ ધપવા લાગ્યો. પ્રાણીઓનો સહવાસ છોડી તેણે નવીનવી શોધો દ્વારા કુદરતી બળો સામે ટક્કર ઝીલવા માંડી. પોતાના રક્ષણ માટે તેણે હથિયારો બનાવ્યાં, ખેતી શરૂ કરી, ઘોડા ગાય બળદ જેવાં પ્રાણીઓને કેળવી પોતાને કામે લગાડ્યાં. વળી આ ઉત્ક્રાંતિ દરમિયાન જ અંતઃકરણના ઉમદા ગુણો, નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો, કલા-ઉપાસના એ સર્વેએ મનુષ્યના જીવનમાં પ્રવેશ કર્યો. તેણે ભાષાની પણ શોધ કરી અને તે દ્વારા તે એકબીજા સાથે સંપર્ક સાધી શક્યો તથા વિચારોની આપ-લે કરી શક્યો.

? આ તો બધું યોગ્ય જ લાગે છે. આજનો માનવી કે તેનાં આજનાં બધાં મૂલ્યો સહિત સીધો આકાશમાંથી પૃથ્વી પર ન જ ઊતરી આવ્યો હોય; પણ આ 'સમુત્ક્રાંતિવાદે' આટલો બધો ઉહાપોહ શા માટે કર્યો એ કાંઈ સમજાતું નથી.

(મે ૧૯૫૯)

૧૦૦,૦૦૦,૦૦૦ વર્ષો પૂર્વે



ધરતીના પેટાળનાં જબરદસ્ત બળોએ તેના પર ઊભાં કરેલાં પોલાણો પર વાતાવરણમાંથી સતત ધોધમાર વરસાદ વરસવા લાગ્યો ને એ પોલાણોમાં મહાસાગરો ઊભરાવા માંડ્યા. વાદળો દૂર થઈ પૃથ્વી પર સૂર્યપ્રકાશ પડવો શરૂ થયો હોઈ, વાતાવરણ જીવનને અનુકૂળ થવા માંડતાં પ્રાણવાયુ તથા અન્ય વાયુઓમાંથી સૌ પ્રથમ



૫૦,૦૦૦,૦૦૦ વર્ષો પૂર્વે

જીવનચેતન રસ ઉદ્‌ભવ્યો. આમાંથી જળમાં પ્રથમ લીલ જેવી વનસ્પતિથી શરૂ થઈ અનેક પ્રકારની વનસ્પતિ ઊગી



તે પછી પાણીમાં એમીબાથી શરૂ થઈ હાડકાં વિનાના અનેક જીવો ઉત્પન્ન થયા.



જે વિકસીને કાલાનુક્રમે માછલીઓ, તે પછી જળસ્થળચારી પ્રાણીઓ



ઉત્પન્ન થયાં. એમનો પણ સ્થળ ને સંજોગોને અનુકૂળ વિકાસ થતો જઈ તેમાંથી વિશાળકાય સરિસૃપ



પ્રાણીઓ ઉદ્‌ભવ્યાં. જીવનની રહેણીકરણીને અનુકૂળ શારીરિક વિકાસ થતો જઈ એ કાળે પીંછાં વિનાનાં પંખીઓએ પણ પ્રથમ દેખા દીધી.



આના પછી પ્રથમ સસ્તન પ્રાણીઓનો વંશ અસ્તિત્વમાં આવ્યો. ઉત્તરોત્તર એનો વિકાસ થતો રહી વાનર અને એમાંથી આદિમાનવ ઉત્પન્ન થઈ એમાંથી આખરે માનવ થયો.



૫,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે

ઉ. કારણ કે ડાર્વિનના સિદ્ધાંતે ખ્રિસ્તી ધર્મની પુરાણી માન્યતાના પાયા હચમચાવી નાખ્યા. ઈશ્વરે સાત દિવસમાં પૃથ્વી અને તેના પરનાં માનવી પશુપક્ષી વનસ્પતિ એ સર્વે રચ્યાં, એવી તેમની જે પરંપરાગત દૃઢ માન્યતા હતી અને ધર્મગુરુઓ જે આ બધું શીખવતા તેમને 'મનુષ્યના આદિ વડવા વાનરો હતા અને મનુષ્યની ઉત્ક્રાંતિ નીચલા વર્ગનાં પ્રાણીઓમાંથી થઈ' એ વાત કેવી રીતે ગળે ઊતરે? એટલે ડાર્વિનના અનુયાયીઓ અને ધર્મગુરુઓ વચ્ચે બહુ ગરમાગરમ ચર્ચાઓ થઈ. અંતે ડાર્વિનના આ સમુત્ક્રાંતિવાદના પ્રહારથી ધર્મના ક્ષેત્રમાં પણ સંશોધનને વેગ મળ્યો અને ધાર્મિક રીતરિવાજો તથા વિચારોનો વિકાસ કેવી રીતે થયો તેનાં સંશોધન તરફ વિદ્વાનો દોરવાયા.

? ત્યારે તો રાજકારણ ને ફિલસૂફીના ક્ષેત્રમાં પણ આ સિદ્ધાંતની અસર થઈ હશે?

ઉ. જીવન-કલહમાં જે બળવાન હોય તેનો વિજય થાય છે એ કુદરતી નિયમ રાજકારણમાં પણ લાગુ પડે જ છે એવો મત કેટલાક ફિલસૂફોં–ખાસ કરીને જર્મન ફિલસૂફ હેકલે દર્શાવ્યો; અને પછી તો ડાર્વિનનો સિદ્ધાંત એક વૈજ્ઞાનિક તર્ક મટી ધીમેધીમે એક 'ધર્મ' બની ગયો. બીજા જર્મન ફિલસૂફ નિએત્સેએ તો વળી બધા પર કાબૂ રાખે અને બધાને પ્રેરણા આપે એવા 'સુપરમૅન'–પરમ કોટિના માનવીની શક્યતા બતાવી. આ બધાને લીધે જર્મનીમાં એક જાતની લડાયક વૃત્તિ તથા જર્મન પ્રજા બીજી પ્રજાઓ કરતાં વધારે ઊંચી કોટિની હોવાનો ઘમંડ એવાં અનિચ્છનીય વલણો ઉત્પન્ન થયાં અને છેવટે ૧૯૧૪ અને ૧૯૩૯નાં વિશ્વયુદ્ધો સર્જાયાં. બીજી બાજુ ફ્રાંસમાં આ સિદ્ધાંતની અસર રાજકીય કરતાં વ્યક્તિગત વધારે થઈ, અને જીવનકલહના સંઘર્ષના નામ નીચે પ્રચલિત નૈતિક ધોરણોને લોકો તિલાંજલિ આપવા લાગ્યા. 'બધા માણસો સરખા જન્મ્યા છે' એ વિધાન ખોટું છે, માણસ માણસ વચ્ચે શારીરિક અને માનસિક તફાવતો હોય છે, ઇત્યાદિ વિચારોએ સામાજિક ક્ષેત્રમાં પણ ઊંડી અસર કરી.

? અને બીજાં ક્ષેત્રો પર આ સિદ્ધાંતની અસર?

ઉ. જેમ કૉપરનિકસ અને ન્યૂટને ભૌતિક વિચાર દ્વારા ખગોળના ક્ષેત્રમાં કુદરતના નિયમો સમજવાની શક્યતા બતાવી તેવી જ રીતે જીવવિદ્યાના ક્ષેત્રમાં પણ કુદરતના નિયમો સમજવાની શક્યતા ડાર્વિનના કાર્યે બતાવી. કુદરતમાં બધી સજીવ વસ્તુઓ વિકાસ પામે છે એ ડાર્વિને બતાવ્યું. આ સિદ્ધાંતે માનવવંશશાસ્ત્ર(એન્થ્રૉપૉલૉજી)માં સંશોધનને ઘણો વેગ મળ્યો. દેશવિદેશમાં મળી આવતી આદ્યપ્રજાઓનાં શરીરનાં માપો તેમજ તેમના રીતરિવાજોનો અભ્યાસ કરવા લોકો પ્રેરાયા. સાહિત્યમાં પણ તેની અસર થઈ. ટેનીસનની મહાન કવિતા 'ઇન મેમોરિયમ'ની કેટલીયે કડીઓ આના પર રચાએલી છે.

? તો હવે આ સમુત્ક્રાંતિની દૃષ્ટિએ માનવીનું ભવિષ્ય શું છે?

ઉ. આ પ્રશ્નનો જવાબ સહેલો નથી. કોને ખબર લાખો વર્ષ પછી મનુષ્ય કેવો હશે? છેલ્લાં ૨૦,૦૦૦ વર્ષમાં માનવીના શારીરિક અવયવોમાં ઘણો ફેરફાર થયો નથી. એવી પણ એક કલ્પના છે કે ભવિષ્યનો માનવી વાળ વગરનો, એપેન્ડિક્સ વગરનો હશે! મનુષ્યની ઉત્ક્રાંતિ દરમિયાન મગજનો વિકાસ એ એક અગત્યની ઘટના છે. મગજને લીધે જ તે પોતાની જાતને સંરક્ષી શક્યો છે અને બીજી જાતિઓ પર પ્રભુત્વ મેળવ્યું છે. એ મગજનો હજી યે વધારે વિકાસ થાય એ સંભવિત છે.

? પણ માનવજાતનું છેવટે શું થશે? ભૂતકાળમાં 'ડીનોસર' જેવાં મોટાં વિરાટ પ્રાણીઓ પણ સમુત્ક્રાંતિ દરમિયાન નાશ પામ્યાં તેમ એ પણ નાશ પામશે?

ઉ. બધી જીવજાતિઓમાં માનવજાત જ એક એવી છે કે જે કુદરતના બદલાતા રંગોનો સામનો કરી શકે છે, અને પોતાના વાતાવરણને

અનુકૂળ થઈ શકે છે. કદાચ કોઈ કુદરતી ઝંઝાવાતને લીધે આ માનવજાત નાશ પામે તો પછી બીજી સજીવ વસ્તુઓ પણ નાશ પામશે એવું લાગે છે. એ પણ બનવા જોગ છે કે માનવજાતમાંથી બીજી નવી જ જીવજાતિઓ ઉદ્ભવે! અથવા તો બીજો વિકલ્પ એ છે કે ઉત્ક્રાંતિની પીછેહઠ થવાથી તે આજની સંસ્કૃતિ કરતાં ઘણી નીચી પાયરીએ ઊતરી જશે. બીજી ઘણી જીવજાતિમાં આવું થયું છે. જોકે; માનવી પોતાની બુદ્ધિ દ્વારા ઍટમ બૉમ્બ જેવા વિનાશક રાક્ષસો બનાવી શકે છે, તેમ છતાં તેની નૈતિક ને આધ્યાત્મિક ઉત્ક્રાંતિ તેને વધુ ને વધુ ઊંચે લઈ જશે એવી આશા છે.

? આ 'સમુત્ક્રાંતિ'માં કુદરતનો કોઈ આશય હશે ખરો?

II. કેટલાકો માને છે કે તેમાં કોઈ જ આશય નથી. જીવનનું કોઈ ધ્યેય કુદરતે નક્કી નથી કર્યું. પોતાની જિંદગીનું ધ્યેય અથવા સમસ્ત માનવજાતનું ધ્યેય માનવીએ પોતે જ નક્કી કરવાનું છે એમ જુલિયન હક્સલે જેવા પ્રાણીશાસ્ત્રીઓ માને છે; જ્યારે બીજા કેટલાક માને છે કે ભલે આજે આપણને ખબર ન હોય પણ સમુત્ક્રાંતિમાં કુદરતનું કંઈક ધ્યેય તો હોવું જ જોઇએ. અંતમાં એટલું જ કહેવાનું કે ડાર્વિનના સિદ્ધાંતને આજે સો વર્ષ થયાં. આ સો વર્ષમાં વિવિધ ક્ષેત્રોમાં તેણે વિચારશ્રેણી બદલી નાખી છે અને સંશોધનને વેગ આપ્યો છે. કોને ખબર છે કે બીજાં સો વર્ષમાં તે શો ભાગ ભજવશે?

ડાર્વિનની 'ઓરિજિન ઑવ સ્પીશીઝ'ની પહેલી આવૃત્તિની ફક્ત ૧૨૫૦ નકલો છપાઈ હતી. આ વર્ષે તેની શતાબ્દી-આવૃત્તિની લાખો નકલો છપાઇ છે. એકલા અમેરિકામાં જ ૧૦ લાખ માણસો તે ખરીદશે એવો અંદાજ છે. આપણા વિકસતા વિજ્ઞાનમાં 'જાતિઓના વિકાસ'ના ડાર્વિનના આ સિદ્ધાંતે અમૂલ્ય ફાળો આપ્યો છે ને આપશે.

(આકાશવાણીના સૌજન્યથી)

૨. ઉમરખય્યામ


આજથી બરાબર સો વર્ષ પર, ઈ. ૧૮૫૯ની ૭મી એપ્રિલે લંડનમાં એક નાનકડી પુસ્તિકા બહાર પડી. ઉપર કર્તાનું નામ ન હતું; ન પુસ્તિકાનું નામ પણ જરા વિચિત્ર હતું: 'રૂબાઇઆત ઑવ ઉમર ખય્યામ'. અંદર ગણતરીનાં કાવ્ય-મુક્તકો હતાં; કિંમત પણ બહુ ન હતી, છતાં તેની પૂરી બસો નકલ પણ વેચાઈ નહિ. તેના અનામી લેખક(એડવર્ડ ફિટ્ઝજિરાલ્ડ)ને મનમાં થયું કે હોંશથી કરેલી મહેનત ફૂટી પડી! એટલે તેણે બધી નકલો જૂની ચોપડીઓ વેચનાર બુકસેલર બર્નાર્ડ કવૉરિચને ભેટ આપી દીધી. તેણે એની કિંમત ઘટાડી નાખીને વેચવા મૂકી, ને તોપણ ન વેચાતાં છેવટે એક એક પેનીએ વેચવા માટે દુકાનની બહારના ખોખામાં મૂકી.

આમ એક વર્ષ વીતી ગયું. એવામાં એક દિવસ ડૅન્ટી ગૅબ્રિયલ રૉઝેટી નામનો જાણીતો કવિ એ દુકાને જઇ ચડ્યો. તેણે એ ખોખામાં ધૂળ ખાતી પડેલી આ વિચિત્ર નામની ચોપડીનાં પાનાં ફેરવવા માંડ્યાં તો એ માદક મુક્તકો પર નજર ફેરવતાંની સાથે જ તે મુગ્ધ થઈ ગયો. એણે તરત એની પાંચ છ નકલ ખરીદી લીધી ને પોતના વિદ્વાન મિત્ર ને જાણીતા કવિ સ્વિનબર્ન તથા લૉર્ડ હાઉટનને બતાવી; અને પછી તો તેણે પોતાના બધા મિત્રોને એ ખરીદવા મોકલ્યા. જોતજોતાંમાં તો લંડનના સાક્ષરજગતને તેણે પ્રશંસામુગ્ધ બનાવી મૂક્યું.

અને તારીફનો આ જુવાળ—કે એમાંનું વસ્તુ ક્ષણજીવી ન હતાં. વિધાતાની વિચિત્રતા, પ્રારબ્ધનું પ્રભુત્વ વગેરેને વશવર્તી માનવજીવનની અને આ નાશવંત સંસારની કરુણ નિર્મિતિની સામે, 'આજનો લહાવો લીજીએ જી કાલ કોણે દીઠી છે' એવા પ્રકારની છતાં નિગૂઢતાની છાયાવાળી એવી ફિલસૂફી એમાં હતી કે યુવાનો ને વિદ્વાનો તેના પર એકસરખા આફરીન પોકારી ઊઠ્યા. યુવાનોમાં તેની સૌથી વધુ માનીતી રૂબાઈ આ હતી:

Here with a Loaf of Bread beneath the Bough,
A Flask of Wine, a Book of Verse—and Thou
Beside me singing in the Wilderness—
And Wilderness is Paradise enow.

અગિયારમી સદીનો એ ઈરાની કવિ ઓગણીસમી સદીના જુવાનોનો તો પ્રીતિપાત્ર થઈ પડ્યો. અરધી ફિલસૂફી બોધક અને અરધી માદક એની રૂબાઇઓમાં જીવનનાં મૂલ્યોના સમાધાન કરતાં એષણાઓની ઉત્તેજના વધારે હતી. ને એ માદક ફિલસૂફી તત્કાલીન જ નહિ પણ તે પછીનાં આ ૧૦૦ વર્ષના સર્વ પેઢીઓને મુગ્ધ કરતી રહી છે. ત્યાર પછી એની હજાર ઉપરાંત તો આવૃત્તિઓ થઈ છે, એની લાખો ને કરોડો નકલો વેચાઈ ગઈ છે, ને જર્મન, ઇટાલિયન, ફ્રેંચ, ડૅનિશ હંગેરિયન એમ પચાસ ઉપરાંત ભાષાઓમાં એના અનુવાદો થયા છે! યુવાનોમાં તો એના લાપરવા ને નિરાશાવાદી નિરીશ્વરવાદનો એક પંથ ઊભો થએલો! પણ કહેવાય છે કે વિખ્યાત અંગ્રેજ કવિ-નવલકાર ટૉમસ હાર્ડી જ્યારે ૮૮ વર્ષની વયે મૃત્યુશય્યાએ હતો ત્યારે છેલ્લી પળોમાં તેણે એમાંની નીચલી રૂબાઈ પોતાને વાચી સંભળાવવાનું કહેલું:


એડવર્ડ ફિટ્ઝજિરાલ્ડ


O Thou, who Man of baser Earth didst make,
And ev'n with Paradise devise the Snake:
For all the Sin wherewith the Face of Man
Is blackened–Man's forgiveness give–and take!

આમ, એક વેળા તદ્દન ઉપેક્ષા પામેલી એ કાવ્યકૃતિ લોકહૃદયના સિંહાસન પર આરૂઢ થઇ અને એના લેખક એડવર્ડ ફિટ્ઝજિરાલ્ડનું નામ દિગંતવ્યાપી થઇ ગયું. અંગ્રેજી સાહિત્યમાં એ કૃતિ અમર થઈ ગઈ. એ એડવર્ડ ફિટ્ઝજિરાલ્ડ સુખી ઘરનો અને અયશી, પણ મહા વિદ્વાન હતો. એનું મૂળ નામ તો એડવર્ડ પર્સેલ; પણ એના પિતા જૉન પર્સેલે મિસ ફિટ્ઝજિરાલ્ડ નામની એક શ્રીમંત કન્યા સાથે લગ્ન કર્યા પછી કુટુંબે એ નામ ધારણ કરેલું. એડવર્ડનો જન્મ ઈ. ૧૮૦૯ની ૩૧મી માર્ચે–આજથી દોઢસો વર્ષ પહેલાં–થએલો ને કેમ્બ્રિજમાં અભ્યાસ કરીને સ્નાતક થએલો, જ્યાં થૅકરે અને થૉમ્સન જેવા એના મિત્રો હતા. પિતા મનગમતું જીવન ગાળવા જેટલા પૈસા મૂકી ગયા હતા, એટલે તે પોતાના વતન વૂડબ્રિજ ખાતે, આપણા કવિ કલાપીની મહેચ્છા પ્રમાણે (જીવીશ બની શકે તો એકલા પુસ્તકોથી) ફૂલો, પુસ્તકો અને સંગીતના સાંનિધ્યમાં જ, ગ્રામપ્રદેશની શાન્તિમાં કોઈ સ્વપ્નશીલ તપસ્વી જેવું એકાકી જીવન ગાળતો. ઈ. ૧૮૩૫માં ટેનીસન સાથે અને ૧૮૪૨માં કાર્લાઇલ સાથે એને પરિચય–અને પછી ગાઢ દોસ્તી થઈ. યુરોપના પ્રાચીન સાહિત્ય ઉપરાંત પૂર્વની ભાષાઓનો પણ તે ઊંડો અભ્યાસી હતો, જેના પરિણામરૂપ તેણે સંખ્યાબંધ પ્રશિષ્ટ કૃતિઓ આપી છે, પણ તે બધી ભુલાઈ ગઈ છે.

ચુંમાળીસ વર્ષની વયે એ પોતાના જેવા જ—જીવનનાં ગુલાબી સ્વપ્નોમાં રાચતા–ઇરાની કવિ ઉમર ખય્યામની રૂબાઇઓથી આકર્ષાયે



Ah, Love! could thou and I with Fate conspire
To grasp this sorry Scheme of Things entire,
Would not we shatter it to bits—and then
Re-mould it nearer to the Heart's Desire!




The Worldly Hope men set their Hearts upon
Turns Ashes—or it prospers; and anon,
Like Snow upon the Desert's dusty Face
Lighting a little Hour or two—is gone.

ને તેનો અનુવાદ નહિ પણ રૂપાંતર કરવું શરૂ કર્યું. મોજથી, ધીરજથી, શાંતિથી, હોંશથી તે વર્ષો સુધી તેના પર કામ કરતો રહ્યો અને છેવટે 'ફૉર્ટનાઈટલી રિવ્યૂ'ના તંત્રીને એ મોકલી. તેણે એક વર્ષ રાખી મૂકીને તે પાછી મોકલી. આથી ૧૮૫૯માં તેણે તે પોતાને ખર્ચે, પોતાના નામ વિના જ છપાવી—અને પછી શું બન્યું એ તો આપણે હવે જાણીએ છીએ. ખુદ ખય્યામના કરતાં પણ એની કૃતિની કીર્તિ આજે વિશેષ છે—બલ્કે ખય્યામ એને લીધે જ પશ્ચિમી જગતમાં પ્રતિષ્ઠા પામ્યો.

જોકે એ ઉમર ખય્યામ પણ જેવોતેવો આત્મા ન હતો. ઇરાન જ નહિ બલ્કે સમસ્ત પૌરસ્ત્ય જગતના શ્રેષ્ઠ કવિઓમાં એની ગણના થાય છે. એનું આખું નામ તો ગ્યાથુદ્દીન અબ્દુલ ફતાહ ઉમર બિન ઇબ્રાહીમ અલ ખય્યામી. એમાં ખય્યામ એટલે તંબૂ બનાવનાર. એના પિતા ઇબ્રાહીમનો એ ધંધો હતો; પણ ઉમર તો એના યુગનો મહા વિદ્વાન ગણિતી અને વિદ્યાવ્યાસંગી હતો. એની ખરી લગની ખગોળ-વિદ્યા પ્રતિ હતી. નીશાપુર ખાતે—કે તેની નજીકમાં એનો જન્મ થએલો. આકાશના સતત નિરીક્ષણ અને તેના પ્રત્યક્ષ ગણિત દ્વારા ખગોળ વિષયક સંશોધનોમાં વર્ષો સુધી તે રચ્યોપચ્યો રહેલો. અરબીમાં રચેલા બીજગણિત (ઍલજિબ્રા) ઉપરના તેના પ્રમાણભૂત ગ્રંથ અને એવી અન્ય કૃતિઓથી અરબ વિદ્વાનોમાં ફેલાએલી તેની ઉજ્જ્વલ કીર્તિથી આકર્ષાઈને સુલતાન મલિકશાહે તેને ૧૦૭૪માં પોતાની પાસે પાટનગરમાં બોલાવી મોટા પાયા પર ખગોળ વિષયક સંશોધનો કરવાનું તથા પ્રત્યક્ષ ગણતરી પર 'ઝિજ'ના પ્રચલિત પંચાંગને સુધારવાનું કામ સોંપ્યું. એ પછી એણે 'તારીખે મલિક શાહી-યા જલાલી' મુકરર કરી આપીને જાણીતો સેલજુક સંવત શરૂ કરાવી આપ્યો. એનું શેષ જીવન સુલતાને બાંધી આપેલા માતબર સાલિયાણા પર અયશમાં વીત્યું અને રાજદરબારી માનઅકરામ કે હોદ્દા અધિકારની પરવા કર્યા વિના પોતાનો સઘળો અવકાશ તે અભ્યાસ ને ચિંતનમાં જ ગાળવા લાગ્યો જેના ફલસ્વરૂપ લગભગ ૫૦૦ જેટલી રૂબાઈઓ છૂટક મુક્તક રૂપમાં તેણે લખી છે. એની ગણિતી પ્રતિભાને ઢાંકી દેનાર એ કાવ્ય-મુક્તકો પૈકી થોડીઘણી રહસ્યવાદી અને સર્વેશ્વરવાદી પણ છે, પરંતુ મોટાભાગની રૂબાઇઓ રૂઢિચુસ્ત ઉલેમાઓની સંકુચિત સ્થિતિચુસ્તતા તથા વિદ્વાન સૂફીઓના ફાંટાબાજ ધમંડો પર આકરા પ્રહાર રૂપ છે.

એક વાત કહેવાની રહી ગઈ. જીવનભર અભ્યાસરત એકાંતમાં ગાળનાર ફિટ્ઝજિરાલ્ડને જિંદગીના નમતા પહોરે સાગરનો નાદ લાગ્યો ને ઈ. ૧૮૭૧થી પ્રતિ વર્ષ જૂનથી ઑક્ટોબર તે સાગરસફરમાં જ ગાળવા લાગ્યો. ઈ. ૧૮૮૩ના જૂનની ૧૪મીએ રાત્રે શાંત નિદ્રાવસ્થામાં જ તેનું અવસાન થયું. (સંકલિત)



તિબેટી ચિત્રકલાનો નમૂનો : લુંબિની વનમાં માયાદેવીની કૂખે બુદ્ધનો જન્મ : ઈ.ની ૧૬મીથી ૧૮મી સદી દરમ્યાન ચીતરાએલું પટચિત્ર
(પારીસના મ્યુઝે ગિમેઠના કલાસંગ્રહસ્થાનમાં)



બિહારીલાલ બારભૈયા

ઈ. ૧૯૪૬ના અરસામાં નિવૃત્ત શિક્ષણશાસ્ત્રી સ્વ. કૌશિકરામભાઇ મહેતાના પુત્ર પાસે તેનો એક યુવાન મિત્ર પોતાનાં આલેખનો બતાવી રહ્યો હતો. કૌશિકરામભાઇએ તેને તુરત પૂછ્યું: 'તમને કળાનો આટલો શૉખ છે તો પછી તેનો રીતસરનો અભ્યાસ કેમ કરતા નથી–જો તમે ખરેખર આ વિદ્યાની સાધના કરવા માગતા હો તો?'

'હું ખરેખર આ વિદ્યાનો ભક્ત છું, પણ આપણા શહેરમાં કોની પાસે જાઉં?'

કૌશિકરામભાઇએ તુરત શ્રી રવિશંકર રાવળ ઉપર એક ભલામણપત્ર લખી આપ્યો



બાઉલ ભજનિક (રેખાંકન: બારભૈયા)



કલા-આલેખન: 'અસ્તરત' (Astaroth કે Astarte)–એ ફીનીશિયન પ્રજાના દેવાધિદેવ 'બાલ'ની પત્ની અને પ્રજનનની દેવી ગણાતી. પ્રાચીન મૂર્તિઓમાં તેનું ગાય તરીકે પણ નિરૂપણ થયું છે. ચન્દ્રકલા એનું પ્રતીક હતું અને નીનેવેહ, આરબેલા, એરેક વગેરે સ્થળે આવેલાં તેનાં મંદિરોમાં, આપણા વામમાર્ગ પેઠે, બહુ ભોગવિલાસભરી તેની પૂજા થતી. રેખાસામર્થ્યમાં ખ્યાતનામ ઈંગ્લંડના કલાકાર એ. ઓ. સ્પેરના આ આલેખનમાં, ચન્દ્રકલામાં આસનસ્થ તેના નિર્વસ્ત્ર દેહાલેખન તથા વાળ પાછળની જ્વાળાઓ દ્વારા એ બધાં તત્ત્વો, પૂર્વની પ્રતીકાત્મક રીતે નહિ પણ પશ્ચિમની હૂબહૂ શૈલીએ, આલેખવાનો પ્રયત્ન જણાશે.

અને બીજે દિવસે બિહારી ગુજરાત કલાસંઘ ચિત્રશાળાનો વિદ્યાર્થી બન્યો.

થોડા મહિનામાં જ તેને અમદાવાદના મંગળદાસ પરિવારનાં કુલલક્ષ્મી શ્રી લીના બેન સાથે પરિચય થયો. આ બેન તેમના પિતા-માતા શ્રી અંબાલાલ સારાભાઇ તથા શ્રી સરલા બેનનાં સંસ્કાર અને શિક્ષાનો પૂરો વારસો પામ્યાં છે. તેમણે બિહારીલાલની ચિત્રકળા શીખવાની તમન્ના જોઇને શાન્તિનિકેતન કલાભવનમાં શ્રી નંદબાબુ પાસે તાલીમ લેવાની છાત્રવૃત્તિનો પ્રબંધ કરી આપ્યો. પછી તો તેણે ચાર વર્ષ સાધના કરી ભારતીય આદર્શોને અનુસરીને ગુરુ પ્રતિની નિષ્ઠા વડે અને સ્વ-પરિશ્રમથી કળાની સાચી ભાવના અને સ્વરૂપનો પરિચય તથા દીક્ષા મેળવ્યાં ને ૧૯૫૧માં પ્રથમ વર્ગમાં આવી ડિપ્લોમા મેળવ્યો.

એ ગાળા દરમ્યાન તેને આજે પ્રસિદ્ધિ પામેલા કલાગુરુઓ ને કલાર્થીઓનો પ્રગાઢ સંપર્ક પ્રાપ્ત થયો. શ્રી નંદબાબુના સ્નેહપાત્ર બનવા ઉપરાંત તે શ્રી વિનોદવિહારી મુખર્જીનો પણ નિકટ પરિચય પામ્યા, ને વૂડકટ–લીનોકટ જેવી ઈતર કલારીતિઓમાં જ્ઞાન મેળવ્યું. રાજસ્થાનના પ્રસિદ્ધ યુવાન કલાકાર કૃપાલસિંહ શેખાવત તેના સહપાઠી હતા. તેમની સાથે બંધાએલો તે વખતનો સંબંધ ચિરસ્થાયી મૈત્રી રૂપે આજ સુધી જળવાયો છે, અને તેના પરિણામે દિલ્હીમાં બિરલાભવનમાં ગાંધીજીના દેહવિલયના સ્થાન આગળના આભારામાં મહાત્માજીના જીવનવૃત્તનાં ભીંતચિત્રો તૈયાર કરવામાં શ્રી કૃપાલસિંહે બિહારીલાલને જોડાજોડ કામ કરવાની તક આપી. એ અનુભવ બિહારીલાલના કલાજીવનનું અગત્યનું સોપાન ગણાય.


આમ તો શાંતિનિકેતનના વિદ્યાર્થીકાળમાં



શ્રી બિહારીલાલ બારૈયાના 'ડ્રોઈંગ'-કાર્યનો નમૂનો—મહર્ષિ દેવેન્દ્રનાથ ઠાકુરનું શાન્તિસ્થાન. ત્યાં લખેલું છે : 'તિનિ આમાર પ્રાણેર આરામ, મનેર આનંદ, આત્માર શાંતિ'

યે તેણે પોતાની નિષ્ઠા અને ગુણપ્રપૂર્ણ-કૃતિઓથી સર્વનું આકર્ષણ પ્રાપ્ત કર્યું જ હતું. ડિપ્લોમા મેળવીને તરત ૧૯૫૧માં તેણે પોતાના એકલાનાં ચિત્રકામોનું પ્રદર્શન ત્યાં કર્યું. પછી દિલ્હીની ઑલ ઇન્ડિયા ફાઈન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ સોસાએટીમાં પ્રદર્શન કર્યું, તથા મૉસ્કોના યુવકમહોત્સવમાં ચિત્રો મોકલેલાં તે પૈકી એક રશિયન સરકારે ખરીદેલું. એવામાં વડોદરા યુનિવર્સિટીની ફૅકલ્ટી ઑવ હૉમ સાયન્સના કલાધ્યાપક શ્રી બીશી કલકત્તા ગયા. બિહારીલાલ કળાની વિવિધ પ્રક્રિયાઓના જાણકાર હોવાને લીધે તે જગ્યા પર તેમની વરણી થઈ, અને આજ સુધી એ સ્થાને રહ્યે રહ્યે પોતાની કલામાં તેમણે ઉત્તરોત્તર અભિવૃદ્ધિ કરી છે.

દિલ્હીમાં તેમના પ્રદર્શનથી જે છાપ પડી



↑બંગાળી ઘરનું આંગણું : આંબાના ઝાડ નીચે ગોરી ગાય અને વાછરડું તથા ઘરની ઓશરીમાં ગવાક્ષ આગળ પડેલો ઘડો: ભારતીય ગ્રામઘરનું કવિત્વમય દૃશ્ય રજૂ કરતું લીનોકટ ચિત્ર

તેના પરિણામ રૂપ તેમને પાર્લામેન્ટ ભવનમાં એક ભીંતચિત્ર કરવાનું કામ સોંપાયું, અને પોતાને સહજ સાનુકૂળ બનેલી રાજસ્થાની શૈલીમાં એનું આલેખન કરીને તેમણે પોતાનો અભ્યાસ સાર્થક કરી બતાવ્યો છે. એમાં પશ્ચિમ ભારતનાં ત્રણ ભક્તપાત્રોને આલેખવામાં તેમણે સિદ્ધ રેખાંકન, પાત્રનિર્માણ અને દૃશ્યરચનાની શક્તિનો સારો પરિચય આપ્યો છે. બાર ફૂટ લાંબું ને ચાર ફૂટ પહોળું એ ચિત્ર ભારતના અગ્રણી ભવનમાં હમેશાં રહેશે એ આ યુવાન કલાકાર માટે નાનોસૂનો સંતોષ નથી. આવાં એકલ હાથે કરેલાં ચિત્રકામો તેની કળાનું મૂલ્યાંકન કરવા જાણે ઓછાં હોય તેમ તેમાં યોગ્ય પૂર્તિ કરવાને દિલ્હીની લલિતકલા અકાદમી તરફથી ભરાતા રાષ્ટ્રીય ચિત્રપ્રદર્શનમાં તેને રૂા. ૧૦૦૦નું પારિતોષિક રાષ્ટ્રપતિના હાથે મળવાનું ભાગ્ય સાંપડ્યું છે.

બિહારીલાલ એક ચિત્રકાર તરીકે નિત્યનો વ્યાસંગ સાચવી રહ્યા છે. સંસારની ફરજો અદા કરવા પછીના બધા સમયમાં તે કોઈ ને કોઈ કલાકાર્યમાં હમેશાં રત રહે છે. વસ્ત્રો પર બાટિક સુશોભન કે લીનો-ખુદાઈ કે ચર્મકલાકારી વગેરે બહુવિધ પ્રવૃત્તિઓમાં તે શૈલી અને હથોટીમાં નવા પ્રયોગો કર્યા જ કરે છે.

યુરોપના કળાપ્રવાહોના પ્રસારામાં કેટલાંયે શિષ્ટ ભારતીય કલાસ્વરૂપોની વિસ્મૃતિ કે ઉપેક્ષા થઈ રહી છે તેવા આ સમયમાં નિષ્ઠાપૂર્વક ભારતીય કલાપ્રકારોની સાધના સાચવી રહેલા આ યુવાન માટે સમાજ ને ઇતિહાસ યોગ્ય આદર બતાવે એવી ઇચ્છા સહજ થાય છે.



બજારેથી વળતી બંગાળી ગૃહિણી: શ્રી બિહારીલાલ બારૈયાએ રેશમી કાપડ પર ગેરૂરંગી રેખાઓમાં અભ્યાસકાળ દરમ્યાન કરેલું આલેખન



આ ચિત્ર વિષેનું સ્મરણ નોંધતાં બારભૈયા લખે છે: 'એક વાર નંદબાબુ જલરંગના વૉશ શીખવવાના હતા. મારી બારીની બહાર દેખાતું ને સખત પવનમાં રમણીયપણે ડોલતું ઊંચા યુકૅલિપ્ટસનું ઝુંડ ઘણા વખતથી મારા મનમાં રમી રહ્યું હતું તે મેં નિરૂપ્યું, તે જોઇને નંદબાબુ કહે, કાલે તું મારા સ્ટુડિયોમાં આવજે; રંગ સ્વચ્છ ને સુંદરરીતે કેમ લગાડવા તે હું શીખવીશ. બીજે દિવસે હું ગયો તો નિત્યનિયમ પ્રમાણે પોતાની બેઠકની બાજુમાં અગરબત્તી સળગાવી તે કામની શરૂઆત કરતા હતા. મને કહે, ચિત્રનું કૉમ્પોઝીશન આછી પેન્સિલથી કરીને રંગ લગાવ; હું જોઉં તું કેમ લગાવે છે તે. મેં કામ શરૂ કર્યું અને રંગ લગાવવા માંડ્યા, ત્યાં અધવચ્ચે તેમણે કહ્યું, જો એમ નહિ...અને પછી અરધા કલાકમાં તેમણે તે અધૂરા ચિત્રને જાદુની છાયા પાથરી હોય એમ પુરું કરી આપ્યું, અને તેની નીચે ડાબે ખૂણે લખ્યું: બિહારીનન્દ. એમની શિક્ષાપ્રસાદીવાળું આ ચિત્ર મેં મોંઘી મીરાસ તરીકે સાચવી રાખ્યું છે.'



કળાના પૂજારી કાન્તિલાલ દવે

(લેખક: કૃષ્ણલાલ ભટ્ટ)

સ્વ. ભાઈ કાન્તિલાલને ગુજરાતનો અમુક જ વર્ગ એક સાચા કલાકાર તરીકે જાણે છે.

તેઓ ઘણા મિલનસાર સ્વભાવના, વાતચીતની કળામાં નિપુણ ને પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવનાર હોઈ તેમનું મિત્રમંડળ બહોળું ને વિવિધ હતું તદ્દન સામાન્યથી માંડીને ભણેલા, ધનિક, ધંધાદારી, સાહિત્યરસિક, વેપારી, મોટા અમલદારો,–એમ ઘણા એમનો સહચાર શોધતા, અને કેટલાક ઝંખતા પણ.

કેટલીક સંસ્થાઓ તેમને પોતાને ત્યાં પ્રદર્શનો ગોઠવવા, રંગોળી પૂરવા, રંગભૂમિની બાહ્ય તેમજ આંતરિક સાજસજાવટ કરવા, નૃત્ય શીખવવા ઈત્યાદિ કાર્ય માટે બોલાવતી. વળી કોઇકોઈ મિત્રોને ત્યાં કે કોઈ ધનિક કુટુંબોમાં સારા પ્રસંગે શણગાર કરવા કે રંગોળી પૂરવા તેમને ખાસ બોલાવવામાં આવતા. તેમની પ્રત્યક્ષ હાજરી ઘણાને પ્રોત્સાહક અને હૂંફભરી જણાતી. કોઈ પણ પ્રકારનું કાર્ય કરતી વખતે ધંધાદારીની ગંધ સરખી પણ તેમનામાં જોવામાં આવતી નહિ. પૈસાની દૃષ્ટિથી તે કદાપિ કાર્ય કરતા નહિ. પોતાની કળાની શુદ્ધિને માટે પોતે ખૂબ કડક રહેતા અને પોતાના કરતા કળાના ગૌરવમાં ગૌરવ માણતા.

કાન્તિલાલનાં ચિત્રોમાંથી બહુ થોડાં જ પ્રસિદ્ધિમાં આવ્યાં છે. વર્ષો પહેલા 'કુમાર'માં છપાએલું 'આશાતંતુનો કેદી' તેની મૌલિકતાનો સારો પરિચય કરાવે એવું છે. 'પ્રકૃતિનો ઉન્માદ' નામનું ચિત્ર મદ્રાસના પ્રદર્શનમાં ના-

મતો પામશું. તેમનાં ઘણાં ચિત્રો જુદે જુદે સ્થળે છે: કેટલાંક વેચાએલાં, કેટલાંક પોતે સ્નેહની ભેટ તરીકે આપી દીધેલાં. તેમણે મુખ્યત્વે વૉટર કલરમાં—જળરંગી ચિત્રો જ કર્યાં છે, પરંતુ પ્રસંગે પ્રસંગે તેઓ તૈલરંગમાં તસ્વીરો પણ કરતા. એવી રણછોડભાઇની તૈલરંગી તસ્વીર અમદાવાદના પ્રેમાભાઈ હૉલમાં છે.


૧૯૪૨ના આઝાદી જંગ વેળા તેમણે રોજેરોજની પત્રિકાઓ ને કાર્ટૂનો ઘણી સફળતાપૂર્વક કાઢેલાં. અજ્ઞાત રહીને જાહેર હિતનું કાર્ય કરવામાં તેમણે પોતાની સર્જનશક્તિનો ઘણો સારો ફાળો આપ્યો છે. નામના વગર ગુપ્ત રહીને પોતાની કળાને પ્રગટ કરવામાં તેમને એક પ્રકારનો અનેરો આનંદ થતો.

કળા એ નામના કે પૈસો મેળવવાનું સાધન બની શકે છે. વળી સમાજમાં આગળપડતા દેખાવા માટે પણ કળાનો ઉપયોગ થઈ શકે છે. પરંતુ એવે પ્રસંગે તેને કળાનું નામ આપવું કે નહિ તે એક પ્રશ્ન છે. સાચી કળા ચિત્રકારને તથા ભોક્તાને પોતાનામાં વાળે છે—અંતરાભિમુખ કરે છે. કળાકાર ઊંડાણમાંથી પ્રેરણા પામે છે અને ત્યાંથી જીવનનું રહસ્ય મેળવીને તેને કળા દ્વારા વ્યક્ત કરવા મથે છે. આવી કળા તપસ્યા વિના પ્રાપ્ત થતી નથી. સામાન્ય રીતે જોવામાં આવે છે કે કળાનું શરૂઆતનું શિક્ષણ કોઇ પરંપરાથી ચાલતી આવેલી પદ્ધતિથી થાય છે, પરંતુ વખત જતાં સાચા કલાકારને તે બંધન રૂપ લાગે છે, અને પરિણામે તે પોતાના સર્જનને માટે પોતાની નિરાળી પદ્ધતિ યોજે છે. આવી પદ્ધતિ જો સમાજની પ્રચલિત માન્યતાઓથી, તેની દૃઢ પદ્ધતિથી ભિન્ન હોય તો કળાકારને આકરી કસોટીમાંથી પસાર થવું પડે છે; અરે, તે અવગણના પામેલો પણ રહે છે!

ભાઈ કાન્તિલાલનું સ્થાન ઉપર જણાવ્યા તેવા અવગણના પામેલા કળાકારની હરોળમાં આવે છે. બાહ્ય જીવનનાં ચિત્રો દોરવા કરતાં તેમણે જીવનનાં મંથનો, રહસ્યો, ઊંડા અનુભવો, માનસિક વ્યાપારો, સંઘર્ષણો વગેરે વ્યક્ત કરવાના પ્રયાસ કર્યા છે. તેમના સ્વભાવમાં ગૂઢ રહસ્ય (ઑકલ્ટ) તરફનું ખાસ વલણ હતું. આને લઇને બાહ્ય જીવનના પ્રસંગોની પાછળ રહેલું રહસ્ય તેમને જલદી સ્પર્શતું.

ભાઈ કાન્તિલાલની ટેક્નીક વાસ્તવિકતા (realism)ના દૃષ્ટિથી કદાચ ખામીવાળી જણાય; પરંતુ તેમનાં ચિત્રો, ઉપર જણાવ્યા પ્રમાણે, વાસ્તવિકતાની પાછળ રહેલું રહસ્ય રજૂ કરતાં હોય છે. આ વસ્તુ સમજાતાં ટેક્નીકની એ ખામી ધ્યાનની બહાર સરી જાય છે.

તેમના જીવનમાં સમાજે કરેલી તેમની અવગણનાને લઇને ઘણાં મંથનો કદભવેલાં. તેમ છતાંય પોતાની કળાને 'લોકભાગ્ય બનાવવા ખાતર લોકભાગ્ય બનાવવાના' લોભ તેમણે કર્યો નથી. પોતાની આરાધ્ય દેવીને તેમણે કદાપિ નીચે સ્થાને આણી નથી.



દિલ્હીમાં લોકસભા-ભવન (પાર્લામેન્ટ)ની દીવાલ પર શ્રી ભિખારીલાલ માંગયાએ કરેલું ચિત્ર, જેમાં પશ્ચિમ ભારતનાં ત્રણ ભક્તપાત્રો—મીરાં, નરસિંહ, તુકારામ—ને આલેખવામાં તેમણે સિદ્ધ રેખાંકન, પાત્રનિર્માણ અને રચનાની શક્તિનો સારો પરિચય આપ્યો છે. (ફોટો: સુમનભાઈ શેઠ [મિયાંગામ કરજણ])

મુંબાઈ કળાશાળા કેમ સ્થપાઈ

મુંબાઇની 'સર જે જે. સ્કૂલ ઑવ આર્ટ'ની સ્થાપના માટે પ્રાથમિક એક લાખ જેટલી ગંજાવર રકમનું દાન કરનાર સર જમશેદજી જીજીભાઇનો કળા પ્રત્યેનો રસ કઈ રીતે જાગ્રત થયો તે બાબતમાં કહેવાય છે કે પોતાની ચીનની એક સફર વેળા જમશેદજી એ જહાજના પેઈટન નામના અંગ્રેજ નાખુદાના સંપર્કમાં આવ્યા. પેઈટન કળાનો શોખીન હોઈ ફુરસદને વખતે ચિત્રકામ કરતો. એક વખત તોફાનને લીધે જહાજને દરિયામાં લાંબો સમય ખોટી થવું પડ્યું, જે દરમ્યાન ચિત્રકામ કરતા પેઈટનને જમશેદજી રસપૂર્વક જોઇ રહેતા. ભારતની પરંપરાગત ચિત્રકળાને મુકાબલે પશ્ચિમની આ હૂબહૂ આલેખન-શૈલીથી તે આકર્ષાયા, ને ભારતવાસીઓને જો તે શીખવવાની તક આપવામાં આવે તો દેશને માટે એ બહુ મોટી વાત ગણાશે એમ તેમને લાગ્યું. પોતે જો હિંદમાં કળાશાળા સ્થાપે તો આ જહાજની નોકરી છોડીને તેના આચાર્ય થવાની દરખાસ્ત તેમણે મિ. પેઈટન આગળ મૂકી જે તેણે તરત સ્વીકારી લીધી; અને આમ, એ શાળા સાથે સૌ પ્રથમ મિ. પેઈટન જોડાયા.


આ પરથી તે કાળની આપણી મનઃસ્થિતિનો ખયાલ આવશે. એક તરફ ઇસ્ટ ઇંડિયા કંપની દેશમાં રાજકીય સત્તા હાથ કરતી જતી હતી, અને તેને કળા જેવા વિષયોની પંચાત કરવાની કાંઈ પડી ન હતી. બીજી બાજુ મુઘલ સત્તાનો વિલય થવાથી ભારતીય કલાપરંપરાનો એકાએક અંત આવ્યો, ને પરદેશીઓ પોતાના ઉપર અમલ કરતા થવાથી લોકોના મનમાં એક ગ્રંથિ બંધાઈ ગઈ કે જે કૈં પોતાનું હતું તે બધું ઊતરતી કોટિનું અને ઇંગ્લંડનું બધી જ બાબતમાં ચડિયાતું હતું. બ્રિટિશો પણ પોતાની ઝડપી જીતો અને વિજયોથી માનવા લાગેલા કે તેમની સંસ્કૃતિ ભારત કરતાં ચડિયાતી હતી. ઉપરની વાતમાં પણ આ વલણ સ્પષ્ટ જોવા મળે છે. સર જમશેદજી પ્રામાણિકપણે માનતા હતા કે આપણે ત્યાં પરંપરાથી ચાલતી આવેલી રૂઢ ચિત્રકળા કરતાં આબેહૂબ નિરૂપણ કરતી મિ. પેઈટનની ચિત્રશૈલી ચડિયાતી હતી; અને જતે દહાડે એમણે જ્યારે કળાશાળા માટે દાન આપ્યું ત્યારે તેમા ખાસ શરત કરી કે ભારતીઓને આ લેખન અને ચિત્રણનું જ્ઞાન આપવા માટે સરકારે ઇંગ્લંડના ઉત્તમ કલાકારોને જ ખાસ બોલાવવા. [મુંબાઈની કળાશાળાના વાર્ષિક 'રૂપભેદ'મા કળાશાળાના ડીન શ્રી ગોંધળેકરના પ્રવચનમાંથી. એ પત્રનો વિશેષ પરિચય હવે પછી.]

ગરવી ગુજરાત

એ નામથી એક નવી ચિત્રમાળા અમે 'કુમાર'માં શરૂ કરવા માગીએ છીએ. તેમાં અમારા સંગ્રહમાંની સામગ્રી આપવા ઉપરાંત સૌ ફોટો-કલાકારો તથા ચિત્રકારોને પણ ભાગ લેવા આમંત્રણ આપીએ છીએ.

ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છનાં લાક્ષણિક નિસર્ગદશ્યો, ગુજરાતની પ્રૌઢ-ગંભીર તેમજ નમણી રમતિયાળ નદીઓ ને તેના ઘાટ-ઓવારા, તેનાં ડેકા દેતાં સરોવરો ને તળાવો, તેની ડુંગરમાળાઓ ને પર્વતો, તેના રક્ષણદુર્ગો ને ગઢ કોઠાઓ, સાગરકાંઠા ને બંદરગાહો, માલબરદારી જહાજો ને ફુલામણી હોડીઓ, તેનાં ગાડાં-વેલ-ડમણીઓ ને રથ-રેંકડીઓ, તેની ગામશેરીઓ ને ચોક-ચોકઠાં, તેમાં વસતી વિશિષ્ટ વિવિધ જાતિઓ ને લક્ષણયુક્ત ચહેરાવાળાં તેનાં તળપદાં માનવીઓ, તેના આદિવાસીઓ ને પછાત કોમો, તેમના પહેરવેશ તથા અલંકારો, તેનાં મહાલયો ને મંદિરો, તેનાં તીર્થધામો ને મહેલગાહનાં સ્થળો, તેનાં પ્રાચીન શિલ્પ સ્થાપત્યો ને ધાતુકામકલા, તળપદા ગૃહઉદ્યોગો ને હાથહુન્નરો, તેની પ્રાચીન-અર્વાચીન કળાકારીગરી, ચાકળા તોરણ ને ભરતગૂંથણ, કાપડછાપ-કલા રંગોળી ને રમકડાં, આસનો ને ઉપસ્કરો, પ્રાણી-પક્ષી ને વનસ્પતિસૃષ્ટિ, રીતરિવાજો ને તહેવાર-ઉત્સવોનાં નિદર્શનો,—જ્યાંજ્યાં ને જેમાંજેમાં ગુજરાતની લાક્ષણિકતા ને વિશિષ્ટતા, ઐતિહાસિક પરંપરા ને ગુણવિશેષતા—ટૂંકમાં તેની 'ગુજરાતીતા' જણાય તેના ફોટોગ્રાફો ને ચિત્રાંકનોને અમે આવકારીશું.

(૧) ફોટોગ્રાફો ને ચિત્રાંકનો ૬×૮ ઇંચના માપથી નાનાં અને ૧૨×૧૫ના માપથી મોટાં ન હોવાં જોઇએ (૨) સ્વીકારાએલી દરેક કૃતિ દીઠ દસ રૂપિયા આપવામાં આવશે, અને કુમાર કાર્યાલય તેનો યથેચ્છ ઉપયોગ કરવાને સદા હકદાર રહેશે; (૩) તંત્રીનો નિર્ણય છેવટનો ગણાશે; (૪) અસ્વીકૃત કૃતિ પાછી મેળવવા માટે રજિસ્ટ્રેશન ખર્ચ સાથેનું જરૂરી ને પૂરતું પોસ્ટેજ સાથે મોકલવાનું રહેશે.



ગુજરાત-સૌરાષ્ટ્રનો રથ, માફો કે વેલ; જેની છત્રીની ટોચના મોગરાથી માંડીને પૈડાનાં ઝાંઝર તથા બળદને ઓઢાડવાની ઝૂલ સુધી સમૃદ્ધ કારીગરી ઠાસેલી છે.

શબ્દકથા : 'ઉખાણું'

'આખ્યાન' એટલે પુરાણી કથા, પુરાણની કથા. લાંબાં આખ્યાનમાં આડકથા રૂપે, દૃષ્ટાંત રૂપે બીજી કથાઓ પણ આવે. એ દૃષ્ટાંતકથાઓ 'ઉપાખ્યાન' કહેવાતી. પાંડવકૌરવની કથામાં નળ-દમયંતીની વાત દૃષ્ટાંત તરીકે આવે છે, એટલે એને 'નળોપાખ્યાન' કહી છે. 'ઉપાખ્યાન'–'ઉપાખ્યાનક' ઉપરથી પ્રાકૃતમાં 'ઉવક્ખાણય' થાય, ને તેના ઉપરથી ગુજરાતીમાં 'ઉખાણું'.

પણ ગુજરાતી 'ઉખાણું' શબ્દમાં મૂળનો એ અર્થ બદલાઈ ગયો છે. 'ઉખાણું' એટલે બુદ્ધિ વિદ્યા કે ચતુરાઇની કસોટી કરવા વિનોદ ને રમત અર્થે પુછાતો કોયડો. દરેક પ્રજાના લોકસાહિત્યમાં ઉખાણાં મળવાનાં. આપણી મધ્યકાલીન કથાઓમાં ઉખાણાં કે સમસ્યાની રમઝટ ન બોલાવતાં હોય એવાં નાયક-નાયિકાનો ભાગ્યે જ તમને ભેટો થશે.

'દૃષ્ટાંત'માંથી 'કોયડો' અર્થ કઈ રીતે થયો હશે? 'ઉખાણું'નો જે બીજો એક અર્થ છે તેનાથી આ વાત પર કાંઇક પ્રકાશ પડે છે. 'કહેવત'ને પણ 'ઉખાણું' કહે છે. અને એ જ તેનો જૂનો અર્થ છે. પંદરમી શતાબ્દીમાં થઈ ગએલા માંડણ બંધારાનું 'પ્રબોધબત્રીશી' નામે કાવ્ય એવું છે કે એક એક કહેવતને લઇને તેની એક એક કડી રચવામાં આવી છે. એથી તે 'માંડણ બંધારાનાં ઉખાણાં' તરીકે પણ ઓળખાય છે. દૃષ્ટાંતના પાયા રૂપ કોઈ પદ્ય કે વાક્ય, પાછળથી કહેવતરૂપ બની જાય છે એ જાણીતું છે. જેમકે 'હીરો ઘોઘે જઈ આવ્યો', વગેરે. આવી કહેવત પાછળ મૂળ કથા ગૂઢ રહેલી હોય છે. એટલે પછી ગૂઢોક્તિ માટે સામાન્ય રૂપે 'ઉખાણું' વપરાતો થયો જણાય છે.

આવી ગૂઢોક્તિ સંસ્કૃતમાં 'પ્રહેલિકા' પણ કહેવાતી, તે પરથી હિંદીમાં 'પહેલી' શબ્દ ઊતરી આવ્યો. પ્રાચીન ભારતમાં 'પ્રહેલિકા'નો રસિકોના વિનોદ-સાધન લેખે સારો પ્રચાર હતો. સંસ્કૃતમાં પણ કહેવતસંગ્રહ રચાતા. તેમાં 'કહેવત' માટે 'આભાણક' શબ્દ પ્રચલિત હતો.

જેઓ સૌરાષ્ટ્રના હશે તેઓ તમને કહેશે કે ત્યાં ઉખાણાને 'વરત' કહે છે. 'ઉખાણું પૂછવું' એટલે 'વરત નાખવું' ને 'ઉખાણું ઉકેલવું' એટલે 'વરત વરતવું'. —હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

મધ્યાહ્ન

શ્રી કરસનદાસ માણેકને 'આલબેલ'ના કવિ તરીકે ગુજરાત ઓળખે છે. સંસારની વિષમતાઓ સામે આકરી વાણીમાં પ્રકોપ ઠાલવનાર, અને ચોટદાર શબ્દોનો સફળ ઉપયોગ કરી શકનાર તરીકે તેઓ જાણીતા છે. કૂણીપોચી લાગણીઓ જોકે આ કવિએ ગાઈ જ નથી એવું નથી, પરંતુ કવિમનને બાગ એટલું આકર્ષી શકતો નથી, જેટલું ખેતર આકર્ષી શકે છે. વિષમતા–અન્યાય સામે ખંડનાત્મક લાગતી કવિની નજર મૂલતઃ મંડનાત્મક જ છે.

તેમની કવિતાનાં ઉપર્યુક્ત લક્ષણો તેમના પ્રસ્તુત નવા સંગ્રહની કવિતાને પણ લાગુ પાડી શકાય. તેમાં અન્યાય-વિષમતાના નાશ માટેની ઉગ્ર લાગણી એટલા જ ઉગ્ર શબ્દોમાં વ્યક્ત થઈ છે. નવસર્જનનાં કાવ્યોનો પણ તેમાં ઓછો હિસ્સો નથી. ઉપરાંત ગઝલો ગીતો અને ભજનઢાળનાં પદો, તથા કુટુંબપ્રેમ અને બીજા વિષયનાં યે કાવ્યો છે. ગાંધીજી, નેહરુ, મહાદેવભાઈ વગેરે મહાનુભાવોને અંજલિરૂપ કાવ્યો પણ ભાવભર્યાં છે. કવિને પ્રવાહી બાની સિદ્ધ છે. મનની વાતને વાતચીતની લઢણમાં સહજોક્તિરૂપે કવિતામાં કહી દેવાનું તેમનું વલણ છે; પરંતુ કેટલીક વાર એ સહજોક્તિ સામાન્ય કક્ષાની ઉક્તિ જ બની જાય છે. સંગ્રહની પ્રસ્તાવના કવિએ પોતે તથા કાવ્યો વિષેનું ટિપ્પણ પ્રો. જયાનંદ દવેએ લખેલાં છે. રૂ. ૪-૦૦.

ચિ. ચંદનને: કાકાસાહેબ કાલેલકરના પુત્ર શ્રી સતીશ(પચ્ચાસ-ત્રીસ વર્ષ પહેલાંના કુમારના વાચકોને પરિચિત શ્રી 'ભાઊ' તથા 'શંકર' કાલેલકર)નાં પત્ની ચંદનબહેન પરના કાકાસાહેબના આ પત્રો વિષે તેઓ હળવી રીતે નીચે મુજબનું વિધાન કરે છે: 'લોકોને એટલું જ જાણવાનો રસ રહેવાનો કે પ્રથમ શિષ્યા ને પછી પુત્રવધૂ થએલી બાળાને મારા જેવો સમાજસેવક કેવા કાગળો લખે છે અને બંને કેવો રસ ધરાવે છે. બીજો લાભ વાચકોને એ મળશે કે અમુક માણસના વિચારો લાંબા લાંબા નિબંધોમાં શોધવા કરતાં એના કાગળોમાં ટૂંકા અને ટચ મળે છે એ વધારે સ્પષ્ટ અને રોચક હોય છે.' પરંતુ એમાં કાકાસાહેબની જીવન ઘડતરની અને કથનની તટસ્થતા-સ્વસ્થતાની તથા શૈલીની વિશિષ્ટતાની છાપ ઓછી જોવા મળે છે. પત્રોનાં તત્ત્વોનું આકલન કરતા શ્રી ઉમાશંકર જોશીના આમુખ સાથે. રૂ. ૩ ૦૦.

વલ્લરી: શ્રી રમણ કોઠારીનાં છંદોબદ્ધ કાવ્યો, ગીતો અને સુભાષિતો-મુક્તકોનો સંગ્રહ. કાવ્યોની ભાષા શિષ્ટ, પરંતુ ભાવ-અભિવ્યક્તિ અનસાધારણ છે. પ્રો. રામપ્રસાદ બક્ષીની પ્રસ્તાવના સાથે. કિંમત: રૂ. ૨-૦૦. **શ્રેષ્ઠ કિશોરકથાઓ**: કિશોરોના ખીલતા માનસને અનુકૂળ થાય તેવી ચૂંટેલી તેર વાર્તાઓ, સંપાદક: જયંત બક્ષી, ૧-૭૫; **રાઈટ બંધુઓ**: એરોપ્લેનની પ્રથમ શોધ કરનારા રાઈટ બંધુઓના અમેરિકન લેખક ક્વેન્ટીન રૅયનૉલ્ડ્ઝે પ્રસંગાત્મક વાર્તા રૂપે લખેલા, કિશોરોને માટેના રોચક ચરિત્રનો શ્રી રાજેન્દ્ર રાવળે કરેલો અનુવાદ, ૧-૫૦.

સર્વના પ્રકાશક: વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રાઇવેટ લિમિટેડ, ૩ રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ ૨.

પ્રકીર્ણ

વાચનપત્રિકા: સુરત જિલ્લે ઉભરાટ મુકામે શ્રી રમણલાલ સોનીના સંચાલન નીચે મુંબાઈ સરકારે ચલાવેલી નવશિક્ષિત તાલીમ શિબિરમાં તૈયાર થએલી, પ્રૌઢશિક્ષણ અને સમાજશિક્ષણ એમ બેવડા ઉદ્દેશો સારતી, સમાજજીવનના જુદાજુદા આદર્શો ને કર્તવ્યની અતિસરળ કથાસ્વરૂપે સમજ પાડતી, બે જાડાં પૂઠાંના આકારની, મોટા અક્ષરે છપાએલી, ભિન્નભિન્ન લેખકોએ લખેલી, વાચનપત્રિકાની પહેલી ને બીજી શ્રેણીની વીસ-વીસ પુસ્તિકાઓ; છૂટકનો ૧ આનો, બંને શ્રેણીઓના રૂ. ૧ ૫૦; **લક્ષ્મીનાં પગલાં**: નવલિકાકાર તરીકે જાણીતા શ્રી ધીરજબહેન પારેખની, વાર્તાની સાહજિકતા જાળવતી અને જીવનની સંસ્કારિતા પ્રતિબિંબતી, સામાજિક ધ્યેયલક્ષી પહેલી નવલકથા, શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીની 'પ્રરોચના' સાથે, પ્રકાશક: સ્મૃતિ સાહિત્ય મંદિર, ઊમરગોઠણ, વિરાર (મુંબાઇ), ૪·૫૦; **અવનવી માહિતી**: નાનાવિધ વિષયોના સામાન્ય જ્ઞાનની ઉપયોગી વિગતો આપતી એ પુસ્તિકાની સંવર્ધિત અને સંસ્કારેલી આવૃત્તિ, શ્રી ચાંપશી ઉદેશીના આમુખ સાથે, સંકલનકાર: શ્રી રામજીભાઈ પટેલ, પ્રાપ્તિસ્થાન: લોકભારતી, સણોસરા(ગોહિલવાડ, સૌરાષ્ટ્ર), રૂ. ૨; **વ્યાપારની નવી ક્ષિતિજ**: આજનાં યંત્રઉદ્યોગ, મૂડી તથા મૂડીરોકાણના સંજોગોને લક્ષમાં લઇને ભવિષ્યનાં વ્યાપારિક વહેણોનું ચિત્ર દર્શાવતી, અમેરિકાની 'ન્યૂ સ્કૂલ ફૉર સોશ્યલ રીસર્ચ'ના વ્યાપારવ્યવસ્થા કેન્દ્રને માટે ડૉ. જુલિયસ હર્શે તૈયાર કરેલી ગ્રંથસ્થ વ્યાખ્યાનમાળા, અનુવાદક: શ્રી નવીન શાહ, પ્રકાશક: વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિ. કાલબાદેવી મુંબાઈ ૨, રૂ. ૨; **પરમાણુ-આજે અને આવતી કાલે**: જેણે પદાર્થની અનંત શક્તિનાં દ્વાર ખોલી દીધાં છે તે પરમાણુ

(ઍટમ) તત્ત્વનો, રુથરફર્ડ મનુષ્યે જાણવો જરૂરી એવો સરળ, રસમય, સવિસ્તર અને સચિત્ર પરિચય, મૂળ લેખિકા : માર્ગારેટ ઓ. હાઈડ, અનુવાદક : શ્રી છોટુભાઈ સુથાર, પ્રકાશક : ઉપર મુજબ, રૂ. ૧·૫૦.

સોવિયેત સંઘ વિશે ૧૦૦ પ્રશ્નો અને ઉત્તરો : સંઘના રાજ્યસ્વરૂપ, અર્થતંત્ર, સંસ્કૃતિ અને અન્ય વિષય અંગે મહત્ત્વની ને ઉપયોગી માહિતી, પ્રાપ્તિસ્થાન : સોવિયેત દેશ કાર્યાલય, સેક્સેરિયા ચેમ્બર્સ, ૧૩૯ મેડોઝ સ્ટ્રીટ, મુંબાઈ ૧, રૂ. ૦·૫૦; **ઘર અને નિશાળ :** ઘર અને શાળા વચ્ચેના સહકારના વિષયનાં નિષ્ણાત અનુભવી તથા પીઢ શિક્ષિકા ઍલેક્ઝાન્દ્ર ગોરોસિમોવા હોમિનોનું સોવિયેત શિક્ષણશાસ્ત્રના સામાન્ય સિદ્ધાંતો અને પ્રશ્નો પર પ્રકાશ પાડતું પુસ્તક, પ્રાપ્તિસ્થાન : ઉપર મુજબ, રૂ. ૦·૨૦; **ઇલેક્ટ્રિક ગાઈડ :** વીજળીના વ્યવહાર-પ્રયોગોની આકૃતિઓ સાથે વિગતો, લેખક : મહીન્દ્ર ઘડિયાળી, પ્રકાશક : ઈન્ડસ્ટ્રીઅલ ઇન્સ્ટીટ્યૂટ, સી ૧૦, નિર્મળાનિવાસ, આઈમાઈ સ્ટ્રીટ, મુંબાઈ ૧૨, રૂ. ૩·૭૫; **ફોટોગ્રાફી આર્ટ પેઇન્ટિંગનું** પ્રાથમિક વ્યવહારુ જ્ઞાન આપતી પુસ્તિકા, લેખક-પ્રકાશક : ઉપર મુજબ, રૂ. ૨·૦૦.

૫૦મી ટૉલ્સ્ટૉય-સંવત્સરી

૮મી નવેમ્બર ૧૯૬૦ને દિને આવતી મહાન રશિયન લેખક લીઓ ટૉલ્સ્ટૉયની ૫૦મી સંવત્સરી ઊજવવા નિમિત્તે શ્રી જયપ્રકાશ નારાયણના અધ્યક્ષપદે નીચેના સભ્યોની એક સમિતિ રચવામાં આવી છે : સર્વશ્રી તારાશંકર બૅનરજી (બંગાળી નવલકથાકાર), ડી. આર. બેન્દ્રે (કન્નડ કવિ), રામધારી સિંહ 'દિનકર' (હિંદી કવિ), આર. આર. દિવાકર ('ગાંધી સ્મારકનિધિ'ના પ્રમુખ), જૈનેન્દ્ર કુમાર (હિંદી નવલકથાકાર), ઉમાશંકર જોશી (ગુજરાતી કવિ), અનંત કાણેકર (મરાઠી લેખક), જી. રામચન્દ્ર (ગાંધી સ્મારકનિધિના મંત્રી), માદામ સોફિયા વાડિયા (ભારતીય પી. ઈ. એન.ના સ્થાપક). શ્રી પ્રભાકર પાધ્યે-મંત્રી.

સમિતિના કાર્યક્રમમાં (૧) ભારતીય યુનિવર્સિટીઓના ગ્રૅજ્યુએટ અને પોસ્ટ ગ્રૅજ્યુએટ વિદ્યાર્થીઓ માટે 'Significance of the Life and work of Tolstoy' (ટૉલ્સ્ટૉયનાં જીવન અને કાર્યનું સૂચક મહત્ત્વ) એ વિષય પર એક નિબંધ-હરીફાઈ યોજાઈ છે (નિબંધ ૬,૫૦૦ થી ૭,૫૦૦ શબ્દોની લંબાઈનો હોવો જરૂરી છે ને અંગ્રેજી કે કોઈ પણ ભારતીય ભાષામાં તેના અંગ્રેજી અનુવાદ સાથે મોકલવો રહેશે), જેમાંના પ્રથમ ત્રણ ઉત્તમ નિબંધો માટે રૂ. ૨૦૦૦, રૂ. ૧૦૦૦, ને રૂ. ૫૦૦નાં ત્રણ ઈનામો રાખવામાં આવ્યાં છે. હરીફાઈમાં ભાગ લેવા ઇચ્છનાર વિદ્યાર્થીએ ૧૯૬૦ના માર્ચની આખર સુધીમાં સમિતિની કચેરી (સરનામું: Tolstoy 50th Death Anniversary Celebration Committee, 5 Hailey Road, New Delhi-1) પર પોતાની શિક્ષણસંસ્થાના અધ્યક્ષની સહીવાળા—પોતે તેમની સંસ્થામાં અભ્યાસ કરે છે તેવી મતલબના—પ્રમાણપત્ર સાથે જાણ કરવી. નિબંધ મોકલવાની છેલ્લી મુદત જૂન ૧૯૬૦ની છે. (૨) ભારતીય ભાષાઓમાં લખાએલી ટૉલ્સ્ટૉય વિશેની અને તેની કૃતિઓની સંદર્ભસૂચિ તૈયાર કરવી. (૩) ટૉલ્સ્ટૉયનાં જીવન ને ચિંતન પર પરિસંવાદ શિબિર યોજવો.

> વાંસની ભૂંગળીમાં જ્યાં સુધી કાણાં પડ્યાં ન હતાં, અને તે 'વાંસની' હતી ત્યાં સુધી તે માપી શકાતી હતી; પરંતુ કાણાં પડ્યા બાદ તે 'વાંસળી' બની ને શ્રી કૃષ્ણ તેમાંથી તાન છેડવા લાગ્યા ત્યારે તેમાંથી સંભળાતા સૂરોને થોડા જ માપી શકાવાના હતા? સાન્તમાંથી અનન્તની ધારા આવી જ રીતે વહી નીકળે છે; આ જ તો સાહિત્યનો સાર છે.
>
> (ગુરુદયાળ મલ્લિક)

ઈંગ્લંડમાં ડબ્લ્યુ. એચ. સ્મિથ નામની પુસ્તકવિક્રેતાની (બુકસેલરની) એક જૂની પેઢી છે, તેણે 'અંગ્રેજી સાહિત્યમાં વર્ષ દરમ્યાન સૌથી આગળપડતું અર્પણ' નીવડનાર કૃતિને એક હજાર પૌંડ (લગભગ પોણા ચૌદ હજાર રૂપિયા)નું ઈનામ દર વર્ષે આપવાનું જાહેર કર્યું છે. શરત એ છે કે કર્તા રાષ્ટ્રસમૂહ (કૉમનવેલ્થ)ના દેશો પૈકી કોઈનો પણ રહીશ હોવો જોઈએ, પુસ્તક મૂળ અંગ્રેજીમાં લખાએલું હોવું જોઈએ, ને પાછલાં બે વર્ષ દરમ્યાન ગમે ત્યારે ઇંગ્લંડમાં પ્રકાશિત થયું હોવું જોઈએ. કૃતિના પ્રકાર, કે કર્તાની વય જાતિ વગેરે વિશે કોઈ પ્રતિબંધ નથી. અંગ્રેજી સાહિત્યસૃષ્ટિમાં આ એક આગળપડતો બનાવ ગણાયો છે અને તે સાહિત્યના ઉચ્ચ ધોરણને ટકાવી રાખવા સાથે આજે વિદેશી સાહિત્યની પડતી આક્રમક અસરોની સામે પોતાના સાહિત્યકારોને ઉત્તેજન આપીને તેમને જગતસાહિત્યમાં આગળપડતું સ્થાન અપાવશે. આપણા સાહિત્યકારોની કૃતિઓમાંથી ધૂમ કમાણી કરનારા પ્રકાશકો બુકસેલરો પૈકી કોઈને સાહિત્યનું આવું ગૌરવ કરવાની સદ્બુદ્ધિ સૂઝે ખરી?

લિપિકા

લિપિકા એ ગુરુદેવ ટાગોરની એક મનોહર કૃતિ છે. એમાં ગુરુદેવની અનેક પ્રકારની અનન્ય શક્તિનો પરિચય થાય છે. લિપિકા એ કાવ્યાત્મક—અથવા બીજા શબ્દોમાં કહીએ તો ધ્વન્યાત્મક વાર્તાઓ છે. એમાં વાર્તાતત્ત્વ તો જીવનના કોઇ ને કોઈ ગૂઢ રહસ્યનો સ્ફુટ કરનારું સાધન છે. પણ ગુરુદેવે જીવનનાં એ સત્યોને અત્યંત સરળ ભાષામાં એમાં રજૂ કર્યાં છે. એમની બાની હૃદયંગમ છે, એમની શૈલી લક્ષ્યવેધી, અસરકારક, મિતાક્ષરી ને શબ્દચમત્કૃતિવાળી છે. શ્રી વિનોદ કોઠારીએ ગુરુદેવની આ લાક્ષણિક કૃતિનો અનુવાદ કરી આપણા અનુવાદ સાહિત્યને સુસમૃદ્ધ કર્યું છે.

એમાં અઠ્ઠાવીસ વાર્તાઓ સંગ્રહાએલી છે. એ દરેક વાર્તામાં જીવનનું એકાદ સત્ય ગૂંથાએલું છે. જેમકે 'પટ' નામે વાર્તામાં માણસનું જેવું અંતર તેવું જ તેનું બાહ્ય સ્વરૂપ બની જાય છે, તે એક ચિત્રકારના દૃષ્ટાન્ત દ્વારા આલેખ્યું છે. અભિરામ નામનો એક ચિત્રકાર સાત્ત્વિક વૃત્તિનો હતો. એ પ્રતિદિન એના ઈષ્ટદેવનું ચિત્ર આલેખતો. પણ એક દિવસ એના પિતાએ જેને પાળીને મોટો કરેલો, અને જેણે એના પિતાને દગો દીધેલો, તે માણસ રાજ્યનો નવો પ્રધાન નિમાયો. આથી અભિરામમાં વેરવૃત્તિ જાગી ને એણે પ્રધાન પર વેર લેવા એ નવા પ્રધાનના છોકરાને મોંમાગ્યા મૂલે પણ પોતાનું ચિત્ર વેચવા ના પાડી. પરિણામે એનું મન બગડવાથી એનું ચિત્ર પણ બગડ્યું; ને એના ઈષ્ટદેવતાનું મુખ પેલા મંત્રી જેવું થતું ગયું. અંતે એને લાગ્યું કે આમાં તો મંત્રીની જીત થઈ; એટલે એણે મંત્રીને જઇને પેલું ચિત્ર વિનામૂલ્યે આપી દીધું. આમ, આપણા મનના ભાવોની વિકૃતિ થતાં જીવન પણ કેવું વિકૃત બની જાય છે તેનું કવિએ એમાં મનોહર દૃષ્ટાન્ત આપ્યું છે. આ રીતે આમાંની પ્રત્યેક વાર્તા કોઇ ને કોઇ રહસ્ય જોડે સંકળાએલી છે, છતાં વાર્તાની રજૂઆત એવી તો મધુર રીતે થઈ હોય છે કે આપણે જો રહસ્યને ન સમજીએ તો યે વાર્તાનો આનંદ માણી શકીએ. ચિત્રો પણ ભાવવાહી છે, અને પુસ્તકનું બાહ્ય સ્વરૂપ આંતરસ્વરૂપ જેટલું જ આકર્ષક બન્યું છે. (આકાશવાણી પરથી શ્રી ચન્દ્રકાન્ત મહેતા : 'આકાશવાણી'ના સૌજન્યથી)



વારસો

કોઈના પિતા બંગલા છોડે, કોઇના ખેતર-વાડી;
કોઈના મોટી મિલ મૂકી જાય, કોઈના મોટર-ગાડી;
કોઈના છોડે ધીકતી પેઢી, કોઈના બૅન્કમાં ખાતું;
તમે પિતા, મને હૃદય આપ્યું રાત ને દિવસ ગાતું!

—દેવજી રા. મોઢા

હિંદના 'હાતિમ તાઇ': સર જમશેદજી જીજીભાઈ

ગયે મહિને ભારતે—ખાસ કરીને મુંબાઈના નાગરિકોએ સર જમશેદજી જીજીભાઈના અવસાનની પહેલી સંવત્સરીએ પોતાના એક સૌથી વધુ સ્વનામધન્ય પુત્રને માન અને ભક્તિભાવની ઊંડી લાગણીભરી અંજલિ આપી. પોતાના નિધન સમયે તે ભારતના અગ્રણી શહેરના અગ્રતમ નાગરિક હતા એટલું જ નહિ, પણ પોતાના દેશની જનતાનાં દુઃખો દૂર કરીને તેમની સામાજિક તથા શૈક્ષણિક પ્રગતિ અર્થે દાખવેલી ઉચ્ચ પરોપકારવૃત્તિને લીધે પશ્ચિમના દેશોમાં—ખાસ કરીને ઇંગ્લંડમાં ખ્યાતનામ એવા જગત-નાગરિક હતા.


ગરીબી અને અજ્ઞાનના અંધકારમાં ડૂબેલા ભારતના એ દિવસો યાદ કરો, જ્યારે એ વિષાદને ઘેરો બનાવતા સત્તાવનના બળવાએ દેશના એકથી બીજા છેડા સુધી ભયની સનસનાટી ફેલાવી દીધેલી. પણ અઢારમી સદીના અંતભાગમાં તો પરિસ્થિતિ એથી યે વધુ ખરાબ હતી. એવા કાળમાં 'વાચ્છાજી' કુટુંબનું એક ગરીબ દંપતી-યુગલ નવસારીથી મુંબાઈ આવ્યું. ઈ. ૧૭૮૩માં તેમને એક પુત્ર અવતર્યો, જેનું નામ તેમણે પેલા પ્રાચીન ઈરાની શાહેનશાહના નામ પરથી જમશેદ પાડયું—જેનો અર્થ થાય છે સૂર્યતેજનો અંબાર. એમને એ વખતે શું ખરેખર એવી અતઃપ્રેરણા થએલી કે આ બાળક પણ એ નામાંકિત રાજવીની જેમ પોતાનું એ નામ ધન્ય કરશે? એ ગમે તે હો, પણ એણે પોતાની સ્વભાવસહજ સાદાઈ અને ખાનદાનીથી તથા ઉદાર અને સાર્વત્રિક દાનશીલતાથી માત્ર પોતાના કુટુંબ અને કોમને જ નહિ પણ દેશ આખાને ઉજાળી મૂકયો. પરિણામે એ અમરકીર્તિ ઈરાની નામમાં હિંદુનો માનવાચક શબ્દ 'જી' એ નામ ઉમેરાઇને 'જમશેદજી' થઈ ગયું.

બાર વર્ષની વયે જમશેદ, ખાલી શીશીઓનો વેપાર કરતા પોતાના કાકા ફ્રામજી બાટલીવાળાને ત્યાં ધંધો શીખવા રહ્યા. જમશેદને ગુજરાતી લખવા-વાંચવાનું તથા હિસાબ-કિતાબનું જે કાંઈ જ્ઞાન મળ્યું તથા ધંધાની તાલીમથી ભાવિ સફળતા મળી તે બધું એમને જ આભારી હતું. ફ્રામજીને પણ પોતાની પુત્રી આવાંબાઇનો હાથ સોંપવા માટે એનાથી વધુ સુપાત્ર યુવાન મળ્યો ન હોત. આ સંબંધથી જમશેદજી પણ 'બાટલીવાળા' નામથી જાણીતા થયા અને પછી તો એમણે એ નામને મુંબાઈની જનતામાં દાનશીલ લક્ષાધિપતિનો પર્યાય બનાવી દીધું.



ભારતે કાઢેલી સ્મૃતિ ટિકિટ

બાટલીવાળાની એ ખ્યાતિ મુંબાઈની છેક માછીમાર જનતા સુધી કેટલી જાણીતી હતી તે બતાવતો એક રસમય પ્રસંગ મિ. એસ. એમ. એડવર્ડ્ઝે પોતાના 'બાઈ વેઈઝ ઑાવ બૉમ્બે'માં ટાંકયો છે. એક દિવસ માંડવીના કોળીવાડાની મુલાકાતે ગએલા મુંબાઇના ગવર્નર—ઘણું કરીને લૉર્ડ એલ્ફિન્સ્ટન, કોઇ પારસી ગૃહસ્થ સાથે વાતચીતમાં ડૂબેલા એક કોળીના મકાન પાસે એકાએક આવી પહોંચ્યા. પારસીએ ઝપ દઇને ઊભા થઈ ગવર્નરને નમન કર્યું, પણ પેલો કોળી તો આ આગંતુકને ન ઓળખવાથી બેસી જ રહ્યો. આથી



ઘોડો


મોર જેવું નૃત્ય, તીર જેવો વેગ, સિંહ જેવી ફાળ અને શ્વાન સરખી સ્વામિભક્તિ ધરાવતો ઘોડો સદા શક્તિમત્તાનું પ્રતીક રહ્યો છે. ગધેડા ને ઝીબ્રાની 'ઈક્વ્યૂઅર' જાતિના પેટાવર્ગ 'ઇકિવડી'ના આ પ્રાણીના ઉત્ક્રાંતિક્રમનો અંકોડાબદ્ધ ઇતિહાસ મળે છે. ઇઓસ્તન યુગનો ઘોડો ઘેટા જેવડો ને પગે ચાર આંગળાંવાળો, એ પછીના કાળમાં ત્રણ આંગળાંવાળો અને એમ આગળ વધતાં બીજાં આંગળાં ખરતાં જઇ આગલું આંગળું આખરે ખરીરૂપ બનીને કદમાં પણ તે પુખ્તાઈ ને સુઘડતાવાળો બન્યો. આ પરથી અનુમાન કરવામાં આવે છે કે ઘોડાનું પૂર્વજ માત્ર સસલાના કદનું પાંચ આંગળાંવાળું પ્રાણી હશે.

ઘોડાનો પિતૃદેશ પ્રાગૈતિહાસિક કાળનું અમેરિકા ગણાય છે. ત્યાંથી એશિયા, યુરોપ અને ત્યાંથી ૧૮મી સદીમાં ફરી અમેરિકામાં તેની આયાત થઈ. ઘોડાનું સાચું માહાત્મ્ય આંકનાર આર્ય પ્રજા હતી. બાકી બફુત્ર, અસુર આદિ ભૂતકાલીન મહાપ્રજાઓ તો તેને 'પૂર્વના ગધેડા' તરીકે જ ઓળખાવતી!

તુર્કી ઘોડા સૌથી વિશેષ શ્રમશીલ અને સહિષ્ણુ ગણાય છે. યારકંદ ને ભુતાનના ઘોડા પહાડો ચડવામાં કુશળ છે. ભારતમાં કચ્છ, સૌરાષ્ટ્ર, પાલનપુર, શેખાવટી, ભરતપુર ને અલવરના ઘોડા ખાસ વખણાય છે. હિમાલયપ્રદેશમાં થતી ઘોડાની 'ઘૂંટ' નામની જાતિ સૌથી વધુ બલિષ્ઠ ગણાય છે.

બરાબર માવજતપૂર્વક રખાએલો ઘોડો સાઠ વર્ષ સુધી જીવી શકે છે. ૩૦-૪૦ વર્ષ તો તેની સરેરાશ ઉંમર ગણાય છે. હાથી પેઠે તેને દૂધિયા દાંત પણ આવે છે.

માદા બાર મહિને એક બચ્ચાને જન્મ આપે છે. બચ્ચાને વછેરું કહે છે. ઘોડીનું દૂધ ખાસ પુષ્ટિકર ગણાય છે. એમાંથી એક પ્રકારની મદિરા પણ બનાવવામાં આવે છે.



સર જમશેદજીની સ્મૃતિ-ટિકિટ સાથે બહાર પડેલા 'ફર્સ્ટ-ડે કવર' ઉપર એમના દાનમાંથી બંધાયેલી કેટલીક જાહેરી સંસ્થાઓ તથા સ્થળો નિરૂપાયાં છે: (૧) સર જે. જે. પારસી બિનીવોલન્ટ ઇન્સ્ટીટયૂટ; (૨) પૂનાની નદીઉપરનો બંડ ગાર્ડન; (૩) સર જે. જે. હૉસ્પિટલ; (૪) માહીમની ખાડી પર બાંધેલો કોઝવે; (૫) સર જે. જે. સ્કૂલ ઑફ આર્ટ

ગુવર્નરનું કુતૂહલ જાગ્યું અને એમણે પેલા પારસીને એ લંગોટીભેર સાથીનું નામ પૂછતાં જણાયું કે એ તો મોટો તાલેવંત ઝૂરણ કોળી હતો. ગવર્નરે ઝૂરણને પૂછ્યું કે તમારી આટલી બધી સંપત્તિમાંથી સરકારને કાંઈ આપશો ખરા કે? જવાબ મળ્યો કે 'સરકારની મરજીમાં આવે તેટલી.'

'અને બદલામાં શું લેશો?'

'માત્ર આટલું જ કે મારા ઘરનાં છાપરા પર રૂપાનાં નળિયાં ચડાવવા દેવાની પરવાનગી સરકાર મને આપે!'

થોડી ચર્ચા પછી ઝૂરણ પટેલને, ખાસ મહેરબાનીની નિશાની તરીકે તેના મકાનનાં છાપરાને થોડાં ત્રાંબાનાં નળિયાં વડે શણગારવાની અનુમતિ મળી. આ પ્રસંગ પરથી એક મરાઠી લોકગીત પ્રચલિત થયું કે

નાખવા કોળી જાત ભેળી; ઘરમધ્યે દ્રવ્ય મહામર,
ટોપીવાળ્યાને હુકુમ કેલે, બાટલીવાલ્યાચે બરાબર.

સોળ વર્ષની વયે જમશેદજીને પોતાના એક માતબર વેપારી પિતરાઈ મેરવાનજી તબાકના મદદનીશ તરીકે કલકત્તે જવાની તક મળી, જ્યાંથી તે બહુ લક્ષ્મી તો નહિ પણ ઘણો અનુભવ પ્રાપ્ત કરી આવ્યા. એ પછી તરત એ મેરવાનજીના મહેતા તરીકે ચીનની સફરે ઊપડ્યા, જેને પરિણામે પણ એમની આર્થિક સ્થિતિમાં કાંઇ બહુ ફેર ન પડ્યો.

પણ આમ ગરીબીની શાળામાં ઘડાઇને જ્યારે એમને ખયાલ આવ્યો કે ધનસંપત્તિની માલિકી એ તો માત્ર જનતાના શ્રેય ને કલ્યાણ માટે માણસને સોંપાતા ટ્રસ્ટ સમાન છે, ત્યાર પછી લક્ષ્મીદેવીની કૃપા જમશેદજી પર ઊતરવા માંડી. પોતાની વ્યાપારી કુનેહ અને અદલ પ્રામાણિકતાથી વેપારી દુનિયામાં તેમણે જે નામ કાઢ્યું એને પરિણામે ૪૦ હજારની મૂડી ઊભી કરીને તે હવે પોતાના કાકા કામજીની ભાગીદારીમાં ચીનની બીજી સફરે ચડ્યા; અને માત્ર એક આપત્તિભરી ચોથી સફર સિવાય ઉત્તરોત્તર અનેક સફરોમાં વધુ ને વધુ દોલત કમાતા ગયા.

એ ચોથી સફર વેળા ઇસ્ટ ઇંડિયા કંપની ફ્રેંચો સાથે લડાઇમાં ઊતરેલી. જમશેદજી જેમાં પોતાનો માલ લાદીને સફર કરતા હતા તે જહાજ બ્રન્સવિકને ફ્રેંચોએ આંતરીને કબજે કર્યું. જમશેદજીની બધી માલમિલકત જંટી લઈ તેમને કેદ કરીને પહેરેં કપડે કેપ ઑવ ગુડ હોપને તટસ્થ બંદરે ઉતારવામાં આવ્યા, જ્યાંના બ્રિટિશ એલચીએ તેમને સીરામપોર જતા એક ડૅનિશ જહાજમાં કલકત્તાની ટિકિટ કઢાવી આપી.

'જહાજ પર અમને સવારમાં માથા દીઠ માત્ર એક બિસ્કિટ અને સાંજે ચાર-પાંચ વાગ્યે થોડી ખીચડી મળતી.'—એમણે મુંબાઈમાં એક મિત્રને લખેલું: 'આમ લગભગ ભૂખમરાની હદ પર અમે ગુજરવું રાખ્યું. સોળ સો રૂપિયાના બદલામાં અમને ડૅનિશ કૅપ્ટને કોઈ દેશી વહાણ કરતાં પણ કમતરીન બેઠક કાઢી આપેલી. નવ માણસો વચ્ચે રસોઇ-પાણી તથા પીવા માટે માત્ર એક વાસણ પાણી મળતું. જિંદગીમાં કદી નહિ અનુભવેલી હાલાકી ને હાડમારી મેં એ જહાજ પર વેઠી.'

કેટલાક માસની અથડામણ બાદ જમશેદજી મુંબાઇ પહોંચતાં એમનાં સગાંવહાલાંઓમાં આનંદ આનંદ વર્તી રહ્યો. એમણે તો તેમની આશા છોડી જ દીધેલી. તે પછી એ મુંબાઈમાં જ સ્થિર થયા ને ત્યાં રહ્યે રહ્યે મદ્રાસ, કલકત્તા, કોલંબો, પિનાંગ, સિંગાપોર, સીઆમ, સુમાત્રા, ચીન, ઈંગ્લંડ આદિ સાથેના પોતાના બહોળા વેપારનું સંચાલન કરતા રહ્યા; અને ત્યાં જ અઢળક લક્ષ્મી ને દિલાવર દાનેશમંદીને લીધે એમનું નામ ઘરઘરનો શબ્દ બની ગયું. એમનો મુખ્ય વેપાર રૂ તથા અફીણનો હતો, પણ ઈ. ૧૮૧૪માં એમણે વહાણવટાનો ધંધો શરૂ કર્યો અને તેમાં એટલા બધા કામયાબ થયા કે થોડા જ વખતમાં તે વેપારી જહાજોના એક મોટા કાફલાના માલિક બની ગયા.

એમના ધીકતા જતા એ વેપારની વિગતોમાં ઊતરવાનું આ સ્થળ નથી. એમનો ધંધો એટલો તો જામેલો હતો અને એમની આંટ એટલી ઊંચી હતી કે ચીની વિગ્રહ જેવા કટોકટીના કાળમાં પણ એ પેઢીએ ભરપટ્ટે નફો કર્યો. પણ એના સ્થાપક જેમજેમ માલેતુજાર થતા ગયા તેમ તેમ વધુ ને વધુ નમ્ર તે બનતા ગયા. એમને મન લક્ષ્મી એ તો એમના હાથમાં, જનતાની ગરીબી ને અજ્ઞાનને મારી હઠાવી તેમની તરક્કી કરવાનું એક મજબૂત સાધન માત્ર હતું. જેમ જેમ એ કમાતા ગયા, તેમતેમ એમણે પોતાની ઉદારતાનો પ્રવાહ એ વખતે અજ્ઞાત એવા માર્ગોમાં વહેવડાવવા માંડ્યો.

એમાંથી ઉદ્ભવેલી પરગજુ સંસ્થાઓમાં સૌથી જાણીતી તે મુંબાઇની એમના નામે ઓળખાતી જે. જે. હૉસ્પિટલ;—જોકે એમણે તો સરકારને સૂચન સરખુ યે કર્યું ન હતું કે પોતાનું નામ એને જોડવામાં આવે. બેલાસિસ રોડ પરની ધર્મશાળા—કે નિરાશ્રિતગૃહ, એ બીજી. મુંબાઈની જાણીતી કલાશાળા (જે. જે. સ્કૂલ ઑવ આર્ટ) એ ત્રીજી. એ દિવસોમાં મુંબાઈ શહેરને સાલસેટ ટાપુ સાથે જોડતો કોઇ માર્ગ ન હોવાથી વર્ષોવર્ષ એક ટાપુથી બીજા પર જવા માટે એ ધૂધવતી ખાડી પાર કરવામાં સંખ્યાબંધ માણસોના જાન જતા. દરિયાની કરાળતા જેમજેમ આ ભોગ લેતી ગઇ તેમ એ હાતિમ-દિલનાં કોમળ હૃદયનાં પત્નીનું દિલ રડી ઊઠયું: 'સરકાર ત્યાં એક પૂલ કેમ નથી બાંધતી?' એમણે પૂછ્યું. તો જવાબ મળ્યો: 'સરકાર પાસે પૈસા નથી!' અને તરત એમણે એ ખર્ચ ઉપાડી લીધો.

એક કોમી દાનનો ઉલ્લેખ પણ અહીં કરવો જોઈએ: જે સ્થાને આપણા ચરિત્રનાયકે પોતાની કારકિર્દીની શરૂઆત કરી એ કામજી બાટલીવાળાની કોટમાં આવેલી દુકાનની પડોશમાં જ આવેલું 'પારસી બેનીવોલન્ટનુંઇન્સ્ટીટયૂટ.' ઘણીવાર પુછાયછે કે આ મુઠ્ઠીભર પારસીઓ પોતાની સંખ્યાને મુકાબલે દેશભરના જાહેરજીવનમાં આટલા આગળ પડતા શાથી? આખા દેશમાં જ્યારે ગાઢ અંધકારવ્યાપેલો હતો ત્યારે એ કોમના સખાવતીઓએ પોતાની કોમની તરક્કી ને તાલીમ માટે કેળવણીની સંસ્થાઓ સ્થાપવામાં જે દીર્ઘદષ્ટિ વાપરી તેમાં એની ચાવી રહેલી છે.

બાટલીવાળાની ઉદારતાનો આ પ્રવાહ એમના જીવનના છેલ્લા

દિવસ સુધી વહેતો રહ્યો. એમની આ અઢળક દાનશીલતા ને સેવાબુદ્ધિની હકીકત રાણી વિક્ટોરિયાના કાને પહોંચી. તેણે એમને ૧૮૪૨માં નાઈટહૂડનું માન બક્ષી 'સર' બનાવ્યા. કોઈ પણ ભારતીયને મળેલું આ પ્રથમ માન હતું. દેશ ને માનવતાના આ ઉપકારક પ્રત્યેના ઊંચા માનની કદરશનારીમાં લંડન શહેરની કૉર્પોરેશને પણ એમને 'ફ્રીડમ ઑવ ધ સિટી ઑવ લંડન' બક્ષ્યું. પણ નિષ્કલંક પ્રામાણિકતા ને નિઃસીમ ઉદારતા ધરાવતા હિંદના આ શાહસોદાગરની જિંદગીના માનનો કળશ તો એમને (હિંદના પહેલા) બૅરોનેટ બનાવવામાં આવ્યા ત્યારે ચડ્યો.

૧૮૫૬માં એમણે ધંધામાંથી નિવૃત્તિ લીધી ત્યારે એમના પ્રત્યેના ઊંચા માન અને આદરથી પ્રેરાઇને, મુંબાઇની સર્વ કોમ અને ક્ષેત્રના માણસોએ એ શહેરના શેરીફને કરેલી વિનતિથી, ૧૪મી જૂને મુંબાઇના ટાઉન હૉલમાં એક જંગી સન્માન-સમારંભ યોજાએલો. પ્રમુખસ્થાનેથી ગવર્નર લૉર્ડ એલ્ફિન્સ્ટને જાહેર કરેલું કે એમની એકલી જાહેર સખાવતોનો આંકડો જ પચ્ચીસ લાખનો થવા જતો હતો. એ રકમ તો જંગી હતી જ, પણ જે વિવિધ ક્ષેત્રોમાં અને સર્વજનહિતાર્થે એ વહેવડાવવામાં આવી તે સવિશેષ પ્રશંસનીય હતુ.


(આકાશવાણીના સૌજન્યથી) —રુસ્તમજી પી. મસાણી

બિગ-બેનની શતાબ્દી

જેનું શ્રવણ અને દૃશ્ય રાષ્ટ્રકુટુંબના સર્વ દેશોમાં જાણીતું છે તે લંડનનું 'બિગ-બેન' આ માસમાં પોતાની શતાબ્દી ઊજવે છે. લંડનના પાર્લમેન્ટ ગૃહના ૩૧૬ ફૂટ ઊંચા ટાવરમાંનું એ ઘડિયાળ લંડનવાસીઓ ને ત્યાંના મુલાકાતીઓનું જેટલું લાડકું છે તેટલી જ બી. બી. સી. રેડિયો ઉપરથી સંભળાતી તેની ઘંટાની સૂરાવલિ દુનિયાભરમાં જાણીતી છે. ઘણાને ખબર નહિ હોય, કે કલાકના ટકોરા સાથે સંભળાતી એ સૂરાવલિ, નીચેની પ્રાર્થનાના સૂરો પર બેસાડેલી છે:

All through this hour Lord be my guide,
And by Thy power no foot shall stride.

ઈ. ૧૮૫૯ની ૩૧મી મેના દિવસે બિગ-બેને સમય દર્શાવવાનું શરૂ કરેલું ને ૧૧ દિવસ પછી તેના ટકોરા સંભળાવા શરૂ થયા. વસ્તુતઃ 'બિગ-બેન' એ ઘડિયાળનું નહિ, પણ એના જગ-જાણીતા ઘેરા-ખોખરા ટકોરા વગાડનાર ૧૩ાા ટન વજનના ઘંટનું નામ છે. એ ઘંટ જ્યારે ઢાળવામાં આવ્યો ત્યારે પાર્લમેન્ટમાં એના નામ વિષે વિચારણા ચાલી. કોઇએ સૂચવ્યું: 'સેઈન્ટ સ્ટિફન'; ત્યાં તો કોઈક બોલી ઊઠયું:



સાડા તેર ટન વજનનો બિગ બેનનો ઘંટ



લંડનના પાર્લમેન્ટગૃહનું ટાવર બિગ-બેન

'બિગ-બેન શા માટે નહિ?'—કેમકે એ ટાવર ઊભું કરનાર ખાતાના ચીફ કમિશ્નર સર બેન્જામિન હૉલ અત્યંત લાંબા-ચોડા ને ખડતલ દેહધારી હોવાથી 'બિગ-બેન'ને નામે(બિગ=મોટો+બેન=બેન્જામિન) ઓળખાતા હતા! અને પછી તો એ જ હેતભર્યું હુલામણું નામ રહ્યું!

તેને ઊભો કર્યા પછી એક વાર તો એ ઘંટ તરડાઇને અંદર મોટી ચિરાડ પડેલી, તેથી ફરી ઢાળવો પડ્યો; ને એ વખતે એની મજબૂતીને ખાતર ધાતુરસમાં ઉમેરવામાં આવેલું કલાઇનું પ્રમાણ ૪ ટકા વધી જવાથી તેનો આજનો લાક્ષણિક ખોખરો અવાજ સર્જાયો, જે હવે દુનિયાભરમાં તેની વિશિષ્ટતા ગણાય છે.

એની બીજી વિગતો પણ એટલી જ રસમય છે. એના ચાર ચંદા દરેક ૨૩ ફૂટ વ્યાસના છે અને તેમાંના આંકડા બબ્બે ફૂટના છે. મિનિટના એકએક આંકાની વચ્ચે એક ચોરસફૂટ જગ્યા છે, જે પ્રાધી એક વરસમાં ફરી રહેતાં તેના ચૌદ ફૂટ લાંબા મિનિટકાંટાને સો માઈલની સફર થાય છે! એ બનાવવા આપતી વેળા મુખ્ય શરત એ કરેલી કે કલાકનો પહેલો ટકોરો તેના સમયની એક જ સેકંડની અંદર પડવો જોઇએ. આથી તેની રચના એટલી ચોક્કસ કરવામાં આવી છે કે મિનિટકાંટો સાઠમી મિનિટે પહોંચતાંવેંત હથોડો ઘંટ પર પડે છે, ને તેનો અવાજ નીચે ભોંયતળિએ પહોંચતાં ૨/૫ સેકંડ થાય છે. અને આ સો વર્ષમાં તેની ચોક્કસાઇમાં ભાગ્યે જ ફેર પડ્યો છે,—ને તે પણ એકાદ સેકંડ જેટલો જ: કેમકે રૉયલ ઑબ્ઝર્વેટરી તેને ચેક કર્યા જ કરે છે. ને આવી ભૂલ જ્યારે પણ જણાય ત્યારે તેના ૧૩ ફૂટ લાંબા લોલકને અધગાળે એક સપાટ તસ્તરી ગોઠવી છે, તેના પર એક પેનીનો સિક્કો મૂકી દેવામાં આવે છે, જેના વજનથી ઘડિયાળ એક દિવસના ૨/૫ સેકંડના હિસાબે એ ફેર કાપી નાખે છે,—ને પછી એ પેની ઉઠાવી લેવામાં આવે છે. આજે જ્યારે અણુઘડિયાળો સેકંડના ૧૦ લાખમા ભાગની વધઘટને પણ તત્ક્ષણ પકડી શકે છે ત્યારે પણ બિગબેન ચોક્કસાઇપૂર્વકની ઈજનેરી વિદ્યાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ ગણાય છે.

આ સો વર્ષમાં તેની એ યંત્રરચનામાં એક જ વખત થોડો ખોટકો આવી ગયો હતો, ને તે પણ ૧૯૪૧ની ૧૧મી મેએ જર્મન બૉમ્બ-

મારાએ પાર્લમેન્ટગૃહને જમીનદોસ્ત કર્યું ત્યારે, તેના ચંદામાં એક બૉમ્બ વાગવાને લીધે. બાકીના ખોટીપા તો નાનાનાના હતા: ઇ. ૧૯૦૦ના ફેબ્રુઆરીનાં બરફનાં સખત તોફાનથી ૮ કલાક તે બંધ રહેલું; ૧૯૪૫ના એપ્રિલમાં તેના ચંદા પર ચમક લાવવા ચડેલા કારીગરનો પગ જેના મિનિટકાંટામાં ફસાઈ જવાથી ત્રણેક મિનિટ તે અટકી પડેલું; ને એ જ વર્ષના ઑગસ્ટમાં ૮·૪૫ વાગ્યે તેના કાંટા પર એટલાં બધાં 'સ્ટાર્લિંગ' પંખી બેઠેલાં કે ૯ વાગતાં સુધીમાં તો તે મિનિટ મોડું પડી ગએલું! હા, બાકી ચાર વખત તો તેને જાણી જોઈને અટકાવવામાં આવેલું: પહેલા મહાયુદ્ધમાં ઝેપલિનના આક્રમણ વખતે, અને એડવર્ડ સાતમા, જ્યૉર્જ પાંચમા તથા જ્યૉર્જ છઠ્ઠાના અવસાન સમયે.

શરૂથી તે ઈ. ૧૯૧૩સુધી તો તેને હાથ વડે જ ચાવી અપાતી: અઠવાડિયામાં ત્રણ વખત બે માણસો રોજ પાંચપાંચ કલાક એમાં કામે લાગતા. પછી તો એ કામ માટે યાંત્રિક મોટરની રચના કરવામાં આવી જેમાં માત્ર ૪૦ મિનિટ આજે લાગે છે. ૧૯૫૭માં તેમાં ફ્લડ-ફૅટ્યૉડની પ્રકાશયોજના દાખલ કરવામાં આવી. ઈ. ૧૯૦૦ની સાલ સુધી તો તેમાં ગૅસના દીવા બાળવામાં આવતા!

આ શતાબ્દીની ઉજવણીમાં આ આખો ઉનાળો તેને રોશનીથી સજાવેલું રખાશે, અને ૩જી જૂને વેસ્ટ મિન્સ્ટરના જ્યુએલ ટાવરમાં એક અનોખું પ્રદર્શન ખુલ્લું મુકાશે તે પણ આખો ઉનાળો ચાલુ રહેશે.

ઘટિકા–વિદ્યા-સંસ્થાની પણ શતાબ્દી

સાથેસાથે બ્રિટનની ઘટિકા-વિદ્યાસભાની સંસ્થાની પણ આ વર્ષે શતાબ્દી આવે છે. એ વિદ્યાને લગતું વિશ્વનું સર્વોત્તમ પુસ્તકાલય આજે એ સંસ્થામાં છે. ઘટિકા-વિદ્યાના સૈદ્ધાન્તિક ને વ્યવહારુ ઉપયોગ માટે તે ૧૮૫૯માં સ્થપાએલી.

ઘડિયાળની કારીગરીમાં સ્વિટ્ઝર્લાન્ડ જગત્શ્રેષ્ઠ દેશ ખરો; પણ ઘણા નહિ જાણતા હોય કે ઘડિયાળના ઉત્પાદનમાં પ્રાણ રૂપ ભાગ ભજવનાર બધી શોધો તો ઇંગ્લંડમાં જ થઇ હતી. 'ટકટક' અવાજ કરતું ઉચ્ચાલનસાધન ઈ. ૧૭૫૪માં લંડનના ટૉમસ મજે શોધેલું. એવી જ મહત્ત્વની બીજી શોધ એ જ સદીમાં જ્યૉર્જ ગ્રૅહામે કરેલી, પણ એ બંનેની વહેલાં 'બાલ' કમાનની શોધ ૧૬૫૮માં ડૉ. રૉબર્ટ હૂકે કરેલી. ઘડિયાળો માટેનાં 'જ્યુએલો' પણ બ્રિટને જ પહેલાં બનાવેલાં, ને વેધશાળાઓમાં અત્યંત ચોક્કસાઈથી સમય દર્શાવતાં ઘડિયાળો માટેની 'મુક્ત લોલકયુક્તિ'ની શોધનો યશ પણ ઈ. ૧૯૨૧માં ઇંગ્લંડના ડબલ્યુ. એચ. શૉર્ટે જ લીધેલો. આપમેળે ચાવી આપતી પહેલી ઘડિયાળ પણ ત્યાંના જૉન હાર્વૂડે ૧૯૨૮માં શોધી.

કેરીનાં વિવિધ નામ

કેરીની અનેક જાતો થાય છે, જે બધી વિવિધ નામે ઓળખાય છે, પણ એમાંનાં બહુ જૂજ નામો જાણીતાં છે. કેટલાંક તો ખૂબ જ અજાણ્યાં છે: આ નીચે થોડાં આપ્યાં છે:

(૧) આફૂસ	(૨૨) બારમાસી	(૪૩) ડીટિયોપીટિયો
(૨) કાળો આફૂસ	(૨૩) રૂસ	(૪૪) શેદરિયો
(૩) દિલ આફૂસ	(૨૪) રૂમાની	(૪૫) કરંજિયો
(૪) બદામી આફૂસ	(૨૫) લંગડો	(૪૬) ગંધપિયો
(૫) મેસૂરી આફૂસ	(૨૬) સબ્ઝર	(૪૭) અજમેરિયો
(૬) ચીનાઇ આફૂસ	(૨૭) માખણીઓ	(૪૮) સફરજનિયો
(૭) પાયરી	(૨૮) સિંદૂરિયો	(૪૯) નારંગીઓ
(૮) ચીનાઇ પાયરી	(૨૯) જમાદાર	(૫૦) બાફણીઓ
(૯) માલગુઓ	(૩૦) અનારસીઓ	(૫૧) પોપટીઓ
(૧૦) મકારામ	(૩૧) શ્રાવણીઓ	(૫૨) માનકુલાસ
(૧૧) સરદાર	(૩૨) જમરૂખીઓ	(૫૩) કૃજલી
(૧૨) રાજાપુરી	(૩૩) આમડી	(૫૪) લાલબાગ
(૧૩) ટોટાપુરી	(૩૪) બાડવીઓ	(૫૫) વેંગણપરી
(૧૪) પછાતીઓ	(૩૫) કૂટિયો	(૫૬) ગભીરિયો
(૧૫) રંગારો	(૩૬) બટકુટિયો	(૫૭) વણઝારિયો
(૧૬) બાટલી	(૩૭) મધકુપરી	(૫૮) ખભરી
(૧૭) સાકરીઓ	(૩૮) કારેબિયો	(૫૯) ધરમપોરિયો
(૧૮) દાડમીઓ	(૩૯) કોપરિયો	(૬૦) ગોદડિયો
(૧૯) લીમડી	(૪૦) ગધેમાર	(૬૧) કૂદડિયો
(૨૦) નીલમ	(૪૧) ખટાડ	(૬૨) માલનીષ
(૨૧) રધાનો શ્રાવણિયો	(૪૨) મીઠો	(૬૩) ગોબીફળ

હજી બીજાં નામની જાણ પણ વાચકોને હશે.

ગણિતગમ્મત

૧થી શરૂ કરીને કોઈપણ ક્રમબદ્ધ અંકોનો સરવાળો બરાબર વચ્ચેના તથા છેલ્લા આંકડાના સરવાળા બરાબર થશે. કુલ અંકો એકી સંખ્યાના હોય તો વચ્ચેનો આંકડો અપૂર્ણાંક આવશે. જેમકે

૧+૨+૩+૪+૫+૬+૭=(૪×૭=)૨૮

૧+૨+૩+૪+૫+૬=(૩½×૬=)૨૧

૧ સિવાયના અંકથી શરૂ થતા ક્રમબદ્ધ આંકડાનો સરવાળો વચ્ચેના અંક ને કુલ આંકડાઓની સંખ્યાના ગુણાકાર બરાબર થશે જેમકે

૨૧+૨૨+૨૩+૨૪+૨૫+૨૬+૨૭=(૨૪×૭=)૨૮

૨૧+૨૨+૨૩+૨૪+૨૫+૨૬=(૨૩½×૬=)૧૪૧

—નિરંજન ગી. મહેતા

અનુસંધાન] **તિબેટ** [પૃ. ૧૭૯થી

તિબેટના લોકો મહાયાન બૌદ્ધધર્મ પાળે છે. આ પહેલાં ત્યાં 'બૉન' નામે ધર્મ પ્રચલિત હતો. તેમાં અનેક પ્રકારના તાંત્રિક વિધિઓ, બલિદાનની પ્રથા તથા મોટો કર્મકાંડ હતો. હજી યે ઘણે ઠેકાણે બૉન ધર્મ ચાલે છે, પરંતુ તેના પર પણ બૌદ્ધધર્મની અસર ખૂબ છે. તેઓ બૌદ્ધ દેવદેવીઓને પણ પૂજે છે. આ પંથના લોકો પવિત્ર સ્થળની પરિક્રમા ડાબેથી જમણે નહિ પણ તેથી અવળી રીતે કરે છે.

તિબેટી લોકોનો સૌથી પવિત્ર મંત્ર છે 'ૐ મણિ પદ્મે હૂં.' પથ્થરો, દીવાલ, કાપડ, બાજઠ, ધજા, ખડક, ચાક કે ઘેટાના શિંગડાં બધે જ આ મંત્ર લખેલો જોવા મળે છે. મંત્રનો સતત જાપ એ અતિ પવિત્ર ધર્મકૃત્ય મનાય છે, અને એટલે, એ જાપ એકસામટો લાખો વાર થઈ જાય તે સારુ તેઓ લાંબા પાતળા કાગળો ઉપર આ મંત્રને હજારો અને લાખો વાર લખે છે અને એવા કાગળોનું ટીપણું બનાવી તેને તાંબાની એક ગોળ ડબ્બીમાં મૂકીને તળિયે એક હાથો ખોસી તેઓ તે ડબ્બીને ગોળગોળ ફેરવે છે, જેથી આ ચક્રના દરેક ફેરે અંદરના ટીપણા પર લખેલા મંત્રોની સંખ્યા જેટલા જાપ એકસામટા કર્યાનું પુણ્ય મળે છે! આ મંત્ર ચક્રને તેઓ 'કૉર્લો' કહે છે. બેસતાં ઊઠતાં કે ગમે ત્યારે તેઓ કૉર્લો ફેરવ્યા જ કરી લાખો મંત્ર જપ્યાનું પુણ્ય મેળવે છે. ગોમ્પાઓમાં આવા લાખેક મણિમંત્ર લખેલાં મોટી કોઠીઓ જેવાં ચક્રો ધરી ઉપર ઊભાં ગોઠવ્યાં હોય છે. દર્શને આવનાર સૌ તેને ફેરવીને જાપ કર્યાનું પુણ્ય મેળવે છે. દરેક ફેરે એક ઘંટડી વાગે તેવી ગોઠવણ તેમાં હોય છે.

ધર્મપરાયણ તિબેટમાં અનેક પ્રકારના વહેમો અને માન્યતાઓ પ્રચલિત છે. કોઈ પણ ધાર્મિક સ્થાનની ડાબી બાજુએથી તેઓ જવાના. આ ટેવ તો અહીં એટલી બધી ઊંડી ઊતરી ગએલી છે કે અહીંના ઘોડાઓ પણ મણિ પથ્થરો કે ચોરતેનની ડાબી બાજુએ ફેરો ખાઇને જ જાય!

તિબેટમાં મૃતદેહની અંતિમ ક્રિયાની રીત પણ જુદી જ છે. વૃક્ષો વિના બળતણની ખેંચને લીધે અગ્નિદાહ તો દેવો પાલવે નહિ. ને શબને દફનાવવાનું એ ધર્મભાવનાથી વિરુદ્ધ; તેથી મોટા લામાઓને જ અગ્નિસંસ્કાર કરાય છે. બાકીના સામાન્ય લોકોનાં શબને પ્રથમ પહાડ પર લઇ જઈ કેટલીક ધાર્મિક વિધિ કર્યા પછી તેના ટુકડા કરી ગીધ, શિયાળ વગેરે પ્રાણીઓને ફેંકી દેવામાં આવે છે.

ગુનેગારોને અહીં બહુ સખત શિક્ષા કરાય છે. પ્રથમ તો ફરિયાદી તેમ જ અપરાધી બંનેને નામની સજા કરવામાં આવે છે. અને નાના અપરાધ માટે પણ ચાબુકના પચાસ–સો ફટકા મારવામાં આવે છે. મોટી ચોરી કે લૂંટ માટે હાથનાં કાંડાં કાપી લેવામાં આવે છે અને ધર્મ અથવા રાજદ્રોહના ગુના માટે ધગધગતા સળિયા માથામાં ખોસી દઇને મારી નાખવામાં આવે છે અથવા ઊંચા પહાડ પરથી ફેંકી દેવામાં આવે છે. પરંતુ આવો દેહાંતદંડ જવલ્લે જ અપાય છે.

તિબેટવાસીઓ પોતાના દેશને 'બોડ' કહે છે, જેનો ઉચ્ચાર 'બોટ' જેવો થાય. જે પ્રદેશમાં યાત્રીઓની આવજા છે તે વિસ્તારનું નામ 'ટો બોટ', ને તેનું અંગ્રેજી રૂપાંતર તે 'તિબેટ'. પણ તેથી યે પહેલાં પુરાણોમાં આપણે આ ભૂમિને ત્રિવિષ્ટપ નામે ઓળખાવી છે, જેથી પ્રતીત થાય છે કે છેક તે કાળથી આપણા અને આ દેશ વચ્ચેના સંબંધો બંધાએલા છે, ને ઇ.સ.ની ૭મી સદી પછીનો કંઈક ઈતિહાસ પણ જાણવા મળે છે. તે પહેલાંના ઇતિહાસની રેખા તો ત્યાંની લોકકથાઓ અને તત્કાલીન ચીની ઈતિહાસમાં થએલા તેના ઉલ્લેખો વગેરેમાંથી મળે છે. દાખલા તરીકે તેમની ઉત્પત્તિ માટેની એક લોકમાન્યતા એવી છે કે એક નરવાનર કે જેનામાં અવલોકિતેશ્વરનો આત્મા પ્રવેશેલો હતો તે તથા એક પિશાચિનીનાં તેઓ સંતાન છે. તેમનો આદિ સમ્રાટ ન્યા-ત્રિત્સેન-પો, એ ભરતખંડના કોશલદેશના રાજા પ્રસન્નજિતનો પાંચમો પુત્ર હતો. ઉત્તરમાં નાસી આવેલા આ રાજકુમારને અહીંના બાર પ્રતિનિધિઓએ પોતાનો સમ્રાટ બનાવેલો અને તેની બાર પેઢીઓએ અહીં રાજ્ય કરેલું. કહેવાય છે કે 'નેમ રીલોંગત્સેન' (જે ૬૩૦માં મૃત્યુ પામ્યો)-ના કાળમાં તિબેટમાં ચીનમાંથી ગણિત અને વૈદકનું જ્ઞાન આવેલું. એ કાળે ત્યાંની પશુસમૃદ્ધિ એટલી બધી હતી કે એ રાજાના મહેલના ચણતરમાં ચૂના સાથે દૂધ જ વપરાએલું!

પણ તિબેટનો કડીબદ્ધ ઇતિહાસ તો સોંગસેન-ગમ-પોથી શરૂ થાય છે. ૧૩ વર્ષની ઉંમરે તે ગાદીએ આવેલો, ને બૌદ્ધ ધર્મનો તેણે સારો પ્રચાર કરેલો. તેણે એ કાળે કાશ્મીર તરફ પ્રચલિત લિપિ પરથી તિબેટી લિપિ વિકસાવેલી. ઈ. ૮૩૮માં તેના ધર્મવિરોધી ભાઈએ તેનું ખૂન કરી ગાદી હાથ કરેલી. ત્રણ વર્ષ પછી કોઈ ધર્મગુરુએ નૃત્ય દેખાડવાને બહાને તેનું પણ ખૂન કર્યું. ધર્મ ખાતર રચાએલા એ નૃત્યને હજી પણ તિબેટવાસીઓએ જાળવી રાખ્યું છે. એ પછી તો રાષ્ટ્રમાં અનેક નાના-મોટા સત્તાધીશો ઊભા થયા જેમાં કેટલીક સ્ત્રીઓ પણ હતી.

આ દરમિયાન બૌદ્ધ ધર્મ ધીરેધીરે વિસ્તરતો જતો હતો. ઈ. ૧૦૧૩મા ધર્મપાલ નામે એક બૌદ્ધ પંડિત તેના શિષ્યો સાથે અહીં આવેલો. ૧૦૪૨માં ભારતની 'વિક્રમશીલા વિદ્યાપીઠના આચાર્ય આતિશા પણ અહીં આવ્યા અને ૧૪ વર્ષના તેમના અહીંના જીવનકાળ દરમિયાન તેમણે તાંત્રિક સિદ્ધાંતોના અનેક ગ્રંથો રચ્યા, તેમનું અવસાન પણ અહીં જ થયું. લ્હાસાથી વીસેક માઈલ દૂર યે-તક

ડાબી બાજુ: પશ્ચિમ તિબેટનો તળપદો વતની; જમણી બાજુ: પૂર્વ તિબેટનો સંસ્કારી વતની.







તિબેટી કિરાત. તેણે ઘેટાના ચામડાનો ડગલો પહેર્યો છે અને તિબેટી પ્રણાલિકા પ્રમાણે જમણો હાથ ખુલ્લો રાખ્યો છે.

નામના સ્થાને તેમની સમાધિ હજી છે. આ ઉપરાંત પણ શાંતિરક્ષિત, પદ્મસંભવ, બુદ્ધકીર્તિ, કુમારશ્રી, કર્ણશ્રી, સૂર્યધ્વજ, સુમતિસેન, જિનમિત્ર, શીલેન્દ્રબોધ, પ્રજ્ઞાવર્મન ઇત્યાદિ અનેક ભારતીય પંડિતો અહીં આવી ગયા છે. તિબેટથી પણ ઘણા સાધુ-વિદ્વાનો ભારત આવી અભ્યાસ કરી ગયા છે. આજે ભારતમાં અપ્રાપ્ય એવા અનેક સંસ્કૃત ગ્રંથો છે કે જેનું તિબેટી ભાષાંતર ત્યાં મળે છે.

ધીરે ધીરે ધર્મનો પ્રભાવ ફેલાતો જઈ બારમી તેરમી સદીમાં તો ત્યાં ધર્મગુરુઓની સત્તા ઘણી વધી ગઈ, જેમાં 'શાક્ય' પંડિતનું નામ મોખરે છે. તેનો ભત્રીજો મંગોલ શાહ કુબલાઇખાનના આમંત્રણથી બાર વર્ષ સુધી પેકિંગ જઈ રહેલો અને કુબલાઈખાને તેને તિબેટના કેટલાક ભાગનો રાજા બનાવેલો. ઈ. ૧૨૭૦થી ૧૩૪૦ સુધી તેની ૨૧ પેઢીઓએ એ સત્તા ભોગવી. ત્યાર પછી સિત્થ વંશની બાર પેઢીઓએ ૧૬૩૫ સુધી એ રાજ્ય ચલાવ્યું.

પણ આ દરમિયાન ધર્મવિચારોમાં ચિત્રવિચિત્ર શંભુમેળો થઈ ગએલો. તેમાં 'સોંગ-કા-પા'એ વ્યવસ્થા આણી. તેણે ચારિત્ર્યશુદ્ધિ પર ઘણો જ ભાર મૂક્યો. તેનો એ ચુસ્ત ને નીતિપરાયણ પંથ 'પીળા પંથ'ને નામે ઓળખાય છે, જેની સામે લાલ પંથના અનુયાયીઓની નીતિ શિથિલ છે. એ સોંગ-કા-પાએ સ્થાપેલા ગાન્ડેન, સેરા અને ડ્રેપુંગ મઠ તિબેટનાં ઉચ્ચ વિદ્યાલયો મનાય છે.

સોંગ-કા-પાના ઉત્તરાધિકારી 'ગેન-દેન-ત્રુપ પા' એ તાશી-લામ્પોનો મોટો મઠ સ્થાપ્યો જે તાશી લામાઓનું રહેણાક ગણાય છે. ૧૪૭૪માં તેનું અવસાન થયું, પણ તેનો આત્મા બે વર્ષ પછી જન્મેલા એક બાળકમાં આરોપાએલો લાગતાં લામાઓએ તેને ઉત્તરાધિકારી બનાવ્યો. આ પ્રસંગથી અવતારવાદની પ્રથા ત્યાં દાખલ થઈ ને આજે તો ત્યાં સેંકડો લામાઓ આવા પુનર્જન્મ લેતા હોવાનું મનાય છે.

ત્રીજા તાશી લામાએ મંગોલિયા ઉપર પણ સારો ધર્મપ્રભાવ પાડ્યો. મંગોલ રાજાએ તેમને 'દલાઇ લામા વજ્રધાર'ની ઉપાધિ આપી અને ત્યારથી તેના ઉત્તરાધિકારીઓ 'દલાઈ લામા' તરીકે જાણીતા છે.

આ દલાઈ લામાઓમાં પાંચમા દલાઈ લામા યુગપ્રવર્તક થઈ ગયા. તેમણે મંગોલોની સહાયથી ઈ. ૧૬૪૧માં તિબેટના રાજવીનું પદ મેળવ્યું, એટલું જ નહિ પણ મંગોલ તેમજ મંચુઓમાં તેમના ધર્માધિકારોને બળે ચીનના રાજદરબારમાં તેમને સ્વતંત્ર રાજા તરીકેનું સર્વોચ્ચ માન મળેલું. લ્હાસાનો રાજમહાલય 'પોટ્રાલા' પણ આ પાંચમા દલાઈ લામાના મુખ્ય મંત્રીએ જ સમરાવીને આજની સ્થિતિએ તૈયાર કર્યો હતો. એ પછી નહિવત જ સુધારા એ ભવ્ય મહેલમાં થયા હશે.

આ પાંચમા લામાના વખતમાં જ પ્રથમ ગોરો વિદેશી (–ફિરંગી) તિબેટના વિસ્તારમાં પ્રવેશ્યો. ઍન્ટીનિયો દ'એન્ડ્રાડા એનું નામ. જોકે તે છેક લ્હાસા તો નહોતો જઈ શક્યો. પ્રથમ લ્હાસા પહોંચનાર તો હતા ગુએબર (ઑસ્ટ્રીઅન) અને દ'ઓરવિલે (વૅલ્જીઅન). ૧૬૬૧માં તેઓ ચીનથી નીકળી પેકિંગ ને માર્ગે આવેલા. તેમણે પાંચમા દલાઈ લામાને ક્રૂર ચીતર્યા છે, પણ આજ સુધી એ લામા વધુમાં વધુ મહાન ગણાયા છે અને તેમણે સ્થાપેલા કેટલાક કાયદાકાનૂનો તો તિબેટમાં છેક હમણાં સુધી પળાતા આવ્યા છે. ૧૬૮૦માં તેનું અવસાન થયું પણ તેના ઉત્તરાધિકારીની શોધ થતાં સુધી તે છુપાવાયું. પણ નવા દલાઈ લામા કંઈક જુદા જ વિચારના નીકળ્યા. પોતાના પૂર્વાધિકારીઓ કરતાં તેઓ કંઈક મુક્ત ને હળવા વિચારના હતા. તેમણે રચેલાં અનેક કઢળવાં પદો આજે પણ તિબેટમાં ગવાય છે. પરંતુ તેમના રૂઢિચુસ્ત સમકાલીનોને આ લક્ષણો સારાં ન લાગ્યાં. પાંચમા દલાઈ લામાનો આત્મા તેમનામાં ઊતર્યાની તેમને શંકા થઈ અને એથી પેકિંગ લઈ જવાને બહાને લ્હાસાથી દસેક દિવસને અંતરે ઉત્તરમાં લઈ જઈ તેઓએ ભેગા થઇને તેમને મારી નાખ્યા.

આ પછી તિબેટમાં જે અરાજકતા ચાલી તેનો લાભ લઈ ચીને પોતાની સત્તા ત્યાં વિસ્તારી લીધી. ૧૭૫૦માં ચીની પ્રતિનિધિઓએ તિબેટનો રાજકારભાર સંભાળનાર અમાત્યનું ખૂન કર્યું. એથી પ્રજામાં બળવો થયો અને ચીનાઓની કતલ થઇ. ચીની લશ્કરે બંડ દાબી તો દીધું પણ પેકિંગથી અતિ દૂર લ્હાસામાં તે પછી કેટલુંક ધ્યાન આપી શકે?

ઈ. ૧૭૮૮માં નેપાળના ગુરખા ને ૧૮૪૧માં કાશ્મીરના ડોગરાએ તિબેટ પર ચડાઈ કરેલી પણ બંને કંઇ બહુ ફાવેલા નહિ. ૧૮૫૫માં નેપાળે ફરી હુમલો કર્યો અને બંને વચ્ચે સંધિ થઇ. લ્હાસા ને અન્ય સ્થળે ગુરખા પ્રતિનિધિ રહેવા લાગ્યા ને વાર્ષિક દસ હજાર રૂપિયાની ખંડણી નક્કી થઈ. તિબેટમાં મુક્ત વેપાર વગેરેના હક્કો મેળવ્યા ને બદલામાં તિબેટ પર જો કોઇ બહારની સત્તા ચડી આવે તો નેપાળે તેને લશ્કરી સહાય આપવાનું નક્કી થયું.

આ બધા કાળ દરમિયાન આ રહસ્યમય દેશમાં અનેક વિદેશીઓએ ગુપ્તરીતે પ્રવેશવાના પ્રયત્નો કરેલા. ઘણાએ તેમાં જીવ ખોયા! કેટલાકને થોડીઘણી સફળતા મળી ને એ રીતે



મંત્રોચ્ચાર તથા ગાન કરતા લાલ પંથના લામા

બહારની દુનિયાને તે દેશનું થોડુંઘણું જ્ઞાન મળ્યું. ઈ. ૧૭૭૪માં વૉરન હેસ્ટિંગ્સે તિબેટમાં મોકલેલ જ્યૉર્જ બૉગ્લે એ દેશમાં જનાર પ્રથમ અંગ્રેજ હતો. હેસ્ટિંગ્સે તિબેટ સાથે વેપારી કરારો પણ કરેલા. પણ તિબેટની વિગતવાર મોજણી કરનારા તો હિંદીઓ હતા. જેમાં પં. નૈનસિંગ, પં. કૃષ્ણ અને તે પછી શરતચંદ્ર દાસ વગેરે મુખ્ય છે. આમાં યે શરતચંદ્રે તો લ્હાસાના મઠમાં વિદ્યાર્થી તરીકે પ્રવેશ મેળવી ત્યાં અભ્યાસ પણ કરેલો. પાછા ફરતી વખતે તે ઘણા સંસ્કૃત તથા તિબેટન ગ્રંથો સાથે લઇ આવેલા અને ભારત આવી તેમાંના કેટલાક ગ્રંથોનું તેમણે પ્રકાશન પણ કરેલું.

૧૯૦૪માં અંગ્રેજોએ પ્રથમ વાર કર્નલ ફ્રાન્સિસ યંગહસ્બંડની આગેવાની નીચે સૈન્ય મોકલી લ્હાસા કબજે કર્યું ને પોતાને અનુકૂળ વ્યાપારી હક્કો મેળવેલા. હવે બ્રિટિશ સરકારનો એક પ્રતિનિધિ તિબેટમાં રહેવા લાગ્યો.

ઈ. ૧૯૧૦માં ચીની લશ્કરે લ્હાસા પર હુમલો કર્યો ત્યારે ત્યારના દલાઇ લામાએ હિંદુસ્તાનમાં આવી દાર્જિલિંગમાં આશ્રય લીધેલો. પણ ૧૯૧૧માં ચીની લશ્કરમાં બળવો થયો એનો લાભ લઇ તિબેટનોએ સત્તા ફરી વાર હાથ કરી ને દલાઇ લામા ફરી લ્હાસા ગયા. ઈ. ૧૯૧૩માં તિબેટનું રાજકીય સ્થાન નક્કી કરવા હિંદુસ્તાનમાં બ્રિટન, ચીન અને તિબેટની એક પરિષદ મળી પણ તેનું કંઇ પરિણામ આવ્યું નહિ. પછી તો વિશ્વયુદ્ધ આવ્યું અને તિબેટમાંથી બ્રિટને એક હજાર સૈનિકોની મદદ મેળવી. દરમ્યાન ૧૯૧૭માં ચીને એક નિષ્ફળ હુમલો કરેલો. ૧૯૨૦માં તિબેટના આમંત્રણથી ચાર્લ્સ બેલ બ્રિટિશ પ્રતિનિધિ તરીકે લ્હાસા ગયા અને એક વર્ષ ત્યાં રહ્યા. ત્યારથી તિબેટ ને અંગ્રેજ સરકારના સંબંધો ગાઢ થયા ને અત્યાર સુધી વિદેશીઓને માટે પ્રવેશબંધી ધરાવતું લ્હાસા ૧૯૨૨મા તો હિંદ સાથે ટેલિગ્રાફીથી જોડાયું.

૧૯૪૭માં સ્વતંત્ર ભારત સરકારે તિબેટનું સ્વાતંત્ર્ય સ્વીકાર્યું. ભારતનો પ્રતિનિધિ હજી ત્યાં રહે છે. આ સંધિના આધારે ગ્યાત્સે પાસે ભારતીય સૈન્ય પણ ત્યાંનો માર્ગવ્યવહાર સાચવે છે.

આ દરમ્યાન ૧૯૧૧ થી ૧૯૪૯ સુધી ચીન પોતાના આંતર વિખવાદમાં જ વ્યસ્ત હતું. છેવટે ચીનમાં કૉમ્યુનિસ્ટ સત્તા સ્થપાતાં ૧૯૫૦માં દલાઇ લામાએ ચીન સાથે વાટાઘાટો કરવાનો ઇરાદો જાહેર કર્યો! પરંતુ વાટાઘાટો થાય તે પૂર્વે તો ૧૯૫૦ના ઑક્ટોબરમાં ચીની ફોજે તિબેટમાં પ્રવેશ કરી દીધો! આની સામે દલાઈ લામાએ સંયુક્ત રાષ્ટ્રને



માનસ સરોવર

હિમાલયને પેલે પાર ત્રિવિષ્ટપ અથવા તિબેટમાં આપણી દેવભૂમિ છે. ત્યાં દુનિયાનાં સૌથી ઊંચાં, સૌથી સુંદર અને સૌથી પ્રભાવી ત્રણ સરોવર છે. એક છે પાંસઠ માઈલના ઘેરાવાનું માનસ સરોવર. એનાથી કાંઇક નાનું તેની પડોશમાં જ છે રાવણહ્રદ યા રાક્ષસતાલ. અને તેની ઈશાને, કૈલાસ પર્વતની નજીક છે, એ બેથી નાનું પણ એ બંનેથી યે ઊંચે આવેલું ગૌરીકુંડ. એમની ચોમેર સર્વ દિશાએ પહાડ જ પહાડ છે, જે ચિર-હિમના મુકુટ ધારણ કરી ધ્યાની મુનિઓની માફક બેઠા છે. એ પહાડોમાં પોતાની ઊંચાઈને લીધે જુદા તરી આવતા બે ભવ્યતમ પહાડ છે: કૈલાસ અને ગુર્લા માંધાતા. માનસ સરોવર આ કૈલાસ અને માંધાતા પહાડોની વચ્ચે છે. ભારતના ઋષિ-મુનિઓ, સંત-મહંત, તપસ્વી-યોગી કવિ-દાર્શનિક, સૌ આ માનસનું જ ધ્યાનચિંતન કરતા આવ્યા છે.

પ્રાચીન કાળથી આજ સુધી ભારતના ઉગ્ર તપસ્વીઓ કૈલાસ ને માનસ સરોવરની પરિક્રમા કરતા જ આવ્યા છે. બૌદ્ધધર્મ અને તેના મહાયાન સંપ્રદાયની યોગવિદ્યા આ માનસ સરોવરની આસપાસ જે આઠેક બૌદ્ધ મઠ છે તેમાં સંગ્રહાએલી છે. પંદર માઈલ લાંબું, દસબાર માઇલ પહોળુ, બસ્સો ચોરસમાઈલના વિસ્તારનું અને ૪૦ ફૂટ ઊંડુ આ સરોવર, વૈદિક અને બૌદ્ધ અધ્યાત્મવિદ્યાનો જીવન-રાશિ છે. ભારતની ચાર મુખ્ય નદીઓ માનસના પરિસરમાંથી જ નીકળે છે: પૂર્વગામી બ્રહ્મપુત્ર અને પશ્ચિમગામી સિંધુ, એ બંને મહાનદ હિમાલયપારનાં પાણી એકઠાં કરી આ તરફ લાવે છે. અને સતલજ તો હિમાલયને વીંધીને રાવણહ્રદનું પાણી સિંધુ સુધી પહોંચાડે છે. આ બાજુ નાની કરનાલી નદી માનસના પવિત્ર જલને લાવી સરયૂને આપે છે, ને સરયૂ, પ્રભુ રામચંદ્રનાં અશ્રુથી મળેલું એ પાણી ગંગાને આપી દે છે.

અહીં એવાં પણ સ્થાન છે જ્યાંથી માનસ સરોવર અને રાક્ષસતાલ બંનેનો વિસ્તાર એકસાથે જોઈ શકાય, અને માંધાતા તથા કૈલાસ બંનેનાં શિખરોનું એકસાથે દર્શન થઈ શકે. આટલું ભવ્ય, આટલું ઉન્માદક, આટલું પાવન અને આટલું શાન્તિદાયક સ્થળ નથી યુરોપમાં ક્યાંયે, નથી બંને અમેરિકામાં, નથી આફ્રિકા કે ઑસ્ટ્રેલિયામાં. જ્યાં પ્રત્યેક મનુષ્ય ભક્તિનમ્ર અને યોગાગ્ર થઈ શકે એવું સમસ્ત પૃથ્વીનું જો કોઈ ગૌરવસ્થાન હોય, તો તે છે માનસ સરોવર અને તેની આસપાસનો પ્રદેશ.

સમુદ્રની સપાટીથી પંદરેક હજાર ફૂટ ઊંચે આવેલા માનસમાં, માનવી-માનસનાં બધાં લક્ષણ પ્રતીત થાય છે. જ્યારે તે શાંત હોય છે ત્યારે આકાશ સમ એટલું નિશ્ચલ હોય છે કે આકાશના સર્વ તારા પણ તેમાં પ્રતિબિંબિત થાય છે. પણ જ્યારે તેમાં તોફાન ઊઠે છે ત્યારે વાલ્મીકિના રાવણ, વ્યાસના દુર્યોધન, મિલ્ટનના શયતાન અને હોમરના ઍગેમૅમનન– એ સર્વના દુર્દાન્ત ભાવાવેગનું સંમિલન તેમાં ઊછળતું લાગે! —કાકાસાહેબ કાલેલકર

અપીલ કરી પણ ચીનના તિબેટ ઉપરના સાર્વભૌમત્વ આગળ કોઈનું કાંઈ વળે એમ ન હતું. ૧૯૫૧ના મેમાં, પેકિંગ ખાતે ચીની-તિબેટી કરારો થયા. તે મુજબ તિબેટ ચીનનું 'ઑટોનૉમસ'(સ્વાયત્ત)રાજ્ય બન્યું, તિબેટની સ્થાનિક સરકારના વડા તરીકે દલાઈ લામા રહ્યા, અને કારભાર માટે દલાઈ લામાના પ્રમુખપદે 'પ્રેપરેટરી કમિટી' નીમવામાં આવી જેમાં પંચમ લામા ઉપપ્રમુખ બન્યા. પછી કૉમ્યુનિસ્ટો હમેશાં કરે છે તેમ ચીને તિબેટ પર સુધારા લાદવાની દોટ દીધી.

૧૯૫૪માં ચીની પ્રજાસત્તાકની સ્થાપનાના પ્રસંગે ચીને દલાઈ લામાને નૅશનલ પીપલ્સ કૉંગ્રેસમાં પેકિંગ આવવા જણાવ્યું ત્યારે લોકોને ડર લાગ્યો કે રખેને એની ગેરહાજરીનો લાભ લઇને 'સુધારાઓ' જોરથી ઠોકી બેસાડવામાં આવે! છેવટે ઘણાની આનાકાની છતાં દલાઇ લામા ત્યાં ગયા અને દલાઈ લામાની એ ગેરહાજરી દરમ્યાન ભય સાચો પડતો લાગ્યો! આવી સખ્તાઇ સામે અસંતોષ જાગ્યો. કેટલાક માથાફરેલ તિબેટવાસીઓએ 'મિમાન્ગ'(ગુપ્ત બગાવત)ની રચના કરી અને ચીનાઓના હાથમાંથી તિબેટની આઝાદી પાછી મેળવવાની પ્રતિજ્ઞા કરી.

ખામ પ્રદેશના બંડની વાત જાણીતી છે. આ પ્રદેશમાં ચીનીઓએ બહુ જ આકરા જમીનસુધારા દાખલ કરવા પ્રયાસો કર્યા. પરંતુ ત્યાંના મઠો જ સૌથી મોટા જમીનદારો હોઇને વિરોધ થયો. તેમની મિલકતો જપ્ત કરીને એમને દબાવવાની કોશિશ કરતાં, જવાબમાં હથિયારબંધ બળવો જાગ્યો. ચીનાઓએ તરત સમાધાન કરી લીધું.

લાંબો સમય પેકિંગ રહીને તિબેટ પાછા ફરેલા દલાઈ લામાને એટલી ખાતરી થઈ ગઇ હતી કે ચીનની સાથે બાથ ભીડીને કંઇ સારું પરિણામ આવવાનું નથી. ઘરના પ્રત્યાઘાતી ખંપા મઠાધિપતિ જમીનદારો તથા ગુપ્ત બંડખોર મિમાંગોની પ્રવૃત્તિથી ઊલટી તેમની ચિંતા વધી હતી. તેમને શસ્ત્રોનો માર્ગ છોડી, શાંતિપૂર્વકનો સમાધાનનો માર્ગ એમણે ચિંધ્યો. બીજી બાજુ ચીની સત્તાધીશોએ પણ 'સો ફૂલો એક સાથે ભલે ખીલો'ની મશહૂર ઉદાર નીતિનો પ્રારંભ કર્યો. પરંતુ ૧૯૫૭નો અંત આવતાં તો, એ ઉદાર નીતિ ક્યાંય સમેટાઈ ગઇ. તિબેટના 'સુધારા'ની પ્રવૃત્તિ ફરી હવામાં વરતાવા લાગી અને દક્ષિણ તિબેટમાં તો દબાણ આણવાની શરૂઆત થઈ ગઈ. વળી શાંત પાણી ખળભળી ઊઠ્યાં.

ત્યાં ગઈ ૧૭મી એપ્રિલે મળનારી પેકિંગની 'નૅશનલપીપલ્સકૉંગ્રેસ'માં હાજર થવા દલાઇ લામાને આમંત્રણ મળ્યું. દલાઇ લામા ને તેમના સાથીઓને આ તેડું જોખમકારક લાગ્યું: કદાચ, લામા ફરી પાછા આવવા જ ન પામે! દલાઈ લામાને કોઈ ને કોઈ બહાને, પેકિંગ લઇ જઈ, ત્યાંથી તેમને નામે અને તેમની દ્વારા 'ચીની રાહ' મોકળો કરવાની શક્યતાથી તિબેટવાસીઓની ધીરજનો અંત આવી ગયો. અંતે, માર્ચની અધવચ્ચે જ પ્રસ્ફોટ થયો. તેમાં ખુદ ચીની અધિકારીઓએ જ ૪૦૦૦ મહંતોની ધરપકડ થયાનો અને ૨૦૦૦ માર્યા ગયાનો સ્વીકાર કર્યો છે. ઉપરાંત, દલાઇ લામાના મહેલ ઉપર છૂટેલી ગોળીઓથી થએલું નુકસાન અને ભારતીય કૉન્સલના વર્ણનમાંથી વિનાશનું જે ચિત્ર પ્રાપ્ત થાય છે, તે બધું જોતાં, એટલું તો ચોક્કસ છે કે, બળવાનું રૂપ ઘણું મોટું હોવું જોઇએ.

આમ, બળવાનું રૂપ અને તેનો પ્રસાર જોતાં એટલું તો સ્પષ્ટ થાય છે કે તિબેટનો બળવો ત્યાંની પ્રજાના ચીન પ્રત્યેના વ્યાપક વિરોધનો પડઘો પાડે છે. ચીને તિબેટની આંતરિક સ્વાયત્તતાના કરારનો ને ૧૯૬૨ સુધી સુધારા ન કરવાના વચનનો ઘણે અંશે ભંગ કર્યો છે. અને દલાઈ લામા કોઇના 'દબાણથી' નહિ, પણ કશો માર્ગ ન દેખાયો ત્યારે, આપખુશીથી ભારત આવ્યા છે.

['ધર્મયુગ', 'વિશ્વમાનવ' વગેરેના આધારે • બધા ફોટો · નવનીત પારેખ]

અનુસંધાન] અફેર [પૃ.૧૭૩થી

બે મહિના પછી હું મુંબાઈ ગયો ત્યારે ડૉક્ટરે મને કહ્યું કે શ્રીલેખાનું આ પહેલું ને છેલ્લું બચ્ચું હતું અને હવે એને બાળક નહિ થાય! અમને બન્નેને દુ:ખ થયું. કલકત્તા આવ્યા બાદ અમે અમારા એક સગા ડીવોર્સી ભાઇની બેબીને રાખી લીધી અને એને ઉછેરવા લાગ્યાં. એ બાળક બહુ મજાનું હતું. ત્રણ વર્ષ સુધી અમારી પાસે રહ્યું અને પછી એની માએ અમારા પર કેસ કર્યો ને 'ઇલટ્રીટમેન્ટ'નો આરોપ મૂક્યો. બેબી અમારે પાછી આપવી પડી, પણ અમારા પરનો આરોપ સાબિત ન થઈ શક્યો. શ્રીલેખાનું દિલ તૂટી ગયું—ખાસ કરીને જ્યારે એને ખબર પડી કે એ જ બેબીને એની સગી મા બહુ દુ:ખી કરી રહી હતી અને એ બચ્ચાનું અમારી પાસે જ રહેવાનું મન હતુ...

ખેર! બહુ નાની-સી વાત છે. અગિયાર વર્ષ થઇ ગયાં છે, ને હજી—અમારે કંઇ બાળકો નથી. પણ એવું જ લાગે છે કે હું ને મારો દોસ્ત એને જોવા ગઈ કાલે સાંજે જ નીકળ્યા હતા! શ્રીલેખા દેખાવમાં સામાન્ય છે અને મને ગમે છે. હજી પણ ફૂલોની મોસમમાં હું રોજ સાંજે ઑફિસથી નીકળું છું ત્યારે ફૂલો લઇને ઘેર જાઉં છું. અમે અગિયાર વર્ષોથી સૂવા માટે એક જ પથારી અને ઓઢવા માટે એક જ રજાઈ રાખી છે. પગારનું કવર એના હાથમાં મૂકી દઉં છું...અમારે ઝગડો થયા જ નથી એવું કહેવાનો મતલબ નથી, પણ દરેક ઝગડો અમને વધુ ને વધુ નિકટ લાવ્યો છે...

આજે જ્યારે વિચાર કરું છું કે જે છોકરીને સગાઇના આગલા દિવસ સુધી ઓળખતો પણ ન હતો, એની સાથે અગિયાર વર્ષો સુધી રહ્યા છતા હજી પણ એના વિના રહી શકાતું નથી...ત્યારે લાગે છે કે ખરેખર જિંદગીમાં કંઇક ન સમજાય એવું બની ગયું છે. મારા જેવી સીધી જિંદગી જીવી ગએલા માણસને માટે તો...સમજો એક નાનીસી 'અફેર' જ બની ગઈ છે...' નીવા આચાર્ય ચૂપ હતી. એ બોલી શકી નહિ. અમારી વાત પણ આગળ ચાલી શકી નહિ. હું પડ્યો પડ્યો ગાડીના ખટાખટ અવાજને સાંભળતો રહ્યો.

જ્યારે એણે મને 'ગુડ નાઈટ' કહ્યું ત્યારે હું અરધો ઊંઘમાં હતો, પણ મને યાદ છે: મેં પણ કહેલું, 'ગુડ નાઈટ!'

સવારના રાયગઢ પર ગાડી ધીમી પડી ગઈ ત્યારે મારી આંખો ખૂલી. સૂર્યનો તડકો ડબ્બામાં આવી ગયો હતો અને મિ. મર્ચન્ટ બારી પાસે ઊભા ઊભા સિગારેટ પી રહ્યા હતા: 'ગુડ મૉર્નિંગ!'

'ગુડ મૉર્નિંગ!' મેં કહ્યું, 'ઓહો! સવાર પડી ગઈ?'

'હા.' અને મિ. મર્ચન્ટ કંઇક આગળ બોલવા જતા હતા ત્યાં જ નીવા આચાર્ય ઊઠી ને એણે એક બગાસું ખાતાં પૂછ્યું, 'સ્ટેશન છે?'

'હા જી.' મિ. મર્ચન્ટે કહ્યું, 'મોઢું ધોઈ લો, ચા મળી જશે.'

નીવા આચાર્યે ઝપાટાબંધ નૅપકિન અને સાબુ કાઢ્યાં ને ગલપટો પહેરીને કૉમોડમાં ઘૂસી ગઈ.

'ઘણું મોડું થઇ ગયું?' થોડી વારે મિ. મર્ચન્ટે પૂછ્યું.

'હા, કાલે રાત્રે અમે બન્ને મોડી રાત સુધી વાતો કરતાં હતાં.'

મિ. મર્ચન્ટના ગોટામોઢા પર તોફાની માર્મિક સ્મિત છવાઇ ગયું...'મને ઊંઘતો જ રહેવા દીધો?...સારું કીધું. હું બુઢ્ઢો આદમી કાં માથું મારું, તમારી બે જણની અફેરમાં! હા...હા...હા...'


'હા...હા...હા...હું' હસ્યો.

કૉમોડનું બારણું ખખડ્યું, સ્ટૉપર હાલી, નીવા બહાર આવી.

મિ. મર્ચન્ટ હસવું બંધ કરીને, મોઢું ફેરવીને પ્લૅટફૉર્મ પર દોડતા રેસ્ટોરાંકારવાળા છોકરાને બૂમ મારી, 'બૉય...એ બૉય...'

બાહ્યરીતે નિરુપદ્રવી દેખાતો છતાં સમાજ માટે ભયાનક રોગ

હાથીપગું



હાથીપગુ થએલો પગ તથા (વચ્ચે વર્તુલમાં) તે રોગના ઉત્પાદક જંતુ ફાઈલેરિયા–વચ્ચેથી ચીરેલા.→

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

[માંદગીનાં મૂળ-પ૧]

હાથીના પગ જેવડા મોટામસ ફૂલેલા પગ કે સૂજેલા હાથ જોઇ આપણને આશ્ચર્ય, કૂતૂહલ અને દયાના ભાવ એકીસાથે થયા વિના નથી રહેતા. હાથીપગાના નામે ઓળખાતો આ રોગ હિંદભરમાં વ્યાપેલો છે. જોકે મોત તોનથી આવતું પણ એનાથી ઊભી થતી અગવડ અને મામૂલી માંદગી એ બને ઘણાં મોટાં છે.

ક્ષય, કુષ્ઠરોગ, સિફિલિસ અને બીજાં કારણોસર આ રોગ થઈ આવે છે, પણ એ થવાનું સામાન્ય કારણ તો એક કીટાણુઓનો ચેપ છે.

ચેપ લગાડનાર કીટાણુનું નામ ફાઈલેરિયા–બૅન્ક્રૉફ્ટાઈ (Filaria Bancrofti) છે. આ કીટાણુઓ લસીનળીઓ અને લસીગ્રંથિઓમાં વસે છે. વાળ જેવા પાતળા પુખ્ત ફાઈલેરિયા બેત્રણ ઈંચ લાંબા ને પારદર્શક હોય છે. નરમાદા એકબીજાને વળગીને રહે છે. માદા ઈંડાં મૂકતી નથી પણ માઇક્રો-ફાઈલેરિયા (બચ્ચાં) જણે છે. એ એટલાં તો સૂક્ષ્મ હોય છે કે કેશવાહિનીઓમાંથી પણ પસાર થઈ શકે છે.

ડિમાર્ક્વેએ (Demarquay) ઈ. ૧૮૬૩માં સૌપ્રથમ માઇક્રોફાઈલેરિયા નિહાળ્યા. ૧૮૭૫માં લેવિસે હિંદમાં માઇક્રો-ફાઈલેરિયાને માનવલોહીમાં જોયા. ૧૮૭૮માં મેન્શને માઇક્રોફાઈલેરિયાનો મચ્છરમાં વિકાસ થતો જોયો, અને લો (Low) એ તેમને મચ્છરના ડંખ વાટે માનવની ચામડીમાં પ્રવેશતા ૧૯૦૦ની સાલમાં જોયા.

દિવસે તો રોગીના લોહીમાં જવલ્લે જ માઇક્રોફાઈલેરિયા નજરે પડે, પણ રાત પડવાથી માંડીને તે મધરાત સુધીમાં વધતી સંખ્યામાં લોહીના એક ટીપામાં ૩૦૦–૬૦૦ જેટલા દેખાય છે. આમ રોગીના લોહીની નળીઓમાં એમની સંખ્યા ચાર-પાંચ કરોડની થવા જાય ખરી! મધરાત પછી એમની સંખ્યા ધીમેધીમે ઘટે છે અને સવારે તો શરીરની સપાટી પરના લોહીમાંથી તે અદ્દશ્ય થાય છે.

માઇક્રોફાઈલેરિયા મચ્છર અને માનવના શરીરમાં બેવડું જીવન વિતાવે છે. આ બન્ને એમને સંઘરનાર 'યજમાન' છે. રાતના સમયે રોગીની ચામડીની લોહીની નળીઓમાં માઇક્રોફાઈલેરિયા આવે એ એના વચગાળાના યજમાન મચ્છરની ટેવોને અનુકૂળ રહેવા ખાતર છે. માઇક્રોફાઈલેરિયાનો અમુક વિકાસ મચ્છરના પેટમાં થાયછે. આ મચ્છર ક્યુલેક્સ જાતનો છે, જે ભીંત ઉપર બેસતાં ચારે પગ ભીંત ઉપર ટેકવી ભીંતને સમાંતર શરીર રાખી બેસે છે. રોગીને કરડતાં લોહીના ઘૂંટ સાથે માઇક્રોફાઈલેરિયા ક્યુલેક્સ માદાની હોજરીમાં જાય છે; ત્યાંથી છાતીમાં જાય છે. દસવીસ દિવસના ગાળામાં તેમના કદ ને ચપળતા બદલાય છે. અહીંથી પછી તે મચ્છરની સૂંઢમાં જઈ ડંખ વાટે માનવીની ચામડીમાં પ્રવેશી લસીનળીઓ અને ગ્રંથિઓમાં જાય છે. છ માસ કે વધારે સમયબાદ પ્રજનનથી પેદા થએલા નવા કીટાણુઓ પ્રથમ લસીમાં અને પછી લોહીમાં તરતા બને છે.

હાથીપગું વેસ્ટ ઇન્ડીઝ, ઈસ્ટ ઇન્ડીઝ, ન્યુ ગાયાના, દક્ષિણ ચીન ને હિંદમાં સામાન્ય છે. હિંદના પૂર્વના દરિયાકાંઠામાં આ રોગ વિશેષ પ્રચલિત છે. ગુજરાતમાં સુરત જીલ્લામાં અને સૌરાષ્ટ્રમાં દરિયા કિનારાનાં ગામોમાં રહેતી વસતિમાં આ રોગ વિશેષ પ્રમાણમાં જોવામાં આવે છે. જાણવા મળે છે કે આજથી પોણોસોએક વર્ષો અગાઉ પોરબંદર તરફના કેટલાક વેપારીઓ મલબાર ગએલા તેમાંથી કોઈક આ રોગનો ભાગ બનેલો. તેનું ઘર હજુ એ 'હાથીપગા ઘર' તરીકે ઓળખાય છે. આ રોગ ત્યાંથી દરિયાકાંઠા પરનાં ઘણાં શહેરોમાં ને અંતરાળમાં ફેલાયો.

(૧) પુષ્કળ ભીનાશ (૨) ૮૦-૯૦ અંશ ફેરનહાઈટ ઉષ્મામાન (૩) વસતિની ગીચતા (૪) ક્યુલેક્સ મચ્છરો, એ રોગનો ફેલાવો કરે છે.

શરીરની કોઈ પણ વિકૃતિ આણ્યા વગર લોહીમાં માઇક્રોફાઈલેરિયા હોઈ શકે છે. પગ કે વૃષણની લસી-નલિકાઓ બંધ થવાથી કે લસી-નલિકાઓના સોજાને લીધે હાથીપગાની સ્થિતિ આવી પડે છે. હાથીપગાવાળી ચામડી વાદળી જેવી બને છે. જાડી અને ખરબચડી ચામડીમાં ગડો પડે છે. ચામડી પર ચીરા કે મસા જેવા ગઠ્ઠા થાય છે. હાથીપગામાં સપડાતા અવયવોની ટકાવારી આ પ્રમાણે છે: પગ પર ટકા; વૃષણ ૩૮ ટકા, હાથ ને પગ ૩·૫ ટકા, પગ ને વૃષણ ૦·૯ ટકા, હાથ ૦·૯ ટકા, સ્તનપ્રદેશ ૦·૧ ટકો. ફીજીટાપુમાં હાથ તો સૂરત જીલ્લામાં પગનું હાથીપગું (Elephantiasis) સામાન્ય છે.

રોગી પોતાની જાત માટે તેમજ સમાજ માટે ભયાનક ગણાવો જોઇએ. તેને મચ્છરદાની તળે સૂવાની ફરજ પાડવી જોઇએ, જેથી રાતના તેને કરડેલા મચ્છર બીજાને ડંખ દઈ રોગનો ફેલાવો ન કરે. મચ્છરના વિનાશ માટે યોગ્ય પગલાં લેવાં અને ડીડીટી પાઉડર છાંટવો. રોગિષ્ટ અવયવને ઈજા ન થાય તે જોવું. રોગીએ પાણીમાં ચાલવાથી, લાંબો વખત ઊભવાથી, શ્રમભરી કસરતથી અને સૂર્યતાપથી વેગળા રહેવું. રોગિષ્ટ અવયવ ઉપર સ્થિતિસ્થાપક પાટા ને માલિશ રાખવાં.

ડૉ. સુબારાવે અમેરિકાની લેડરલે રાસાયણિક પ્રયોગશાળામાં શોધેલું હેટ્રાજન ઔષધ હાથીપગા માટે અકસીર છે. આ ઔષધની ગોળીઓ લેવાથી હાથીપગાના કીટાણુઓ નાશ પામીને હાથીપગાની સ્થિતિ આવતી અટકે છે. હાથીપગા માટે ઈન્જેક્શનો અને શસ્ત્રક્રિયાના ઉપચારો પણ કરવામાં આવે છે.

સુભાષિત

· અનુષ્ટુપ ·

उत्तमा आत्मना ख्याताः पित्रा ख्याताश्च मध्यमाः ।
अधमा मातुलख्याताः श्वशुरख्याताऽधमाधमाः ।

ઉત્તમ લોકો પોતાના પ્રભાવ અને પ્રતાપથી ખ્યાતિ મેળવે છે. મધ્યમ પ્રકારના લોકો પોતાના પિતાના ગૌરવ વડે ખ્યાતિ–લાભ કરે છે. મામાના પ્રભાવ અને પરિચયથી ખ્યાતિ પામતા લોકો અધમ કોટિમાં આવે છે, જ્યારે સસરાના ગૌરવથી પ્રસિદ્ધિ પામતા લોકો અતિઅધમ કોટિના ગણાય છે. –શં. વિ.



બ્રિજ

પાનાંની એ ટોચની રમત વિષે

એના તજ્જ્ઞ શ્રી સાધુરામ દવેની લેખમાળા

બ્રિજ' વિષે 'કુમાર'ના અંક ૪૧૮માં પ્રાસ્તાવિક ચર્ચા કર્યા બાદ, અંક ૪૧૯માં તેનો પરિચય, નિયમો અને વિશિષ્ટતા બતાવવામાં આવેલી. અંક ૪૨૦માં, બ્રિજ વિષે વધુ સમજણ આપવા સાથે તે જ અંકમાં જણાવેલું કે હવે પછી બ્રિજ શી રીતે રમવી, હાથ ક્યારે બોલવા, બચાવ શી રીતે કરવો વગેરેની સળંગ માહિતી શરૂ થશે. તે મુજબ હવેથી બ્રિજ વિષેનું સળંગ લખાણ શરૂ થાય છે. મારી જાણ મુજબ, આપણા દેશની જ કોઈ પણ ભાષામાં બ્રિજ વિષે સળંગ, પદ્ધતિસરનું લખાણ થયું લાગતું નથી અને તે ગુજરાતીમાં રજૂ કરવાનો મારો આ પ્રયાસ છે. અગાઉ જણાવ્યા મુજબ, બ્રિજની રમતમાં મુદ્દો પૉઈન્ટ્સ (points) જીતવાનો છે એટલે એના અંક લખવાની વિશિષ્ટ પદ્ધતિ (scoribg system) દરેક જણ ગોખી રાખે. તે માટે ફરી **દરેક વાચકને 'કુમાર'નો ૪૧૯મો અંક ખાસ જોઇ જવાની હું ભલામણ કરું છું.** કેટલાય નવા જ વાચકો યા ગ્રાહકો આ જ અંકથી આ રમતનો પરિચય કરતા હોય તેમ સમજીને હું ટૂંકાણમાં તે ફરીથી રજૂ કરું છું—જોકે ૪૧૯મો અંક જોઈ જવો એ અવશ્ય જરૂરી છે.

બ્રિજ એટલે આપણે 'કૉન્ટ્રૅક્ટ બ્રિજ' (Contract Bridge) જ સમજવાના છે. ચાર જણ તે રમે. સામસામા બેસનાર ભિલ્લુઓ: એક એક કરીને પાનાં વહેંચાઈ ગયા બાદ, ચીપનારથી જ હાથ બોલવાની શરૂઆત થાય. વધુમાં વધુ હાથ બોલનાર (highest bidder)-ને કૉન્ટ્રૅક્ટ મળે. પાનાં વહેંચવામાં અને રગવામાં ઘડિયાળના આંકડાનો ક્રમ જ જાળવો. જેણે કૉન્ટ્રૅક્ટ મેળવ્યો હોય તેને ડાબે હાથે બેઠેલો સામા પક્ષનો ખેલાડી, મનફાવતા પાનની પ્રથમ ઊતર કરે. તે પાનું રમાયા બાદ, રમનાર (declarer)નો ભિલ્લુ, પોતાનાં પાનાં ચત્તાં ગોઠવી 'ડમી' (dummy) બને; અને રમત સરબાજીના સિદ્ધાંત ઉપર ચાલ્યા કરે. વારાફરતી બાજી ચિપાતી જાય. સો અંકનો એક દાવ (game) કહેવાય. આવા બે દાવ જે ભિલ્લુઓના પાડેલા થાય તે રબર (Rubber) જીત્યો ગણાય. સર વિનાની બાજી (No Trumps) સૌથી ભારે અને પછી કાળી, લાલ, ચોકડી અને છેવટે ફુલ્લી એમ દરેક ભાતની કિંમત સમજી લો. તેના માર્ક્સ ગણવાની પદ્ધતિ ફરી ટૂંકમાં નીચે બતાવી છે.

સર (N.T.)માં પાડેલા હાથના ૪૦, પછી દરેકના ૩૦ અંક ગણવા. કાળી અને લાલ દરેક હાથના ૩૦, ચોકડી અને ફુલ્લીના દરેક હાથના ૨૦. આ બધા અંક 'અમે' (we) અથવા 'તેઓ' (they)ના ખાનામાં, લીટી નીચે જ લખાય. આવા ૧૦૦ અંકે એક દાવ પૂરો. લીટી ઉપર જેટલા હાથ વધારે થયા હોય તેના, મોટાં પાનના (honours) અને નાના યા મોટા સ્લામ (slam)ના અંક લખાય. એક દાવ પૂરો થયા બાદ, તે ભિલ્લુઓ 'વલ્નરેબલ' કહેવાય. તમે બોલેલા કરતાં હાથ ઓછા થાય એટલે તમે 'ડાઉન' (down) થાઓ. તેના અંક પણ લીટી ઉપર જ મુકાય. તે **બધી વિગત માટે 'કુમાર'નો અંક ૪૧૯મો તમારે જોવો જ રહ્યો.** બે દાવ (game) કોઈ પણ ટીમ યા ભિલ્લુઓના પૂરા થાય એટલે 'રબર' થયું કહેવાય. અંકની બાદબાકી કરી, વધારાના માર્ક્સવાળા જીત્યા ગણાય. જે ટીમના જેટલા માર્ક્સ વધ્યા હોય તેને ૧૦૦ વડે ભાગવાથી જેટલા પૉઈન્ટ આવે, તેટલા પોઇન્ટથી તે ભિલ્લુઓ જીત્યા ગણાય. રબર પૂરું થયે, ફરી ભિલ્લુઓ નક્કી કરી, ફરી પાછી રમત શરૂ થાય. દરેક રબર પૂરું થયે, પોઈન્ટ્સની ગણતરી કરી લઈ, ત્યાં જ રમત પૂરી થઈ સમજવી.

બ્રિજની રમત એ પાનાંની ટોચની રમત છે. રસ લઇને ખૂબ જ બુદ્ધિપૂર્વક રમવાનો તેમાં દરેકે પ્રયત્ન કરવો જ જોઇએ. એટલા માટે તેને સંપૂર્ણ શિસ્તબદ્ધ પણ બનાવવામાં આવેલી છે. બ્રિજ એ ભાગીદારીની રમત (partnership game) છે, અને તેમાં બંને ભિલ્લુઓએ પોતાનાં ૨૬ પાન, વધુમાં વધુ લાભાર્થે વપરાય તે જોવાનું છે. બ્રિજ રમવાનો ઉદ્દેશ પણ પૉઈન્ટ જીતવાનો છે, એટલે પોતાના લાભમા શી રીતે દરેક બાજી રમાય તે જોવાનું રહ્યું. આ માટે જ્યારે પાનાં વહેંચાઈ જાય અને હાથ બોલવાની (bidding) શરૂઆત થાય ત્યારે દરેક રમનાર, પોતાનાં પત્તાંનો બરોબર ચિતાર આપી શકે તેવી રીતે જ હાથ બોલવાના એ ખયાલમાં રાખવાનું હોય છે. એટલે શરૂમાં જ હાથ ક્યારે બોલી શકાય તે વિષે આપણે વિચારવાનું રહ્યું.

વાચકોને જાણીને કદાચ આશ્ચર્ય થશે કે બ્રિજના આ હાથ બોલવા (bidding અથવા call) યા તો રમત રમવાની શરૂઆત થાય તે પહેલાં કૉન્ટ્રૅક્ટ મેળવવા માટે જે bidding થાય છે તે પણ ખૂબ જ ચર્ચાનો વિષય બનીને, તેની ઉપર જુદી જુદી પ્રથાઓ અથવા રૂઢિઓ (conventions) નિશ્ચિત થઈ છે. તેનાં આવાં 'કન્વેન્શન્સ' ૧૨૫ તો નોંધાયાં જ છે! કેવાં પાનાંમાં, કેવી રીતે bidની શરૂઆત કરવી તે વિશે પૂરું સંશોધન કરીને, સંપૂર્ણ શાસ્ત્રીય રીતે તેની ચર્ચા કરનાર અને ચોક્કસ પદ્ધતિપૂર્વક તેનું લખાણ કરનાર કલ્બર્ટ્સન પ્રખ્યાત થઈ ગયો છે, આપણે પણ તેની જ પદ્ધતિ (system) સામાન્યરીતે અખત્યાર કરીશું.

આ લેખ વાંચનાર મોટા ભાગના વાચકો સરબાજી અથવા બ્રિજ રમનાર જ હશે એમ માની લઉં છું. બ્રિજ રમવાની ચોક્કસ પદ્ધતિ બતાવ્યા પહેલાં હું કેટલાંક અગત્યના સૂચનો તેમના ધ્યાન ઉપર લાવવા માગું છું. અગાઉ જણાવ્યા મુજબ, હવે આપણે સળંગ બ્રિજ વિષે જ લખાણ શરૂ કરીએ છીએ, માટે દરેક વાચક આ સવ સૂચનો ધ્યાનમાં રાખે. માસિકમાં આ લેખ છાપવાનો હોવાથી, અને અમુક અંક અમુક વાચકોના હાથમાં નહિ આવવાના હોવાથી (સિવાય કે તે ચાલુ ગ્રાહક હોય અને રહેવાના હોય) મારે પુસ્તક આકારે લખવાની અહીં સરળતા નથી. માટે દરેક વાચક ફરી ફરીને, શક્ય હોય તેટલું આ લેખમાંથી યાદ રાખવા પ્રયત્ન કરી જ લે. નવા જ વાચકો 'કુમાર'નો ૪૧૯મો અંક મેળવીને, બ્રિજનો લેખ ચોક્કસ બરાબર સમજી પચાવી લે.

નીચે જણાવેલા સામાન્ય નિયમો, બ્રિજ રમનાર દરેક જણ ધ્યાનમાં રાખે. કોઈ પણ રમત રમવા માટે પ્રથમ તેના નિયમો જાણવા જોઈએ, તેની સ્કૉર (score) કરવાની યા અંક લખવાની પદ્ધતિ પણ જાણવી જોઈએ. ત્યાર બાદ જ ઉત્સાહપૂર્વક, એકાગ્રતાથી તેનો મહાવરો (practice 'પ્રૅક્ટિસ') કરવો જોઇએ. એ મુજબ જ બ્રિજના નિયમો વગેરે જાણવા માટે 'કુમાર'નો ૪૧૯મો અંક જોઈ જવાની વારંવાર સૂચના કરી છે. અહીં સામાન્ય સિદ્ધાંતો નીચે જણાવ્યા છે, જે દરેક બ્રિજ રમનારને ખૂબ જ ઉપયોગી થઈ પડશે.

૧. જે ટીમ અથવા ભિલ્લુઓ પહેલો દાવ (game) જીતે, તે સામાન્ય રીતે ચારમાંથી ત્રણ વાર રબર જીતશે. એટલે ખોટો ભોગ (sacrifice) આપવાથી સાવધ રહેવું.

૨. કોઈ ટીમનો લીટી નીચે દાવથી અધૂરો below game or below 100) સ્કૉર હોય (દાખલા તરીકે ૪૦ યા ૬૦—એટલેકે પૂરો

સોનો આંક ન હોય) તો તે સ્કોરની જ મદદથી આખો દાવ (game) ભાગ્યે જ થાય છે: બલકે ત્રીસ બાજીમાંથી એક જ વાર. માટે સામાવાળાઓનો એવો અધૂરો દાવ (below game અથવા part score) હોય ત્યારે એ સ્કૉરની મદદથી તે 'ગેઈમ' કરી લેશે તેમ ખાસ ન માનવું.

૩. કાળી યા લાલના સરથી દાવ(game)કરવાની તકવધુમાં વધુછે.

૪. સર વિનાની બાજીથી (N.T.) બીજા નંબરની તક.

૫. ચોકડી અને ફુલ્લીના સરથી ગેઇમ કરવાનો ચાન્સ સૌથી છેલ્લો.

૬. વીસ બાજીમાંથી (deal) આશરે એક જ વાર, કોઈ પણ એક બાજી પ્રથમ બોલેલી જ bidથી રમાય.

૭. કોઈ પણ રમનારને એક એક કરીને વહેંચાએલાં ૧૩ પાનાંમાંથી, કોઈ પણ એક ભાતનાં સાત યા વધુ પાનાંની શકયતા આશરે ૪% જ ગણવી.

૮. રમત શરૂ કરતાં અગાઉ, હાથ બોલવાની જે આખી પદ્ધતિ (bidding) છે તેનો હેતુ એ છે કે દરેક ટીમે પોતાની બંને બાજીમાંથી અનુરૂપ ભાત જાણી લેવી (finding the best bid), કે જેથી વધુમાં વધુ હાથ થઈ શકે.

૯. જ્યારે આપણામાં ખાસ પાનાં ન હોય તો સારામાં સારો બોલ-(best bid)'નથી બોલવા'યા પાસ(pass). આવે વખતે મૌન જ ઉત્તમ.

૧૦. રમતમાં બીજા કોઇ પણ ખેલાડી કરતાં પોતાના બિલ્લુ ઉપર વધુ વિશ્વાસ રાખો.

૧૧. જ્યારે તમારામાં કોઈ એક ભાતનું પાનું જ ન હોય (void in a suit) યા તેનાં તદ્દન હલકાં અને નકામાં એક કે બે જ પાનાં હોય (either a singleton or a worthless doubleton) ત્યારે સર વિનાની બાજી(No Trumps)બોલવાની શરૂઆત તમે જાતે જ ન કરો.

૧૨. નીચેનું કોષ્ટક ધ્યાનમાં રાખો :

દરેક ભાતનાં કુલ ૧૩ પાનાં છે. કોઇ બાજીમાં તમારાં અને તમારો બિલ્લુ 'ડમી' થયો હોય ત્યારે તેનાં ૧૩ મળી કુલ છવ્વીસ પાનાં તો તમે જોઇ જ શકો છો. ત્યારે બાકી રહેલાં કોઈ પણ એક ભાતના પાનાં બંને સામાવાળાઓમાં કેવી રીતે વહેંચાયાં હશે તે સમજવા સરાસરીનું કોષ્ટક નીચે આપ્યું છે તે બરાબર યાદ કરી લેવું.

બંને હાથમાં એટલે કે તમારામાં અને તમારા બિલ્લુ 'ડમી'માં થઇને, જ્યારે કોઈ એક ભાતનાં ૭ પાનાં હોય ત્યારે બાકી રહેલાં તે ભાતનાં છ પાનાંની વહેંચણી, સામાવાળાઓના બંને જુદા જુદા હાથમાં મોટે ભાગે નીચેના ક્રમમા હશે:

૪ : ૨   ૩ : ૩   ૫ : ૧ અને છેવટે ૬ : ૦.

જ્યારે બંને હાથ એક જ ભાતનાં ૮ પાનાં હોય ત્યારે તે ભાતનાં બાકીનાં પાંચ પાનાં સામાવાળાઓમાં મોટે ભાગે નીચે મુજબની શકયતામાં વહેંચાએલાં હશે :

૩ : ૨   ૪ : ૧   ૫ : ૦

જ્યારે બંને હાથમાં એક જ ભાતનાં ૯ પાનાં હોય ત્યારે તે જ ભાતનાં બાકીનાં ચાર પાનાંની વહેંચણી, મોટે ભાગે નીચે મુજબની રહેશે:

૩ : ૧   ૨ : ૨   ૪ : ૦

૧૩. સામાન્ય રીતે AQ યા KJમાંથી,તમારે જ ઊતર શરૂ ન કરવી.

૧૪. તમારી શરૂની ઊતર વખતે, સળંગ પાનાંમાંથી (sequence), તમારે ભારેમાં ભારે પાનું રાખવું. દા.ત. Q J 10 9માંથી Q રમવી.

૧૫. બીજાની ઊતરમાં, તમારે તમારા સળંગ પાનાંમાથી હલકામાં હલકું પાનું નાખવું. દા. ત. Q J 10માંથી 10.

૧૬. સામાવાળાઓને યથાશકય ઊંચા કૉન્ટ્રૅક્ટમાં લઈ જવા.

૧૭.સામાવાળાઓ દાવથી અધૂરા સ્કૉરમાં(below the game) અટકતા હોય ત્યારે ડહાપણ કરીને આપણે પાછું biddingમાં ઝંપલાવવું નહિ. અપવાદ એટલો ખરો જ કે તેઓ જો 'ગેઇમ' બોલે તો આપણે તેમને ચોક્કસ 'ડબલ' ખખડાવવાની સ્થિતિમાં હોઇએ. વચમાં પડીએ ત્યારે આપણે સજ્જડ 'ડબલ' ન ખાઇએ તે જોવું.

૧૮. સમત્વનો સિદ્ધાંત (Law of Symmetry) ખયાલમા રાખવો. એનો અર્થ એ કે જ્યારે તમારા હાથમાં, કોઈ ભાતનું એક જ પાનું હોય ત્યારે મોટે ભાગે કોઈ પણ બીજા રમનારના હાથમાં, બીજી કોઈ ભાતનું પણ એક જ પાનું હશે. વધુમાં તમારા હાથમાં જ્યારે કોઈ ભાતનો એકલો જ A યા K હશે તો બીજાનામાં પણ બીજી કોઇ ભાતનો A કે K એકલો જ હશે. રમત રમતાં જો આ ગણતરી તમારા ખયાલમાં હશે તો ખૂબ જ ઉપયોગી નીવડશે.

૧૯. **સામાન્ય સંજોગોમાં** બીજો રમનાર, હલકું જ પાનું રમશે. અને ત્રીજો રમનાર, ડમીનાં પાનાં ધ્યાનમાં રાખી, જરૂરી ભારે પાનું યા પોતાનું સૌથી ભારે પાનું રમશે.

૨૦. ખાસ કારણ સિવાય, શરૂઆતથી જ એક્કાની રમત ન કરવી. મોટે ભાગે તે નુકસાનકારક નીવડે છે.

૨૧. બ્રિજમાં દરેક રમનારને ભાગે, એક એક કરીને વહેંચાએલાં તેર તેર પત્તાં આવે છે. એ ૧૩ પાનાંની કોઇ પણ ભાતવાર વહેંચણી (distribution) નીચેના અનુક્રમમાં જોવામાં આવશે.

૧	૪ : ૪ : ૩ : ૨	૬	૬ : ૩ : ૨ : ૨
૨	૫ : ૩ : ૩ : ૨	૭	૬ : ૪ : ૨ : ૧
૩	૫ : ૪ : ૩ : ૧	૮	૬ : ૩ : ૩ : ૧
૪	૫ : ૪ : ૨ : ૨	૯	૫ : ૫ : ૨ : ૧
૫	૪ : ૩ : ૩ : ૩	૧૦	૪ : ૪ : ૪ : ૧

આનો અર્થ એ જ કે કોઇ પણ એક હાથમાં જે તેર પાનાં હોય તેની વહેંચણી ઉપર જણાવેલા ક્રમમાં હશે. ભાત ગમે તે હોય. તેવી જ રીતે કોઇ પણ એક ભાત પણ ચારે ય હાથમાં એ જ ક્રમમાં વહેંચાએલી હશે. સારાંશ એ જ કે તેર પાનાંની વહેંચણીની સરાસરી ઉપલા કોષ્ટક મુજબ રહેશે. આમાં ભાતનો સવાલ નથી, પરંતુ જુદી જુદી ભાતમાં, સામાન્યરીતે કેટલાં પાનાં હશે તેની ગણતરી છે. તેર વહેંચાએલાં પત્તાં, સરાસરીરીતે કેવી રીતે વહેંચાએલાં હશે તેની શકયતા નંબર પહેલાના પ્રમાણમાં વધુમાં વધુ અને ઓછામાં ઓછી શકયતા નંબર દસ મુજબ વહેંચણીની, એટલે કે ૪ : ૪ : ૪ : ૧ની. વહેંચાએલાં પાનાંમાં ૯૬% શકયતા ઉપરની જ ગણતરીમાં રહેશે. ચાર ટકા જ શકયતા, કોઈ એક રમનારના હાથમાં કોઇ પણ એક ભાતનાં સાત યા તેથી વધુ પાનાંની રહેશે. ઉપર જણાવેલું આ કોષ્ટક તમને રમતમાં ખૂબ જ ઉપયોગી થઈ પડશે. માટે તેને બરાબર યાદ રાખી લો. અંગ્રેજીમાં ભાતને (suit 'સ્યૂટ') કહેવામાં આવે છે અને આવી ભાતવાર વહેંચણીને 'ડિસ્ટ્રિબ્યૂશન ઑવ સ્યૂટ્સ' (distribution of suits) અથવા 'સ્યૂટ પૅટર્ન' (suit pattern) કહે છે.

ઉપર બતાવેલી સૂચનાઓ, શકયતાઓ અને સિદ્ધાંતો દરેક રમનાર લક્ષમાં રાખે. આવતા અંકથી હાથ કયારે બોલવા તેની માહિતીથી આગળ સળંગ લખાણ શરૂ થશે.

એક પ્રશ્ન

બ્રિજ રમતાં હમણાં જ મારે એક સુંદર બાજી (deal) રમવાની આવી. વાચકોના આનંદ માટે હું તે અહીં રજૂ કરું છું. તેનો જવાબ પણ નીચે જ આપી દઉં છું, પરંતુ દરેક વાચકને ચોક્કસ વિનંતી કરું છું કે પોતાનો પૂરો પ્રયત્ન કર્યા સિવાય, કોઈ પણ એ જવાબ વાંચે નહિ, નહિ તો એ પ્રશ્નની મઝા ચાલી જ જશે. હું દક્ષિણનો ખેલાડી

(bidding) નીચે પ્રમાણે થઇ:

દક્ષિણ South (S)	પશ્ચિમ West (W)	ઉત્તર North (N)	પૂર્વ East (E)
2S	—	2NT	3H
4S	—	—	—

દરેક વાચક હવે ઉપરની સંજ્ઞાઓ સમજ્યા જ હશે. (—) આ ચિહ્ન હાથ નથી બોલવા યા પસાર(Pass)ની નિશાની છે. બંને બાજુ વલ્નરેબલ છે. મેં પહેલેથી જ આઠ હાથ કાળીના બોલવાની શરૂઆત કરી છે તે મજબૂત bid અથવા 'ફૉર્સિંગ બિડ' (forcing bid) ગણવાની છે. તેની માહિતી હવે પછીનાં 'કુમાર'નાં લખાણોમાં આવશે. વચ્ચે, પૂર્વ લાલના સરમાં નવ હાથ કરવાની bid કરે છે. છેવટે કાળીના જ સરમાં દસ હાથ કરવાનો મેં કૉન્ટ્રૅક્ટ લીધો છે.

પૂર્વની 3Hની 'બિડ' ધ્યાનમાં લઇ, પશ્ચિમ ♥8ની પ્રથમ ઊતર કરે છે. તેની સાથે જ મારા ઉત્તરના બિલ્લુ 'ડમી'નાં પાનાં ખુલ્લાં કરવામાં આવ્યાં. તે નીચે મુજબનાં છે: આ (×) સંજ્ઞા, નવ્વો કે તેથી

♠ × ×

♥ ×

♦ × × ×

♣ × × × × × ×

હલકું પાનું એમ દર્શાવે છે. મારો બિલ્લુ ખરે જ લક્ષ્મીવંત મળ્યો છે! નવ્વાથી એક પણ ભારે પાનું તેનામાં નથી! આવી એક પણ મોટા પાન વગરની બાજીને(મોટું પાન એટલે કે A, K, Q, J કે 10) અંગ્રેજીમાં yarbourough (યારબરો) કે Bust (બસ્ટ) કે without a single honour (વિધાઉટ એ સિંગલ ઑનર) કહેવામાં આવે છે. પૂર્વ તેની ઉપર ♥A રમે છે.

મારાં પાનાં નીચે મુજબ છે.

♠ A K Q × × ×

♥ K ×

♦ K J ×

♣ A Q

પાનાંની એક જોડ લઇ, ડમીનાં અને મારાં દક્ષિણનાં પાનાં ઉપર મુજબનાં ગોઠવી, પછી નીચેનું લખાણ વાંચશો તો બરાબર સમજાશે.

પૂર્વે લાલના Aનો હાથ કર્યા બાદ, ડમીનાં પાનાં બરાબર ચકાસ્યાં. યાદ રાખો કે અમે ચારે ય રમનારા, સરખી જ કોટિના, પ્રમાણમાં રમતના જાણકાર છીએ. પૂર્વ બીજી ઊતરમાં સરનો 8 રમે છે. મેં સરનો A નાખી હાથ લીધો. હવે વિચારતાં કાળીના બનતાં સુધી છ, લાલના બાદશાહનો છમો અને ફુલ્લીના Aનો એમ આઠ હાથ લગભગ ચોક્કસ સમજાયા. બાકીના બે હાથ ક્યાંથી લાવવા? સામાવાળાઓના ચાર સર, બંનેમાં સરખા જ વહેંચાયા હોય તો મારા બિલ્લુ 'ડમી'ની બાજીમાં હું એક જ વાર બાકીનો સર રમીને પ્રવેશ (entry) કરી શકું, અને પૂર્વની લાલની 'બિડ' ધ્યાનમાં રાખી, ચોકડીનો A તેનામાં જ ધારી, ચોકડીના બાદશાહનો હાથ કરી લઉં. આમ નવ જ હાથ થાય. છતાં સરની વહેંચણી ચકાસવા હું સરનો કાળીનો K રમ્યો અને સામાવાળાઓના સર, પશ્ચિમના ♠J સાથે ખરે જ ગબડી પડ્યા. આમ પહેલા ત્રણ હાથની ચાલ તમે જોઈ શકો છો. પહેલો હાથ પૂર્વનો ♥Aનો અને બીજા બે, મેં સરના A Kના કરી લીધા. હવે મારે રમવાનું આવ્યું. હું શી રીતે રમ્યો હોઇશ? સામાવાળાઓનાં પાનાં હું જાણતો નથી. મારે તેની કલ્પના જ કરવાની છે. તો મેં શી રીતે દસ હાથ કર્યા હશે? જ્યારે એ બાજી (deal)રમાઈ રહી ત્યારે મને તેમ જ બાકીના સર્વને ખૂબ જ આનંદ આવેલો. બ્રિજની એ જ મઝા છે કે આવી બાજી જ્યારે આપણે ગણતરીબંધ રમી શકીએ બુદ્ધિપૂર્વક રમવાની રમત છે એમ આપણને ચોક્કસ સમજાય છે. અલબત્ત તેનો અતિરેક ન જ થવો જોઇએ. તો હવે આગળ રમવાનો બધા પ્રયત્ન કરો. ખાસ અઘરું નથી. અને **વારંવારના પ્રામાણિક પ્રયત્ન બાદ પણ તમને ના જ સમજાય તો જ આગળ વાંચો.**

જવાબ

મેં ધાર્યું હતું કે પૂર્વના 3Hના કૉલ મુજબ તેની પાસે જ ♦A પણ હોવો જ જોઇએ. ફુલ્લીની રાણીનો વીમો (finesse ફિનેસ) લેવા માટે, મારે ઉત્તરમાંથી જ ઊતર કરવી જોઇએ; તેવી જ રીતે ♦K નો હાથ લેવા પણ ઊતર, ઉત્તર તરફથી જ હોવી જોઇએ. પરતુ ઉત્તરમાં હું એક જ વાર પ્રવેશ કરી શકું તેમ છું. એટલે મેં આગળ વિચાર્યું. ફુલ્લીનાં મારામાં બે અને ડમીમાં છ પાન છે—કુલ્લે આઠ પાન થયાં. બાકીનાં પાંચ પાનાંની વહેંચણી મોટે ભાગે ૩–૨ની રહેશે. તો હું બે વાર ફુલ્લી રમી લઉં તો સામાવાળા પાસે જેની પાસે છેલ્લું ફુલ્લીનું એક જ પાનું રહે તો તેને ફુલ્લી રમવાની મુશ્કેલી. જો તે ફુલ્લી રમે તો હું હાથમાં કાપી, પછી ઉત્તરમાં રહેલા છેલ્લા સરથી પ્રવેશી બાકીનાં ફુલ્લીનાં પાન ગુરુ પાનાં (master cards) થવાથી તે બધાંના હાથ કરી શકું. પરંતુ સામાવાળા પણ હોશિયાર છે એટલે તે કદાચ લાલ પણ રમે. ચોકડી રમવાની તેમને પોસાય તેમ જ નથી. એટલે મેં ચોથી ઊતરમાં ♥K રમી ઉત્તરમાંથી ચોકડીની ફિશ છોડી. ઉત્તરમાં હવે બે જ ચોકડી રહી. પછી હું ♣A રમ્યો, અને તુત ♣Q. ફુલ્લીનો K ગમે ત્યાં હોય, તેની મને પરવા નથી. જો ♣K એકલો જ કોઈ પણ સામાવાળામાં હોત તો મારા ♣A ઉપર તો ગબડી પડત! પરંતુ ફુલ્લીનો બાદશાહ એકલો તો નહોતો જ, અને ખરે જ તે પશ્ચિમમાં નીકળ્યો. હવે પશ્ચિમ શું રમે? જો તે લાલ રમે તો હું ઉત્તરમાંથી કાપી, મારા હાથની ♦ના હલકા પાનની ફિશ છોડું. આમ એક હાથમાંથી કાપત અને બીજામાંથી ફિશ નાખત. આને અંગ્રેજીમાં rough and discard ('રફ ઍન્ડ ડિસ્કાર્ડ') કહેવાય છે. પછી ઉત્તરમાંથી ચોકડી રમી, મારા ♦Kનો હાથ કરી લઉં. આમ એક લાલ, એક ફુલ્લી અને એક ચોકડીનો એમ કુલ્લે ત્રણ જ હાથ મારે ખોવાના. જો પૂર્વ ફુલ્લી રમે તો ઉપર જણાવ્યા મુજબ, હું કાપી લઉં અને ઉત્તરમાં પ્રવેશી બાકીનાં ફુલ્લીનાં પાનનાં હાથ કરી લઉં અને તેમાં મારી ત્રણે ય ચોકડી પધરાવી, કુલ અગિયાર હાથ કરી લઉં. આમ પૂર્વ ખૂબ જ મુશ્કેલ પરિસ્થિતિમાં આવી જાય છે. તે અમારી રમતમાં તો ચોકડી જ રમ્યો. પૂર્વ ♦A રમ્યો અને પછીની ચોકડીની ઊતરમાં ♦K અને છેલ્લી હલકી ચોકડી, હું ઉત્તરના બાકી રહેલા સરથી કાપી લઉં છું અને દસ હાથ ચોખ્ખા જ છે. પહેલી ત્રણ ઊતર બાદ, પાનાંની ગમે તે વહેંચણી હોત તો પણ ફુલ્લી જો ત્રણ અને બે વહેંચાએલી હોય તો મારા દસ હાથ થાય જ, એ ગણતરીએ હું રમ્યો, અને દસ હાથ થયા પણ. અલબત્ત, ચોકડીનો A, પૂર્વમાં જ હોવો જોઇએ. બાકીનાં ભારે પાન ભલે ગમે ત્યાં હોય.

આશા છે કે અમારી પેઠે દરેક વાચકને આ પ્રશ્નમાં આનંદ આવશે. આવા જ પ્રસંગો જે બ્રિજ રમનારાઓને સાંપડે તે લખી મોકલશો તો તેની ચર્ચા પણ કરીશું. બ્રિજનું લખાણ આવી રીતે સર્વોપયોગી નીવડે અને તેની રમતની ચાલ યા બીજા પ્રસંગોની ચર્ચા થાય તે ઇચ્છનીય છે. માટે વાચકોએ એવી રસિક માહિતી—હાથ બોલવાની રીતની biddingની યા રમતની લખી મોકલવી. દરેક મહિને આવા કેટલાક પત્રો આવે તો બીજા વાચકોને રસ પડશે અને જાણવાનું મળશે. વાચકોના સહકારની આશા રાખું છું. સરનામું: Sadhuram M. Dave, 33 Ritherdon Road, Vepery, Madras-7.

પચ્ચીસ વર્ષ પહેલાં

વૈશાખ ૧૯૯૦
અંક ૧૨૫

[એ અંકમાંના શ્રી રતિલાલ મહેતાના 'પંદર દિવસના પર્યટન'માંથી આપણાં વિશેષ ત્રણ ઇતિહાસસમૃદ્ધ ધામોનો પરિચય.]

નાગાર્જુની ગુફાઓ

પટણા-ગયા લાઈન પર 'બેલા' નામે સ્ટેશન છે. ત્યાંથી દક્ષિણ પશ્ચિમમાં આઠ-દસ માઈલ દૂર આવેલા બારાબારના પર્વતો સ્ટેશન પરથી જ દેખાય છે, છતાં આટલા દૂર હશે એમ લાગે નહિ. આ પહાડો પર કાળા પથ્થરના જંગી ગોળાઓ એક ઉપર એક એવા પડેલા છે, જાણે હમણાં જ એમાથી એકાદ ગબડી પડશે એમ લાગ્યા વિના ન રહે. માંડ માંડ નીચે જંગલમાંથી પસાર થઈ જાળાં ઝાંખરાંમાં લપાઈ રહેલી એક ગુફા પાસે આવી પહોંચ્યા. ગુફા નાની છે. એના દ્વાર પર મથાળે એક લેખ બ્રાહ્મી લિપિમાં કોતરેલો છે. આ અને બીજી લોમશઋષિની ગુફા બંનેની બાંધણી એક જ જાતની છે. અંદર દાખલ થતાં આશ્ચર્યમુગ્ધ થઈ જવાય. અંદરની દીવાલો આટલી આરસ જેવી ઊજળી! દીવાલો ગ્રેનાઈટ પથ્થરની લાગે છે અને તે પર, હવે તો ખૂબ જાણીતો થઈ ગએલો 'મૌર્યન્ પૉલિશ'નો ચળકાટ છે. એ ચળકાટમાં આપણું મોં જોઈ શકાય છે! આ ગુફાઓ અશોકના પૌત્ર દશરથ રાજાએ આજીવિક સંપ્રદાયના સાધુઓને દાનમાં કરાવી આપેલી. અહીં નવાઈની વાત તો એ જોઈ કે ગુફાના એક ખૂણામાં કોઈ પીરની કબર છે!

નાલંદા

બીજે દિવસે બપોરે અગિયારેક વાગ્યે નાલંદા સ્ટેશને ઊતર્યાં ત્યારે જેની ખ્યાતિ ખૂબ સાંભળેલી અને વાંચેલી એ નાલંદા વિદ્યાપીઠના અવશેષો કેવા અને કેવી સ્થિતિમાં હશે એ જેવાનું કુતૂહલ અજબ હતું. પહેલાં જમણી બાજુનું મ્યૂઝિયમ જેવા તે તરફ વળ્યા. મ્યૂઝિયમ છે તો નાનકડું પણ તેમાં જે અસંખ્ય નાની મોટી વસ્તુઓ ભરેલી છે એ બધાં આપણા પ્રાચીન ઇતિહાસનાં પૃષ્ઠો છે. મ્યૂઝિયમ જોઇને સીધા પશ્ચિમ તરફ ફરતાં થોડે જ દૂર દેખાતો ઉત્તુંગ સ્તૂપ આંખને આકર્ષી લે છે. અત્યાર સુધી ખોદાએલા અવશેષોમાં સૌથી ઊંચો એ છે. સૌથી ઉપરનો અને છેલ્લો ચણાએલો ભાગ રસપ્રદ છે.




ભારતીય સ્થાપત્યનું એક પ્રાચીનતમ કલારત્ન: બિહારમાં બારાબારના પર્વત ઉપર ઈ. પૂર્વે ત્રીજી સદીની લોમસ ઋષિની ગુફા

નીચે ઊતરી પૂર્વ તરફ આવેલી વિહારોની હાર તરફ ચાલ્યા. નાની નાની ઓરડીઓમાં પગ મૂકીએ છીએ ને ભ્રમ થાય છે કે ત્યાં વસતા વિદ્યાર્થી-ભિક્ષુઓ ક્યાં ગયા? તેમના બે માળ તો હજી યે જોઈ શકાય છે. ઉપર ફરતાં ફરતાં, ચૂલા, વચમાં ચૈત્ય અને એક બાજુ ગુરુ માટે બેસવાનાં આસન વગેરે જોઈ આશ્ચર્ય થાય. આંગણામાંનો કૂવો તો કેટલીય વાર સુધી જેયા કર્યો! આઠમા વિહારની પૂર્વમાં પછવાડે એક વિશાળ મંદિરનો ઓટલો માત્ર જ આજે દેખાય છે. એ ઓટલાની નીચે ચારે બાજુની દીવાલોમાં નાની નાની લગભગ બસોથી વધુ શિલ્પમૂર્તિઓ કોતરેલી છે. એક બાજુ વીણા આદિ વાદ્યો વગાડવામાં મગ્ન થએલી કિન્નરીઓ, શિવ ને પાર્વતીનાં આનંદનૃત્યો તથા મયૂરપીઠે વિરાજેલા કાર્તિકેય દેખાય છે, તો બીજી બાજુ કચ્છપ જાતક આખું યે તાદશ રીતે પથ્થરમાં કોતરાએલું નજરે પડે છે. ગારુડીનાં અસ્ત્રશસ્ત્રો અને ગજલક્ષ્મી, અગ્નિકુબેર વગેરે અસંખ્ય દેવીદેવતાઓની પ્રતિમૂર્તિઓનો તો અહીં ભંડાર ભર્યો છે. કોઈ અભ્યાસીની ઝીણી આંખ તો આમાંથી ધર્મ અને કલાનો ઇતિહાસ લખી નાખે.

ગૌડ દેશના બુદ્ધપ્રેમી પાલ નૃપતિઓની ઉદાર સખાવતથી આ વિહારોનું પાલનપોષણ થતું. રાતદિવસ બુદ્ધવચન અને ધ્યાનમાં લીન થએલા ભિક્ષુઓ કલ્પનામાં આવી ઊભાં. વિદ્યાપીઠના મુખ્યાધિષ્ઠાતા શીલભદ્ર આચાર્ય જાણે વિદેશી યાત્રી હ્યુએનસંગને વહાલભર્યો સત્કાર આપી એને ત્યાં રહેવાની સગવડ કરી આપે છે. તિબેટના લામા ધર્મના આદ્યસ્થાપક આચાર્ય પદ્મસંભવ અને બીજા પ્રખર આચાર્યોની મૂર્તિઓ પણ નજર સમક્ષ આવી ઊભી. સ્ટેશન તરફ પાછા ફરીએ છીએ અને પછવાડે ઈખ્તયારૂદ્દીન ખિલજીનાં ભૂખ્યાં ટોળાંઓનો ત્રાસ કંપારી વછૂટાવે છે. પવિત્ર મૂર્તિઓનો નાશ, વિહારો અને સ્તૂપોનું જમીન-દોસ્ત થવું ને ગરીબ ભોળા ભિક્ષુઓની દોડાદોડ, એ બધાં સંસ્મરણો ક્ષણવાર ગ્લાનિનું વાતાવરણ પ્રસરાવી દે છે. લગભગ પાંચસો છસો વર્ષ સુધી ભારતવર્ષના મુકુટમણિ સમા રહેલા આ વિશ્વવિખ્યાત સંસ્કૃતિ-ધામનો તેરમી સદીમાં તદ્દન નાશ થતો કલ્પના સમક્ષ ખડો થાય છે.

રાજગૃહ

સાંજે પાંચેક વાગ્યે રાજગીર સ્ટેશને ઊતર્યાં. જૈનોના આજના આ યાત્રાધામનો ઇતિહાસ બીજાં સ્થળોની જેમ અંધકારમાં લુપ્ત થઈ ગયો. પુરાણકાલીન જરાસંધનું ગિરિવ્રજ એ જ બિંબિસાર અને અજાતશત્રુનું રાજગૃહ. પણ રાજગૃહની વધુ પ્રસિદ્ધિ તો ગૌતમ બુદ્ધે ત્યાં બેત્રણ વાર વાસ કરેલો હોવાથી થઈ છે. બુદ્ધના ત્યાંના વસવાટ દરમ્યાન બનેલા અનેક પ્રસંગોનાં વર્ણનો બૌદ્ધ ગ્રંથોમાં અને ફાહિયાન-હ્યુએન-સંગનાં યાત્રાવિવરણોમાં મળે છે. બુદ્ધે રાજગૃહમાં પ્રથમ પ્રવેશ કર્યો ત્યારે એને અને એના સંઘને રહેવા માટે બુદ્ધભક્ત રાજા બિંબિસારે પોતાનું વેણુવન દાનમાં આપ્યું હતું. એનો આજે પત્તો નથી. પછી પ્રથમ મહાસંગીતિના પ્રમુખ મહાકશ્યપની ધ્યાન ધરવાની જગ્યા 'પિપ્પલ-ગુહા'નો અવશેષ શોધખોળ કરતા વિદ્વાનોએ એક સ્થળે નક્કી કર્યો છે તે જોયો. વચ્ચે વૈહાર પર્વત ઉપરના ઢાળાવ પર ચોરસ પથ્થરોની



નાલંદાના મહાવિહારના ચારચાર માળવાળા ભવ્ય મઠમંદિરોનું એક સમગ્ર દૃશ્ય

બાંધેલી એ 'સપ્તપર્ણ ગુહા' પાસે આવી પહોંચ્યા, જેની પાસેના જ 'મહામંડપ'માં બૌદ્ધોની પ્રથમ મહાસંગીતિ બુદ્ધના નિર્વાણ પછી થોડાક જ સમયમાં મળી હતી. એને પ્રમુખસ્થાને બુદ્ધના પ્રિય સાથી મહાકશ્યપ હતા અને ત્યાં ઉપાલિ તથા આનંદે બુદ્ધવચનો ઉચ્ચાર્યાં હતાં.

સપ્તપર્ણીની ગુહા આગળથી દક્ષિણ-પૂર્વ તરફ કેડી બની રહી છે એ રસ્તા પર ચાલતાં. હુએનસંગ જ્યાં કનકવૃક્ષોનાં ચળકતાં પર્ણો જોઈ અને તેના સુગંધી પુષ્પોની ફોરમ અનુભવી મુગ્ધ થઈ ગયો હતો એ સ્થળેથી અમે પસાર થતા હતા; પણ આજે તો એ કનકવૃક્ષો ય નહોતાં કે નહોતાં સુગંધી પુષ્પો. અમે તો માત્ર નાનાનાના છોડવાઓનું જંગલ બની રહેલું જોયું. અહીં કયે સ્થળે સારિપુત્ર અને અશ્વજિતનો ભેટો થયો હતો, જેથી સારિપુત્રનું આખું જીવનચક્ર ફરી ગયું અને એ બુદ્ધનો અગ્રસેવક બની રહ્યો? કયી જગ્યાએ 'નલગિરિ' હાથી બુદ્ધને મારવા તૈયાર થયો હતો? કયા સ્થાન પર રાજવૈદ્ય જીવકનું પ્રખ્યાત આમ્રવન આવી રહ્યું હતું? રાજગૃહની પૂર્વે કયે સ્થળે ગૃદ્ધકૂટ હતો જ્યાં બુદ્ધનો પ્રિય વાસ હતો અને જ્યાં ફરતા બુદ્ધને રાજગૃહની કેદમાં પૂરાએલા બિંબિસાર જોઈ શકતા હતા? એ બધાં સ્થાનોનો પત્તો મેળવવા ઘણા ય પ્રયત્નો થયા છે ને થાય છે, પરંતુ આજે તો અનુમાનથી ત્યાંની જમીનમાંથી નીકળતા મૂક સંદેશાઓ જ સાંભળવા રહ્યા.

નવી કહેવતો

ફૂંડો પડઘમ વગાડે ત્યારે જોઈતું'તું શું?
ઇસ્ત્રી ફેરવ્યે ઊંટ સરખું ન થાય.
ફૂંક મારીએ ત્યારે શ્વાસ ન લઇએ.
વાંદરાને ડાળ ચૂક્યાનું દુઃખ નહિ.
કાંગારુનાં બચોળિયાં ઘર ભાડે ન રાખે.
જમણો હાથ યાચક તરફ કાં દુશ્મન તરફ.
નવો જમાઇ ને માખી-બંને કેરીગાળાની રાહ જુએ.
વરઘોડામાં મશાલ ઝાલીએ તો હજામ કહેવાઈએ.
વાસ્તવમાં તો કપડાં જ વળગણીને વળગે છે,
નામ વળગણી, પણ વળગે છે કપડાં!

રતિલાલ 'અનિલ'



અભય મુદ્રાવાળી 'બોધિસત્ત્વ પદ્મપાણિ'ની ધાતુમૂર્તિ (ઉત્તર-મધ્યકાળ)



નાગફણાવાળી દેવીની પાષાણમૂર્તિ (પૂર્વ-મધ્યકાળ)

જ્ઞાનની અનેક શાખાઓ સાથે નાલંદાના સંસ્કૃતિકેન્દ્રે ચિત્ર, શિલ્પ અને સ્થાપત્યકળા પણ વિકસાવી હતી અને તેમાં પોતાની વિશિષ્ટ શૈલી ખીલવી હતી. તેના બે નમૂના અહીં આપ્યા છે.

એ મારી ફરજ છે. તમારી સેવાચાકરી કરવા હું બંધાયલી છું. પણ મારા દીકરા બહેરામને એને જે શીખવુંભણવું હોય તે કરવાની છૂટ બી હોવી જોઇએ ને?

મહેરવાનજી: કવિતાનાંટાયલાંલખવાની? મોટો થસે ત્યારે રોટલોરોટો કમાવા માટે આ કવિતાનાં ચેટક કામ નથી આવવાનાં, સમજી?

ભીખી: એની મરજી થાય તો એ ભલે લખે.

મહેરવાનજી: તું મારી પરણેતર છે.

ભીખી: હું, જી.

મહેરવાનજી: ને મારા ઘેરમાં હુ ધણી છું.

ભીખી: હા, જી.

મહેરવાનજી: બહેરામને હું કહું તે પર-માણે ઘરમાં રહેવું પરસે.

ભીખી: પરણતી વખતે મેં તમારી સાથે આ વાતની ચોખવટ કરી હતી, મહેરવાનજી.

મહેરવાનજી: જો ઘેલાં કરેચ તે! ચોખવત ચોખવત! સાની ચોખવત? હીહીહીહી... બહેરામ! લો આય ચિઠ્ઠી, ને અનરધરી ફુરજા પર જાઓ, અને ખબર કારો કે ધક્કા પર મલબારથી સુખડ ભરીને આપરૂ વહાણ આયું-ચ કે નહિ—અને નથી આયું તો કારે આવવા વકી છે?

બહેરામ: જી.

મહેરવાનજી: સમજ્યો ચ કે? બેથડ! અંધડ— જરા સમજીને જા.

બહેરામજી: જી, બરાબર સમજ્યો છું.

મહેરવાનજી: જાઓ, જલ્દી જાઓ... અને બીજે કેથે ના જતા. ખબર લઈ સીધા પાધરા આહીં ઑફાતે! જા-જા-હી હી...હી હી... કવિતાનાં ચેટક-હીહી... મારા ઘેરમાં કવિતા લખવા બેઠાચ. સું દિવસ આયો ચ!

ભીખી: મહેરવાનજી! તમે મહેરબાની કરીને મારા દીકરાને બેથડ કે અંધડ ના કહેતા. હું તમારી ધણીઆણી છું; મને જે બે શબ્દ કહેવા હોય તે કહેજો, પણ...

મહેરવાનજી: હવે ચૂપ મરસો? બહુ ટાહેલાં કીધાં. મારો બહેરામ, મારો બહેરામ! સું જાને એક સુફીઆનો દીકરો લઈને આયાચ! બીજી માઓ દીકરા જનેચ કે નહિ?

ભીખી: હું તમને પગે પડું છું. તમારી બધી ચાકરી કરીશ. તમારુ ઘર સંભાળીશ, કરકસરથી રહીશ. બીજું કંઈ નથી માગતી, આજીજી કરીને કહું છું મારી આટલી વાત માનો, મારા બહેરામને...

મહેરવાનજી: જુઓ ભીખઈ, મારા ઘેરમાં આ રરવા કરવાનાં તાગાં નહિ જોઈએ. મારો મિજાજ ખરાબ છે. આવી ચેસ્ટા કરસો તો હું



જન્મે પારસી પરંતુ ગુણે-કર્મે ગુજરાતભરના ગૌરવગુરુ બહેરામજી મલબારી સ્પષ્ટ-સ્પર્શી ભાષામાં જીવનબોધ ગાતા આર્દ્ર હૃદયના કવિ ઉપરાંત આપણા એક મહાન સમાજસુધારક પણ હતા. સ્ત્રી-શિક્ષણ અને વિધવાવિવાહનો પ્રચાર, પતિયાળા રાજ્યના 'ધરમપોર સેનેટોરિયમ' ને મુંબાઇના 'સેવાસદન' નીસ્થાપના,—ગુજરાતની એ સઘળી રચનાત્મક પ્રવૃત્તિઓનું શ્રેય એમને જ ઘટે છે. એમનાવ્યક્તિત્વનુંએક બીજુંમહાનપાસું હતું ભારતના એક અગ્રણી પત્રકાર તરીકેનું,તથાવિચારચિંતનનીદૃષ્ટિએઆંતરરાષ્ટ્રીય ભારતીય પ્રતિનિધિ તરીકેનું— પૂર્વ-પશ્ચિમનાવિરલ સમન્વયકારતરીકેનું. ઈ. ૧૮૧૩ની ૧૮મી મેએ વડોદરામાં તેમનો જન્મ. તેમની પાંચ વર્ષની વયે પિતાધનજીભાઇમહેતાનુંઅવસાનથતાં, માતા ભીખીબાઈ એમને લઇ સુરત પિતાને આશ્રયે જઇ રહ્યાં, જ્યાં મોટી આગમાં પિતાની માલમિલ્કત પણ ભસ્મીભૂત થઈ ગઈ. પછી થોડા સમય બાદ એમણે સુરતના મહેરવાનજી નાનાભાઈ મલબારી સાથે પુનર્લગ્ન કર્યું. પણ થોડા વખતમાં માતાનું પણ મૃત્યુ થતાં બાર વરસનો અનાથ બહેરામ સ્વબળે સૂરતની મિશન શાળાના અધ્યાપક રેવ. વિલિયમડિકસનનીસહાયથીમૅટ્રિકસુધી ભણ્યો, જોકે ગણિતમાં નાપાસ થવાથી આગળ અભ્યાસ મુલતવી રાખવો પડ્યો.

તેમનું વલણ પહેલેથી જ સાહિત્ય તરફ પુષ્કળ હતું. શેક્સ્પીઅર, મિલ્ટન, વર્ડ્ઝવર્થ, સ્પેન્સર આદિનો તેમણે આકંઠ અભ્યાસ કર્યો અને ગુજરાતી તથા અંગ્રેજી ભાષામાં કાવ્યો લખવા પણ માંડ્યાં. તેમની કૃતિઓમાં: 'નીતિવિનોદ' (૧૮૭૫), 'વિલ્સન-વિરહ' (૧૮૭૮),ફારસીશૈલીનોગુજરાતીકાવ્યસંગ્રહ 'સરોદે ઇત્તેફાક' (૧૮૮૧),'અનુભવિકા' (૧૮૯૪), ફારસી શૈલીનું 'આદમી અને તેની દુનિયા' (૧૮૯૮) અને 'સંસારિકા' (૧૮૯૮) ઉપરાંત 'The Indian Muse in English Garb' (૧૮૭૬) અંગ્રેજી કાવ્યસંગ્રહ પણ છે.

તેમની શક્તિ તથા કીર્તિ જોઇ રેવરન્ડ ડૉ. વિલ્સને સર કાવસજી જહાંગીર સાથે તેમનું ઓળખાણ કરાવ્યું અને એમણે 'ટાઇમ્સ ઑવ ઇન્ડિયા'ના ત્યારના પ્રસિદ્ધ તંત્રી મિ. માર્ટિન વૂડના હાથ નીચે તેમને રખાવી દીધા. ત્યાં ધીમેધીમે સામાજિક ને રાજકીય સુધારણા પરના તેમના લેખોએ શિક્ષિત વર્ગમાં પ્રતિષ્ઠા જમાવવા માંડી.

ઈ. ૧૮૭૫માં તેમણે એકાદબે મિત્રોની સહાયથી 'ઇન્ડિયન સ્પેક્ટેટર' નામનું અંગ્રેજી સાપ્તાહિક શરૂ કર્યું, અને ૧૮૭૮માં મિ. માર્ટિન વૂડ 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માંથી છૂટા થતાં તેમની મદદથી 'ગુજરાત અને ગુજરાતી' નામનું બીજું પત્ર શરૂ કર્યું. વળી ઈ. ૧૮૮૩માં સર વિલિયમ વેડરબર્નની સૂચનાથી દાદાભાઈ નવરોજજીના આશ્રય નીચે જે 'વૉઈસ ઑવ ઇન્ડિયા' પત્ર શરૂ થયું, તેના પહેલેથી જ શ્રી મલબારી મુખ્ય લેખક બન્યા. જુદાજુદા વિષયો પરના એમના બધા લેખોનો સંગ્રહ થાય તો મોટા ગ્રંથો ભરાય.

તેઓ ત્રણ વખત વિલાયત જઈ આવેલા. ઇંગ્લંડની લોકસ્થિતિ પર એમણે લખેલા 'ધી ઇન્ડિયન આઈ ઑન ઇંગ્લિશ લાઇફ' (૧૮૯૩) પુસ્તકથી તો ત્યાંના 'સૅટર્ડે રિવ્યૂ' જેવા પત્રે તેમને રડિયાર્ડ કિપ્લિંગની કોટિમાં મૂકેલા.

છેલ્લે તેમણે 'ઈસ્ટ ઍન્ડ વેસ્ટ' નામનું પ્રખ્યાત માસિક શરૂ કરેલું, પણ એની કારકિર્દી તેઓ લાંબી જુએ તે પહેલાં ૧૯૧૨ની ૧૧મી જુલાઇએ સિમલા મુકામે એકાએક તેમનું અવસાન થયું.

તમને માહીકરાને બંનેને ઘરની બહાર કારીસ. જો લાયાચ તે! સક્કાર થઈ ગઈ તો બી હજી નાસ્તાનું ઠેકાનું નથી... જાઓ રાંધનીમાં; આવું રરમસ મોનું મારી સાંભે નહિ જોઇએ.

ભીખી: નાસ્તો તૈયાર છે જી. કહો તો હમણાં લાઉં.

મહેરવાનજી: તમે અહીંથી જસો? ઓય ખુદા! આય સો જુલમ! હૅ ઓય વોય, કાં! એટલામાં પાછા આયો?

ભીખી: કોણ—બહેરામ?

મહેરવાનજી: હા રે; આ સું? કેમ દુકતા! કુરજા વેર ગીયોચ નહિ?

બહેરામ: જી નહિ, રસ્તામાં જ કુરજાનો પટાવાળો મળ્યો, તે આપને આ કાગળ આપવા આવતો હતો, લ્યો.

મહેરવાનજી: પણ વહાણના સા ખબર? લાવ જોઉં.

બહેરામ: પટાવાળાએ કહ્યું કે એમાં વહાણના ખબર છે.

મહેરવાનજી: ઓહ,એમ? હૅ...સું? ઓ... ઓ...ઓ ખુદા! ઓ ખુદા! આ સી આફત!

ભીખા: શું છે, કંઈ માઠા સમાચાર?

મહેરવાનજી: માઠા? ઓ ખુદા! હું ખલાસ થઈ ગીયો—મલબારી સુખડથી ભરેલું આવતું મારું વહાણ હજીરાના ખડક પાસે અથડાઈ તૂટી ગયું, ઓ...ઓ મારી આખી દોલત સાફ થઈ ગઈ! ઓ મારો ધંધો બેસી ગયો! મારી બરકત, મારી રોજી, ખતમ થઈ ગઇ! ઓ...

ભીખી: બહેરામ, જા તો અંદર, જરા પાણીનો પ્યાલો લઈ આવ. મહેરવાનજી, આમ ડઘાઈ શું ગયા છો? કુદરતના ખેલ સામે ઝૂઝવામાં તો માણસાઇ છે. ખુદાએ રહેમ નજર નહિ કરી. ચાલો ઊઠો, એમ નખાઇને કંઈ બેસી રહેવાય કે? ફરી વેપાર કરજો.

મહેરવાનજી: તું ચૂપ રહેસે, મૂરખ! તું જાનેચ આ દાવમાં મારી એકેએક્પાઈ હોમાઈ ગઇ ચ? સૂરતમાં તો સું, પન ભરૂચ, નવસારી, બીલ્લીમોરા, ઉદવાડા બધે સુખડના વેપારીઓ માટેમેંઆ વહાણમાં માલમંગાવ્યો હતો. હવે હું સું મોં બતાવસ!

ભીખી: પન વીમો કતરાવ્યો હશે ને?

મહેરવાનજી: ના. એ જ તો મોકાણ છે! મારા મનમાં કે દરિયો તોફાની થાય તે પહેલાં વહાન આવી પુગસે. ઓહ...ઓ—ખુદા!

ભીખી: લ્યો જરા ઘૂંટડો પાણી પીઓ.

મહેરવાનજી: ભીખી, ભીખ્ખઇ! તું જ નેસ પગલાંની આવી છે. મારા ઘરમાં પગ મૂકતાં જ મારા અઃડા દિવસ શરૂ થવા માંડયા.

ભીખી: મહેરવાનજી, એવું ના બોલો. તમે

મૂને રાજીખુશીથી પરણ્યા હતા.

મહેરવાનજી: ચૂપ રૂહે સેતાન! તું બાઈ છે જ નેસ પગલાંની. જાં જાય ચ તાં ગ્હોકાન વાલે ચ. હજારો રૂપિયાનું મારૂં વાણ ડૂબ્યું. તારા ઘરમાં આવવાથી આ ગ્હોકાણ! નાપાક!

ભીખી: ઓહ...એવું ના બોલો મહેરવાનજી, ખુદા ખાતર એવું નહિ બોલો!

મહેરવાનજી: તું જ પાપી! હજાર વાર નેસ પગલાંની! તેં જ મારા ઘરનું સત્યાનાશ કીધું. તું જાં જાય છ તાં કાળો કેર વર્તાવે ચ.

બહેરામ: મહેરવાનજી કાકા, તમે—

મહેરવાનજી: ચૂપ રહે દુકતા! તું હાડકાંનો હરામ છે તે હું જાણું છું. વેપારધંધો તૂટી જતાં હવે મારે ફક્ત એક જ હકીમીનો આશરો લેવો રહ્યો. હાડકાંની ખોટ્ટઈ હવે નહિ ચાલે, વસાણાં વાટવાં પરસે, વસાણાં, સમજ્યો?

ભીખી: તું નહિ બોલ બેટા, તું અંદર જા.

મહેરવાનજી: અંદર કા જાય ચ-બેલ્લા! ઉપર જાઓ અને કાતરિયામાંથી ખલ લઈ આવો, અને અહીં વસાણાં વાટવા બેસો. ભણવાગણવાનાં ધતિંગો હવે છોડી દેઓ; ને તમે ભીખીઈ, સક્કારના હવે કદી બી મને મોં બતાવતાં નહિ. નેસ પગલાંની, કમનસીબ, અભાગીણ ઓરત...

ભીખી: ઓહ! ઓ...ખુદા...

મહેરવનજી: મારા ઘેરનું સત્યાનાસ વાળનાર નાપાક ઓરત! [ત્રણચાર સેકંડ શાંતિ]

•

ભીખી: આવ દીકરા, બહેરામ, મારા રતન, આવ–અહીં આવ.

બહેરામ: એવણ ક્યાં ગયા?

ભીખી: એવણ ગુસ્સામાં બહાર ચાલ્યા ગયા. ગુસ્સો કમ થતાં આવશે પાછા. પણ બહેરામ, તું જ મારો ખરો આશરો છે.

બહેરામ: મારાં વ્હાલાં મમ્મા, મ્હારાં માં–

ભીખી: ગમે તેટલાં સંકટો પડશે, પરંતુ હું તારું જતન કરીશ, તને વિદ્યાભ્યાસ કરાવીશ. ટોપી ઝભલાંનાં ભરતગૂંથણ કરીને પણ તને ભણાવીશ, મારા બેટા!

બહેરામ: ઓ મારી મા!

ભીખી: તારે જ ખાતર મેં બીજું ઘર કર્યું– મહેરવાનજીને હું પરણી, પણ હું અભાગણી...

બહેરામ: ના મારાં માતાજી, ના, ના; તું અભાગિણી નથી. મા... [થોડી સેકંડ શાંતિ]

•

ભગત: (ગાય છે) એ...એ...

રાજારાણા, અક્કડ શે ના?
વિસાત શી તમ રાજ્ય તણી,
કઇ સત્તા પર ફૂદકા મારો,
લાખ કોટિના ભલે ધણી;
ચક્રવર્તી મહારાજ ચાલિયા,
કાળચક્રની ફેરીએ,
સગાં દીઠાં મેં શાહઆલમનાં,
ભીખ માંગતાં શેરીએ.
દીઠાં અયોધ્યા, બેટ દ્વારિકા,
નાથદ્વાર ને હરદ્વારી,
ઘરને આંગણ સુસ્ત દેખતાં,
છાતી ધબકે છે મારી;
કાળતણી શી બલિહારીએ,
અજબ વિનાશની ફેરીએ,
સગાં દીઠાં મેં શાહઆલનાં
ભીખ માગતાં શેરીએ.

ભીખી: ભગતજી, તમે હતા તો આટલી ઓથ રહી.

ભગત: કળજુગમાં દુઃખનો બેલી દુખિયારો જ છે, મારી ભીખઇ બહેન! કાળચક્રની વાત એવી છે. આ સાંભળ્યું ને, સગાં દીઠાં મેં શાહઆલમનાં—

ભીખી-ભગત: ભીખ માગતાં શેરીએ...

ભગત: બહેરામ હવે મોટા કવિ થશે.

ભીખી: તે આ બહેરામે લખ્યું છે?

ભગત: આ આખો ઢગલો! શી શુદ્ધ ગુજરાતી ભાષા લખે છે!

ભાખી: ઓ ખુદા! મહેરવાનજી ગુજર્યા પછી મને થતું હતું કે મારા દીકરાના ભણતરનું શું થશે. પણ ભગતજી તમે ઓથ રાખી. તવંગર સગાંવહાલાં પણ કોઈ કામ ન આવ્યાં.

ભગત: લ્યો, આ તમારો પનોતો પુત્ર આવે. આજે કંઈ ઉતાવળમાં લાગે છે. કોઈ કવિતાની કડીઓ ઘૂમતી હશે.

બહેરામ: મા! મા!

ભીખી: દીકરા મારા—

બહેરામ: મમ્મા! પેલા નરભેરામ મહેતાજી તો તને યાદ છે કની?

ભીખી: હા, કેમ? બહુ જાલિમ મહેતાજી! બીચારા છોકરાઓને અરધા નાગા કરી હાથમાં ઘોડિયું ઘાલીને તડકામાં અંગૂઠા પકડાવે.

બહેરામ: અને ઉપરથી નેતરની સોટીના ફટકા મારે તે જુદા.

ભીખી: હા રે ભગતજી, એક છોકરાને એવી કપરી સજા કરી તે આપણા બહેરામથી સહન થઇ ન શકી, અને ઘેર આવતાં જ એ તાવમાં પટકાયો.

ભગત: હેબક લાગી ગઈ હશે.

ભીખી: તાવ, પછી શીતળા. માનશો? મેં કેટલી બાધાઓ રાખી, અને આખો દિવસ પ્રાર્થના કરતી કે મારો બહેરામ સાજેમાજે પથારીમાંથી ઊભો થાય.

બહેરામ: તે મમ્મા! એ નરભેરામ મહેતાજી કૉલેરામાં ખલાસ!

ભીખી: હં, બિચારા! આવા વિકરાળ મહેતાજીને પણ મોતે આખરે ન છોડ્યા!

ભગત: મોતની આગળ કયા માનવીનું ક્યારે પણ ચાલ્યું છે?

ભીખી: બિચારા.

બહેરામ: ભગતજી! એથી મેં આજે મોત ઉપર કવિતા લખી છે:

આજ મને અવકાશ ક્યાં?કરીશ કામ એ કાલ;
જે મૂરખો આવું બકે, એના હાલ હવાલ.
ઘસડી જઈ આ ઘરથકી,પૂછશે જમ આ સ્વાલ,
જવાબ શો બહેરામ દે, કિયા કામની કાલ?

ભીખી: મારે આગળ નથી સાંભળવું. આવા વિચારો નહિ કર. ખુદા તારુ સારુ જ કરશે.

ભગત: તો માતાજીને બીજી સારી કવિતા સંભળાવોને; કાલે પેલી સૂરત ઉપર લાવણી લખી હતી તે—

બહેરામ: એ તો મને મોઢે જ છે, સાંભળો:

છેલ છબીલા મનમોજીલા,
સુરતી લાલા સ્હેલાણી;
વાડી ગાડી લાડીમાં તે
જિંદગી કાધી ધુલધાણી
હુકા ચિલમ ને પાન સુપારી,
શરાબના પ્યાલા ફરતા.
રાત બધી એ વહીવટ ચાલે,
દિવસે સાહેબ સૂઇ જતા.

પછી આખું તો બહુ લાંબું છે.

ભગત: પેલી લીટીઓ?—

ડફ તબલાં સારંગ સિતાર,
પેંડા બરફી માઝમ માર;
શરાબ શરબત લે પોબાર,
નાચરંગ ને જર જુગાર.

બહેરામ:

ઈન્દ્રપુરી સમ આ સહુ મહિમા,
સસ્તી નાચે ઇંદ્રાણી,
વાડી ગાડી લાડીમાં તેં
કાધી જિંદગી ધુળધાણી;
ગુજરાતીનું નામ મળે નહિ,
કરે ફારસીમાં લવરી,
મુનશી મોલવી અટક લખાવે
ફિસિયારીમાં જાય મરી.

ભગત: વાહવાહ! ભીખીબાઈ, તમારો દીકરો તો આથી પણ સરસ કવિતા લખશે. ચાલો હવે તો તમે મોટી નિશાળે જવાના—

ભીખી: તમારા મોંમાં સાકર!

ભગત: ચાલો, હું જ એમને મહિનો રહીને મોટી નિશાળે ભણવા મૂકી આવીશ.

[થોડી સેકંડની શાંતિ]

•

બે પાંચ જણા:

અલ્યા દોડ! નાસ!—
બારણાં બંધ કરી દો!
હમણા માસ્તર આવશે!
અલ્યા ભાગ! જો પકડાયા છો તો—
બાર વાગ્યા સમજજો!
આવ્યો! આવ્યો! જીવચરામ આવ્યો!

[ટેબલ પર સડાસડ નેતરના ફટકા]

જીવચરામ: સમજો છો કે? આ ટેબલ પર સડાસડ નેતરના ફટકા સમજો છો કે? યાદ રાખજો, હરામખોરો! જુઠ્ઠું બોલ્યા છો તો! મારી નિશાળમાં તોફાન નહિ ચાલવા દઉં. કહી દો, બારણાં કોણે બંધ કર્યાં હતાં?–બોલો! રુસ્તમ, છગન, ફતેસિંગ, કલ્યાણજી, બહેરામ! બોલો! કેમ કોઇ બોલતા નથી? બોલો–બોલો! ઉદેસિંગ! મને વખત બગાડવાની ટેવ નથી. બોલો, હું જીવચરામ છું, સમજ્યા! નથી બોલતા? ઠીક; બધાને ફટકા મારીશ. તમે મને—હેડમાસ્તરને પણ પત નથી કરતા, એમ? આમ આવ બહેરામ! [નેતરના ફડાફડ ફટકા]

બહેરામ: ના જી, હું એ તોફાનમા સામેલ નહોતો; મારો વાંક નથી.

જીવચરામ: તો કોણ ગુનેગાર છે, એ કહી દે.

બહેરામ: એની મને ખબર નથી, સાહેબ.

જીવચરામ: 'મને ખબર નથી સાહેબ'–તો, લે બચ્ચા! [સડાસડ નેતરના ફટકા]

ઓહ, બસ? આટલા જ ફટકાથી બેભાન થઇને પડી ગયો?:હી...હી...જિંદગીમા કરશે શું? કંઈ નહિ બચ્ચા, આજે તો જતો કરું છું. કોઇ એના મોં પર પાણી છાંટો, ખરેખર બેશુદ્ધ થઇ ગયો લાગે છે. તમે બધા શું જોયા કરો છો? જાઓ, પાણી લઈ આવો!

બહેરામ: ઓ...મા. ઊહ મને કોઇ ઊભો કરો, પાણી બાણી મારે નહિ જોઇએ. (દર્દથી) ઓહ! ઓ...હેડમાસ્તર સાહેબ! તમે મને આટલી સોટીઓ મારી, અને તે વગર વાંકે? વગર વાંકે આટલો માર? તમે તે શિક્ષક છો કે રાક્ષસ? વરુ છો કે કસાઈ? ઓ ખુદા! યાદ રાખજો, પરવરદિગાર તમોને સજા કરશે, ક્યાં છે મારાં પુસ્તકો... [ચોપડીઓનો અવાજ]

જીવચરામ: પકડો એ હરામખોરને! મારા મોં ઉપર ચોપડીઓ અફાળી નાઠો! ઊભો રહે અલ્યા! બહેરામ!...બહેરામ...

બહેરામ: આ બહેરામ હવે ઊભો રહેશે કે?...ચાલ જીવ, દોડ...મમ્માને જ ઇને કહું–ના, અહીં જ બોલાવી લાઉં અને એ જીવચરામને દેખાડી આપું કે નિર્દોષ વિદ્યાર્થીઓને માર મારવામાં કેવા ફજેતા થાય છે. ઓ પ્રભુ, આ જુલમ! [દોડનો અવાજ. થોડી શાંતિ]

ભગત: અલ્યા બહેરામ! આમ દોડ્યો દોડ્યો ક્યાં જાય છે?

બેરામ: મમ્મા પાસે...

ભગત: પણ જરા ધીમે, હું યે આવું છું—

બેરામ: તમે ના દોડો, ભગતજી!

ભગત: બહેરામ!

બેરામ: હું મમ્માને જઈને કહું છું...

ભગત: પણ બહેરામ, એક મિનિટ...

બેરામ: એ પછી વાત, ભગતકાકા.

ભગત: બહેરામ, મારું કહ્યું માન, મમ્માની તબિયેત...ઓ બેરામ...બેરામ...

બહેરામ: અરે આવા કસાઇ જેવા માસ્તરો? મમ્મા....ઓ મમ્મી...

ભીખી: ઉહ! ઓહો! કોણ બ-હે-રા-મ!

બહેરામ: હા, મમ્મી, હું બહેરામ.

ભીખી: કેમ વહેલો આવ્યો?

બહેરામ: (ડધાએલે ધીમે સાદે) અમસ્થો જ મા, તને ઠીક નથી?

ભીખી: ના—હા, બહેરામ.

બહેરામ: પાણી આપું મા?

ભીખી: હા, પણ તું, જરા સાચવીને... મને તાવ છે. ભગતને મેં નિશાળે મોકલ્યા હતા; મને કૉલેરા...

બહેરામ: કૉલેરા!

ભીખી: મારી પાસે બહુ ના બેસતો.

બહેરામ: ઓ મારી મમ્મી: આ તું શું બોલે છે? તારી ચાકરી સેવા કરવાને બંધાયલો તારી નજીક હું નહિ બેસું તો કોણ બેસશે? અનેક સંકટો વેઠી તેં મારું આટલું જતન કર્યું, મને પાળીપોષી, જહેમતો વેઠી ઉછેર્યો, ને હું તારી ચાકરી...

ભીખી: બેટા બહેરામ, આ તો કોગળિયું...

બહેરામ: મા, તું કશી ચિંતા ન કર.

ભીખી: આવો ભગતજી.

ભગત: મને બહેરામ રસ્તે જ મળ્યા,–દોડતા દોડતા...

બહેરામ: ભગતકાકા, એ બધું પછી, મને કહો આપણે શાશા ઉપાયો લેવાના છે? ચાલો મને બધું સમજાવી દો. હું એની રાતદિવસ ચાકરી કરીશ. ખુદા એટલી રહમ નજર નહિ કરે? તમે પણ બેસી કિરતારનાં ગુણગાન ગાઓ કે મમ્માને જરા રાહત મળે.

ભગત:

પલક એકમાં પ્રલય પ્રાણનો,
સદાનંદ ભળી જાશે રે,
કહે બહેરામ પ્રભુની ભક્તિ
શીતળ અમૃત પાશે રે.
કે ભજ ને ભાવે વૈકુંઠનાથ. ભજ.ને૦

[સંગીત: થોડી શાંતિ]

•

બહેરામ: મા! મા...આ...

ભગત: એ હવે નહિ બોલે, બહેરામજી!

બહેરામ: એટલે? મા આ...

ભગત: એમનો હવે સૂર્યસંસ્કાર કરો, બહેરામજી. એ હવે નહિ બોલે.

બહેરામ: નહિ બોલે? મારી માડી હવે નહિ જ બોલે?...શું કહો છો, ભગતકાકા!

ભગત: બહેરામજી મલબારી, તમે આજથી હવે સંસારમાં જુદી દિશામાં વિચરો છો. તમારા ઉપરથી માની મીઠી લીંબડીની છાયા ઊડી ગઈ; શિરછત્ર ગયું. તમારે હવે બીજાના શિરછત્ર થવાનું છે. તમારા જીવતરમાં અમી રસ રેડીને, પૂર્ણ સંસ્કાર પોષીને તમારાં મમ્મી એમનું આ માળખું છોડી ગયાં. રાતદિવસની ઉજાગરાભરી તમારી ચાકરી નહિ ફળી. હરી, જેવી ઈશ્વરની મરજી.

બહેરામ: મારી જનેતા હવે નહિ બોલે?

ભગત: ના, નહિ બોલે; પણ તમને એકલાને એનો વ્હાલસોયો સાદ કદીક કદીક અંતરમાં સંભળાશે. તમે એના અનેક સદ્‌ગુણોનું ચિંતન કર્યા કરશો તો એ તમને અગોચર રહી પ્રેરણા આપ્યા કરશે. તમારું જીવન મંગલમય, હજી વધારે સંસ્કારી બનાવી તમને ઉન્નતિને માર્ગે દોરાવ્યા કરશે...

બહેરામજી, બહેરામજી...એમ હવે સૂનમૂન બેસી રહો તે નહિ ચાલે. એમને નમસ્કાર કરો, ઊભા થાઓ. આખર તો બધાએ એ જ પંથે જવાનું છે. તમને કિશોરાવસ્થામાં આ મૃત્યુનું ભાન થયું એ કુદરતની લીલા છે.

બહેરાજી: મૃત્યુ?! મારી મા...

ભગત: દેવલોક સિધાવ્યાં. દેવી જેવી તમારી માતા, સવારના નામ દેવા જેવી તમારી માતા, પોતાને માથે અનેક દુઃખો પડ્યાં તે બધાં ખમનારી તમારી માતા, તમારે માટે એણે પોતાની કાયા ગાળી નાખી; એને નમસ્કાર કરો.

બહેરામજી: મારી મા મારાં મમ્મા હવે નહિ જ બોલે!

ભગત: આ દેહની જીભે નહિ બોલે. અલૌકિક વાણી થકી તમારા અંતરની ચેતનામાં કદીક બોલશે. મન નિર્મળ રાખજો, ગરીબોની અને દુઃખીઓની દાઝ જાણજો, તો એની મીઠી વાણી તમારા એકલાથી સંભળાશે.

બહેરામજી: માઆ...મારી જનેતા... મારી માડી! તારા આ એકલા અટૂલા બાળક તરફ હંમેશા અમીદૃષ્ટિ રાખતી રહેજે. મા... મા...મા... [સંગીત]

•

ભગત: બહેરામજી, સિધાવો મુંબાઈ! રેવરંડ ડિકસનની મહેરથી, તો મુંબાઈ જઈ મૅટ્રિકની પરીક્ષા પસાર કરી આવો. તમારી જિંદગીનો–

બહેરામજી: ભગતકાકા,..ભગતકાકા...

ભગત: મને પણ ભૂલી જજો બેટા, ઇશ્વર તમારું કલ્યાણ કરો. [થોડી શાંતિ]

•

રેવરંડ ટેલર: હું સાચ્ચું કહું છું કે તમારી કવિતાઓ ખરેખર સરસ છે. સર કાવસજી જહાંગીર, સર મંગળદાસ નથ્થુભાઈ વગેરેએ તમારી પ્રશંસા કરી છે તે બરાબર છે.

બહેરામજી: ટેલર સાહેબ! જે પામ્યો છું તે આપના વ્યાકરણના અભ્યાસને પરિણામે છે. આ તો કવિ દલપતરામ, મનસુખરામ અને રણછોડભાઇ સાહેબે પણ વખાણના કાગળો લખ્યા છે?

રેં૦ ટેલર: કારણ તમારી ભાષા સંસ્કારી છે, વિચારો સરળ છે. અને તમારાં અંગ્રેજી કાવ્યોનો ગ્રંથ ધી ઇન્ડીયન મ્યૂઝ ઇન ઇંગ્લીશ ગાર્બ એ સંગ્રહ માટે પણ ઇંગ્લંડમાં સારી નામના થઈ છે.

બહેરામજી: જી, હમણાં જ મારા પર ત્યાંથી મહાકવિ લૉર્ડ ટેનિસન, પ્રો. મૅક્સમુલર, અને એક તો હર મૅજેસ્ટી ક્વીન વિક્ટોરિયાનો એમ અભિનંદનના કાગળો આવ્યા છે.

રેં૦ ટેલર: (હસતાં) મને એની ખબર જ હતી. તમે હજી પણ વધારે કીર્તિ સંપાદન કરશો મિ. મલબારી, તમારું ભવિષ્ય હજી ઊજળું છે. મારા અંતરનાં અભિનંદન! ગુડબાઈ!

બહેરામજી: ગુડબાઈ સાહેબ. (થોડી વારે સ્વગત) વૃદ્ધ પણ જ્ઞાનનો શૉખીન, ગુજરાતી વ્યાકરણનો ઘડવૈયો ટેલર...

ભીખીનો અવાજ: બહેરામ! બહેરામ!

બહેરામજી: ઓ...કોણ મારી માડી? હું કોનો સાદ સાંભળું છું? ઓ મા, તું ક્યાં છે?

ભીખી: તું મને નહિ જોઈ શકશે. પણ જો, હજી ખંતીલો રહી અભ્યાસમાં વળગી રહેજે.

બહેરામજી: મા, મા! મારી કવિતાઓનાં યુરોપમાં વખાણ થયાં, ફ્રાન્સમાં તારીફ થઇ, જાપાનમાં...

ભીખી: હજી તારે દેશસેવાનાં ભારી કાર્યો કરવાનાં છે. નીતિવિનોદ, સંસ્કારિકા, અનુભવિકા, એ કાવ્યગ્રંથોથી તારી કીર્તિ હજી વધશે; પરંતુ સંસારસુધારના કામમાં મુસીબતો આવે તો પણ પાછી પાની કરતો નહિ.

બહેરામજી: મા! મા! [થોડી શાંતિ]

•

રેં૦ ટેલર: મિ. મલબારી!

બહેરામજી: કોણ, ટેલર સાહેબ!

રેં૦ ટેલર: હા જુઓ, તમારા 'ગુજરાતના આવિગૌરવ' નામના પ્રગટ થએલા કાવ્ય માટે મુંબાઈ સરકારના કેળવણી ખાતાના વડા અધિકારી મિ. જાઈલ્સે વિલાયત બહુ ખરાબ રિપોર્ટ મોકલ્યો છે.

બહેરામજી: એટલે?

રેં૦ ટેલર: તમને દેશદ્રોહી ઠરાવી તમારા પર કામ ચલાવવા માગે છે.

બહેરામજી: પણ એમાં તો––

રેં૦ ટેલર: હા, પરંતુ—

'હાય કેમ જિવાય પરાધીન આ સ્થિતિમાં

છૂટી પડે અવતાર ગુલામી દેખીતીમાં.'

આ લીટીઓએ ઘમસાણ ઊભું કર્યું છે. ટેમ્પેસ્ટ ઈન એ ટી-પૉટ...

બહેરામજી: ઓહ!

રેં૦ ટેલર: અમારું અંગ્રેજોનું રાજ્ય જશે તો તે આવા સિવિલીઅનોનાં કારણે જ. પણ તમે જરા પણ ચિંતા ન કરશો. ગુડબાઈ!

બહેરામજી: ગુડબાઈ [સ્વગત ધીમેથી] હું ગુજરાતીઓને એક થવા ન કહી શકું? દેશમાં બાળલગ્નો બંધ કરવા ન કહી શકું? ભેદભાવ ભૂલવા હું ન લખી શકું? આ તે કેવી સ્થિતિ!

•

ભીખીનો અવાજ: બહેરામ!

બહેરામજી: ઓ એ જ અંતરસાદ! મા...

મમ્મી: દીકરા, ઈંગ્લંડમાં પારલામેન્ટમાં લૉર્ડ રિપન, લૉર્ડ નૉર્થબ્રુક, લૉર્ડ રે જેવા તારા ખેરખાહોએ આજે ભારે વખાણ કરી તારે માટે જબરદસ્ત બચાવ કર્યો છે. આથી તારી કીર્તિને કે તારા લખાણને કશી આંચ આવશે નહિ. તું બાળલગ્નો અટકાવવાના તારા કાર્યમાં સતત મંડ્યો રહે.

બહેરામજી: ઓ મારી મા...

ભીખી: શાહબાશ! મારા કુળદીપક, મારા રતન! પોતાની સ્થિતિ સારી થઈ તો પણ ગરીબની દાઝ ભૂલ્યો નથી. મદદ કર, હજી પણ વધારે ધનની મદદ કર. ના, ના, ગભરાતો નહિ. તનની આવી મદદ તો કોઈ વિરલા જ કરી શકે. મરકી ફાટી નીકળી છે, નજીકમાં કોઈ કોઈનું સગું નથી, ત્યાં તું એક જ અટૂલો જીવ. લેણ મરકીના સપાટામાં ઊભો સારવાર કરે છે. કર્યે જા, તને કંઈ જ રોગ નહિ થાય.

બહેરામજી: મા! આજ તારી જ છબીની પૂજા કરું છું. તારી મૂર્તિ એટલે 'સેવાસદન'. હિન્દી સ્ત્રીઓના ઉદ્ધાર અર્થે આ સંસ્થા મા, મને એમાં તનમનધનથી મદદ કરનારા દયારામ ગીદુમલ, મા, આ તારી સ્મૃતિમાં એક સેવાનું મંદિર અને બીજું, મા! જે કંઈ વધારાની દોલત છે તે પતિયાળા સ્ટેટમાં, ધરમપુરમાં ક્ષયના કમનસીબ દર્દીઓ માટે સેનેટોરિયમ બાંધવામાં આપું છું.

ભીખી: મારા બહેરામ! બહુ જશનાં કામ ર્યાં. ૧૯૧૦, ૧૯૧૧, ૧૯૧૨...[થોડી શાંતિ]

•

બહેરામ: મા, આજે જુલાઈ મહિનો. તારી પુણ્યતિથિ—પુણ્ય સ્મૃતિનો દિન.

ભીખી: તા. ૧૦—૧૧ જુલાઈ, આજે સીમલામાં...

બહેફામ: મા, તારું સ્મરણ કરી આજે હિંદના વાઈસરૉય લૉર્ડ હાર્ડિંજના ઈજનથી વાઈસરીગલ હાઉસમાં જમવા જાઉં છું.

ભીખી: કેવો મહાન દીપે છે મારો દીકરો! ગ્વાલિયરના મહારાજા છે, સરદાર સર જોગેન્દ્રસિંગ છે, કમાન્ડર ઈન ચીફ સર ઓ'મેર છે. ભોજન સમારંભ પૂરો થયો હવે...યાદ છે? મેં કહ્યું હતું કે તને કશો રોગ નહિ થાય. જમણ પૂરું થયું.–પણ હવે ચાલ દીકરા ઘર ભણી...

•

ભગત: હું ઘરડો ખખ્ખ હજી બેઠો રહ્યો છું? સૂરતના શહેરીઓ! ગઈ કાલે રાતે–૧૧મી જુલાઈએ વાઈસરૉયને ત્યાં ભોજન લીધા પછી બંગલે ગયા, ત્યાં સીમલામાં બહેરામજી મલબારીનું હૃદય એકાએક અટકી જતાં એમનું અવસાન થયું છે.

એક અવાજ: એક દેશસેવક, સંસારસુધારક, ગુર્જર કવિનું અવસાન થયું...

બીજો અવાજ: શહેનશાહ પંચમ જ્યૉર્જ તરફથી, પોતે એક મિત્ર અને ભારતે એક દેશભક્ત ગુમાવ્યાનો દિલસોજીનો તાર છે.

ભગત: ગુજરાતી કવિતાને સમૃદ્ધ કરનાર ઓ કવિજન બહેરામજી મલબારી તમારો આત્મા શાંતિ પામો!

જે આવ્યું તે જાય, જગતમાં જે આવ્યું તે જાય,
આવ્યું જારી, ઉગ્યું કરમારી, નિશ્ચલ નહિ જટકાય;
જે આવ્યું તે જાય.
કીર્તિકારે ચણી શું કરવા, મહાન વીર વિસરાય,
કરવી હોય તો કરી ભલાઈ, એથી જીવ જળવાય;
જે આવ્યું તે જાય.

[આકાશવાણીના સૌજન્યથી]

નવપરિણીત નગીનદાસે કુટુંબનો બોજો વધતાં બચત યોજના શરૂ કરી અને નોકરીએ જતાં-આવતાં બસના પૈસા બચાવવાનું ઠરાવ્યું. રાત્રે ઘેર આવી હાંફતાં હાંફતાં તેમણે પત્નીને કહ્યું, 'આજે બસમાં ન બેસતાં બસની પાછળ જ હું દોડતો દોડતો ઘેર આવ્યો, ને બે આના બચાવ્યા.'

'મૂરખ લાગો છો તમે!' પત્ની તાડૂકયાં; 'એના કરતાં ટૅક્સી પાછળ દોડતા આવ્યા હોત તો બે રૂપિયા બચતને?'

આ માસ (મે) ઇતિહાસમાં: વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: પુશ્કિન

રશિયાનું આધુનિક સંસ્કારજીવન ઘડનાર ચાર જણ: પુશ્કિન, નેક્રાસૉફ, તુર્ગેનેવ ને ટૉલ્સ્ટૉય. તેમાં યે માનવતાના શાયર ઍલૅક્ઝાંડર સર્જિયેવિચ પુશ્કિનનું સ્થાન



નિરાળું છે. બહુ નાના શબ્દભંડોળવાળી, હૃદયમાં છેક ઊતરી જાય એવી સરળતમ એની શૈલી છે. સમાજના નીચલા થર સુધી જ્યારે સાહિત્ય પહોંચતું નહિ ને ઉપલો વર્ગ જર્મન મહાકૃતિઓમાં જ રાચતો ત્યારે તેણે માતૃભાષામાં સાહિત્ય સરજી એને મહત્ત્વના પદે સ્થાપ્યું.

રશિયાના એ સાહિત્ય-આત્માનો જન્મ ઈ. ૧૭૯૯ની ૨૬મી મેએ મૉસ્કોમાં થએલો. અઢારમે વર્ષે એ રશિયાના પરદેશખાતામાં નોકરીએ રહ્યો ત્યારે, તેનું 'રૂસલા આ લી' ફદમીલા' લખાવા માંડેલું, જે ૧૮૨૦માં પૂરું થયું.

સાહિત્યક્ષેત્રમા તેની પ્રતિષ્ઠા થવા લાગી, ત્યારે તત્કાલીન રશિયાના ઍયાશી સમાજમાં એ હળતોભળતો. એના તટસ્થ અવલોકન પછી, સામાન્ય લોકો માટેની અનુકંપાથી પ્રેરાઇને 'સ્વાતંત્ર્ય'નું ગીત લખી એની નકલો સેંટ પીટર્સબર્ગમાં વહેંચી. ઝારના જાસૂસોએ તેની આ પ્રવૃત્તિ પકડી પાડી અને તેને કિશીનેફ ખાતે દેશનિકાલ કરવામાં આવ્યો. અહીં એની શાયરીમાં નવો આતશ ફૂંકાયો. પરિણામે ૧૮૨૨માં 'કૉકેસસનો કેદી' અને ૧૮૨૭મા 'બખ્શીસરાઈનું ઝરણું' બહાર પડયાં.

દેશનિકાલકાળે ઝાર વિરુદ્ધની ગુપ્ત પ્રવૃત્તિઓમાં તે વધુ ને વધુ ભળતો ગયો. અને એવામાં નાસ્તિક વિચારો દર્શાવતો એનો એક પત્ર સરકારને હાથ ચડતાં મિકાઇલોસ્કૉય ખાતે તેને નજરકેદમાં રાખવામાં આવ્યો. આ એકાંતનો લાભ લઈ તેણે જૂની રશિયન કવિતાઓનો ઊંડો અભ્યાસ કર્યો. ૧૮૨૫મા 'બૉરિસ ગોડુનોફ'નું કરુણાન્ત નાટક લખ્યું. બીજી બાજુ એ જ વર્ષે ડેકાબ્રિસ્ટ (ડિસેમ્બર)ના બળવારૂપે ઝારશાહી સામે બંડ થયું. ઍલેક્ઝાંડર પહેલા પછી ગાદીએ આવનાર નિકોલસે પુશ્કિનને માફી આપી અને ફરી પરદેશ કચેરીમાં નીમ્યો.

ઈ. ૧૮૨૯માં પુશ્કિન ફરી કૉકેસસની સફરે ગયો ને તેના બયાનરૂપે 'અર્ઝરૂમની સફર' લખ્યું. ૧૮૩૧માં [illegible] કારોફ સાથે લગ્ન કર્યું ને પરદેશકચેરીમાં પણ તેને બઢતી મળી. ઇ. ૧૮૩૨માં એની કીર્તિદા 'યુજીન ઓનેજિન' પ્રકટ થઈ. લોકહૃદયને આ કૃતિની કક્ષાએ તો કદાચ તુર્ગેનેવ કે ટૉલ્સ્ટૉય પણ નથી પહોંચી શક્યા. એ દ્વારા તેણે જ વિશ્વ-સાહિત્યની આગલી હરોળમાં સ્થાન મેળવ્યું.

ઇ. ૧૮૩૭ના ફેબ્રુઆરીની આઠમીએ આજના લેનિનગ્રાડની ભાગોળમાં જ બૅરન જ્યૉર્જ હેકરન દ આન્થે સાથે તે દ્વંદ્વમાં ઊતર્યો અને ખૂબ જખમી થઈ મૃત્યુને ભેટયો. મનાય છે કે એ દ્વંદ્વની પ્રેરક તેની પત્ની નાતાલિયા જ હતી.

ઈટાલીને દાંતે જર્મનીને ગ અટે ને ઇંગ્લંડને શેક્સપીઅર છે એવો જ રશિયાને પુશ્કિન છે. કરુણ ગીતો, અનનુભૂત જુસ્સો, સર્જક પ્રતિભા ને જોમભરી તેની ભાષાએ આજના રશિયાનું સર્જન કર્યું છે. પદ્યમાં જેમ એનું 'યુજીન ઓનેજિન' તેમ ગદ્યમાં 'કૅપ્ટનની કુંવરી' નવલકથા તથા 'કાળીના રાણી' નવલિકા સર્વોત્કૃષ્ટ છે. એણે જે કંઈ લખ્યું તે લોકોની નાડ સાથે નાડ જોડીને જ લખ્યું છે.

દિનવિશેષ

તા. ૧ સમસ્ત આંતરરાષ્ટ્રના મજૂરોની પ્રવૃત્તિઓ તેમજ ચળવળનું મહાપર્વ 'મે દિવસ'.
તા. ૫ સામ્યવાદના પ્રણેતા જર્મન તત્ત્વજ્ઞાની કાર્લ હાઇન્રિક માર્ક્સનો ટ્રૅવિસ ખાતે જન્મ, ૧૮૧૮.
તા. ૬ અમેરિકાના નિસર્ગપ્રેમી ને સાધુચરિત લેખક હેન્રી ડેવિડ થૉરોનું અવસાન, ૧૮૬૨.
તા. ૯ શાહજહાંએ જહાંગીરની હયાતીમાં 'શહેનશાહ' જાહેર થઇ દિલ્હી પર ચડાઈ કરી, ૧૬૨૨.
તા. ૧૧ પૂર્વી રોમન અને તુર્ક રાજધાની કૉન્સ્ટાન્ટિનોપલ (ઇસ્તન્બુલ)ની સ્થાપના, ૩૩૦.
તા. ૧૪ સાપેક્ષવાદના પ્રણેતા જર્મન-સ્વિસ ભૌતિકશાસ્ત્રી આઇન્સ્ટાઈનનો જન્મ, ૧૮૭૯.
તા. ૧૮ પૃથ્વી હેલીના ધૂમકેતુમાંથી પસાર થઇ, ભૂ-ખગોળશાસ્ત્રની અગત્યની ઘટના, ૧૯૨૦.
તા. ૨૦ અમદાવાદમાં ગાંધીજીએ સત્યાગ્રહાશ્રમ (આજનો હરિજન આશ્રમ) સ્થાપ્યો, ૧૯૧૫.
તા. ૨૪ આકાંક્ષા-આચાર-વિવેકે બ્રિ. સામ્રાજ્યને પોષનાર રાણી વિક્ટોરિયાનો જન્મ, ૧૮૧૯.
તા. ૨૯ ઑલિવર ક્રૉમવેલના મૃત્યુ પછી ઇંગ્લંડમાં રાજાશાહીની પુનઃસ્થાપના થઇ, ૧૬૬૦.

પ્રસંગવિશેષ: યહૂદી રાજ્ય ઈઝરાએલની સ્થાપના તા. ૧૪મી મે ઇ.સ. ૧૯૪૮

બાઇબલના જૂના કરારમાં જેમના આરંભકાળની કથા કહેવાઈ છે તે યહૂદીઓ મૂળ તો ઉત્તર પૅલેસ્ટાઇનની એક પ્રજા. રાજા સૉલોમનના મૃત્યુ પછી તેના પુત્રના શાસનમાંથી મુક્ત થઇ તેમણે પોતાનું એક અલગ રાજ્ય સ્થાપેલું, પણ તેમને અનેક પ્રજાઓએ અનેકવાર જીત્યા, દાબ્યા અને ગુલામો બનાવી વેચ્યા. આખરે યહૂદીઓ આખી દુનિયામાં ઠેકઠેકાણે વિખેરાઈ ગયા. તેમને પોતાનું વતન નહોતું, રાષ્ટ્ર નહોતું. અણનોતર્યા પરદેશી અનિષ્ટ તરીકે તેઓ પ્રત્યે વર્તાવ થતો. આ સ્થિતિમાં પણ તેમણે પોતાની જાતિની ને સંસ્કૃતિની વિશિષ્ટતાઓ જાળવી રાખી, સમૃદ્ધિ મેળવી અને અનેક મહાપુરુષો પેદા કર્યા. વિજ્ઞાન, રાજકારણ, સાહિત્ય, શરાફી વેપારરોજગાર વગેરે સર્વ ક્ષેત્રોમાં તેઓ અગ્રસ્થાને છે. જેરુસલેમને તેઓ ઝિયોન-સ્વર્ગ કહે છે. તેમના આ ઝિયોનમાં ફરી વસવા માટેની તેમની ઝિયોનિસ્ટ ચળવળે ૧૯મી સદીના અંતમાં વસાહતી ચળવળનું સ્વરૂપ ધારણ કર્યું. સંખ્યાબંધ યહૂદીઓ પૅલેસ્ટાઈનમાં જઈ વસ્યા, માતૃભાષા હિબ્રૂનો પુનરુદ્ધાર કરવા માંડયો. અંતે ૧૯૧૭માં બાલ્ફર જાહેરાત દ્વારા, લીગ ઑવ નેશન્સ વતી પૅલેસ્ટાઇનમાં કેટલોક વહીવટ કરતા બ્રિટિશોએ ત્યાં યહૂદીઓનું રાષ્ટ્ર સ્થાપવાનો વિચાર વહેતો કર્યો. પણ આરબો, મુસ્લિમ, ખ્રિસ્તી સૌએ તેનો વિરોધ કર્યો. તે પછીનો ઇતિહાસ તે આરબો અને યહૂદીઓ વચ્ચેના ઝગડાઓનો જ છે. આખરે આ પ્રશ્ન 'યુનો'માં આવ્યો અને પૅલેસ્ટાઈનના ભાગલા કરી યહૂદી ને આરબ બે અલગ રાજ્ય સ્થાપવાનો જે નિર્ણય લેવાયો તેની રૂએ ઇ. ૧૯૪૮ની ૧૪મી મેએ વિભાજિત પૅલેસ્ટાઇનમાં 'ઇઝરાએલ'ના સ્વતંત્ર રાજ્યની જાહેરાત થઇ, જોકે તે પછી પણ સરહદના કેટલાક ઝગડાઓ ને હુમલાઓ ચાલતા રહ્યા. તેનો પણ ૧૯૪૯માં થએલા તહકૂબીના કરારોથી અંત આવ્યો, જે અનુસાર આરબો પાસે રહેલો પ્રદેશ ઇઝરાએલને મળ્યો. ને મૃતસરોવર આખું જૉર્ડન (આરબ રાજ્ય)ને મળ્યું. બેવતન યહૂદીઓનો અહીં હવે અતિશય પ્રસારો થયો ને તેનું આર્થિક તંત્ર ડામાડોળ થઇ ગયું. પણ આ બધી મુસીબતો સામે એ વ્યવહારચતુર પ્રજા લડી લે છે. જાફા, તેલ અલીવ, ગાઝા, નાઝરથ, હૈફા વગેરે જેવાં શહેરો તેમની પાસે છે. યહૂદી, મુસ્લિમ અને ખ્રિસ્તીઓની પુરાણપ્રસિદ્ધ પવિત્ર નગરી જેરુસલેમમાં તેમની રાજધાની છે. પણ આ શહેરનો માત્ર પશ્ચિમ ભાગ જ તેમનો છે. એ સિવાય બાકી રહેલો ભાગ જૉર્ડનના તાબામાં છે.

ઝૂલણા

સાધનો જે મળ્યાં વ્યક્તિને, તેહનો શુભ સમન્વય કરી કાર્ય કરવું;
દિવસ સંધ્યા-ઉષાથી સુહાવાય, તો તારકે રાત્રિનું રૂપ ગરવું.

ખબરદાર


પ્રભુર્વિદ્યાનો અભ્યાસ કરતાં દિલ્હીના બાદશાહ ગ્યાસદ્દીનને હાથે એક છોકરાનો જાન ગયો. તેની ફરિયાદ છોકરાની માતા તરફથી કાજી સિરાજુદ્દીન પાસે જતાં તેણે બાદશાહ સામે હુકમનામું કાઢી બોલાવ્યો ને સામાન્ય ગુનેગાર પેઠે જ સામે ઊભો રાખી ન્યાય તોળ્યો. મુકદ્દમો પતી ગયા પછી એકાંત મળતાં રાજાએ પોતાના પોશાકમાં સંતાડેલી નાની તલવાર કાઢી કાજીને કહ્યું કે 'તેં જો બરોબર ન્યાય ન તોળ્યો હોત તો આજ હું તારો આ વડે શિરચ્છેદ જ કરવાનો હતો'. 'અને'–કાજીએ જવાબ આપ્યો '–તમે જો મારા ન્યાયનો હુકમ ન માનત તો હું પણ આ સોટી વડે તમારા બરડાની બરાબર ખબર લેત! (૨૫)

અનેકાર્થી શબ્દ : **મોદ**=આનંદ; ઈષ્ટ પદાર્થની પ્રાપ્તિથી થતું સુખ; સુગંધ; ગાડીમાં અનાજ ભરતાં પહેલાં પથરાતું કપડું; એ નામનો એક સર્પ; એક છંદ.

કહેવતો : 'દીકરીની મા રાણી, ઘડપણમાં ભરે પાણી.' શરૂનું સુખ પાછળથી દુઃખમાં પરિણમવા માટે વપરાતી આ કહેવતનો અર્થ સ્પષ્ટ છે કે પુત્રીઓ નાનપણમાં બધી ઘેર હોય ત્યારે માને કામકાજની કશી ફિકર ન રહેતાં આરામ રહે; પણ મોટપણે તે બધી સાસરે જતાં–જો પુત્ર ન હોય તો પાછલી અવસ્થાએ વૈતરું કરવાનો વખત આવે.



મધમાખીઓ વિવિધ નૃત્યો દ્વારા વાતચિત કરે છે! શોધક માખીઓ પોતાનાં સાથીઓને ખોરાક તથા વસવાટ માટેની સોઈનાં સ્થળ તથા તે કેટલે દૂર છે તેની વિગતે માહિતી નૃત્યનાં વિવિધ પગલાં વડે આપે છે. કેટલાક વૈજ્ઞાનિકો આ 'ભાષા' શીખી પણ ગયા છે!



અંગ્રેજી કક્કાના ૨૬મા અને છેલ્લા મૂળાક્ષર 'ઝેડ'નું સ્વરૂપ કયે ક્રમે વિકસ્યું તે પહેલી તકતીમાં દર્શાવ્યું છે : ઇજિપ્શ્યન ચિત્રલિપિનું હાયરોગ્લિફિક, હાયરેટિક, ફિનિશ્યન, જૂનું ગ્રીક, જૂનું રોમન અને આધુનિક. બીજી તકતીમાં બતાવ્યાં છે તે એના લેખનમરોડના સ્વરૂપવિકાસનાં રૂપો છે : રોમન, ઍંગ્લો સૅક્સન, ગૉથિક, જૂનું અંગ્રેજી, જર્મન, એન્ગ્રૉસિંગ, ઇટાલિક, ટ્યુડર, વિક્ટોરિયન અને આધુનિક.

કલાકણિકા : તિબેટનું ધૂપદાન

તિબેટ જેવા વેરાન પ્રદેશે પણ આવી ઉત્તમ ધાતુકલા ખીલવેલી.



> સારા અને ખરાબ સંસ્કારમાં માત્ર આટલો ફરક છે : સારા સંસ્કારવાળો બીજાના અધિકારનું 'રક્ષણ' કરે છે; ખરાબ સંસ્કારવાળો પોતાના અધિકાર માટે 'ઝગડો'.
>
> કાર્લાઈલ

વારંવાર નસકોરી ફૂટતી હોય તો દાડમના ફૂલનો રસ છૂંદી નાકમાં પાંચ પાંચ ટીપાં નાંખવાથી મોટે ભાગે બંધ થઇ જશે.

ફોટોગ્રાફો ઉપર પડેલા ડાઘ મેથીલેટેડ સ્પિરિટમાં બોળેલા ચોખ્ખા રૂના પોતા વડે ઘસી કાઢવાથી સાફ થઇ જશે.







'ન્યૂઝીલાંડમાં 'કુમાર' (કે કુમારા?) નામનું ગામ છે એ વાત કુમારના વાચકોને રસ પમાડશે' એમ જણાવી શ્રી ભરતભાઈ કૃ. દેસાઇ તે ગામની છાપવાળી મથાળાની આ ટિકિટ મોકલે છે. તેની નીચે : ગયા મહિને ભારતે બહાર પાડેલી સર જમશેદજી જીજીભાઈની અવસાન શતાબ્દી પ્રસંગની ખાસ ટિકિટ માટેના રદીકરણની આ છાપ પણ શ્રી દેસાઈ એ (સૌપ્રથમ) મોકલે છે.

